કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
મતદાનની પવિત્ર ફરજ નિભાવીએ
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૫ એપ્રિલ, ૨૦૨૬ શનિવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
માંડવી તાલુકાના સિરવા, મેરાઉ, ગોધરા, મોટા લાયજા, ભીરસરા, બાડા, જનકપર, બાયડ, પદમપર, કાઠરા, દુર્ગાપુર, રાયણ, કોડાય, ડોણ, રતાડીયા, તલવાણા, નાની ખાખર, મસ્કા, ગુંદીયાળી, બિદડા, વાડા, ભાડાઈ, ફરાદી, પુનડી, જખણીયા, આસંબીયા, પીપરી, ભાડીયા, તથા આસપાસના વિસ્તારોમાં સકર્ર્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
અમરભાઈ વાઢાઃ 98790 14187
કલ્યાણ કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, માંડવી-કચ્છ.

◆અંક નંબર : ૨૯૯◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૪ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ વૈશાખ સુદ - ૯ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

### આજે ઈસ્લામાબાદમાં વાતચીતનો બીજો તબક્કો

# ઈરાન-અમેરીકા વચ્ચેની વાટાઘાટો સફળ થશે?

નવી દીલ્હી : મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધવિરામ વચ્ચે, ઈરાન અને અમેરિકા શનિવારે પાકિસ્તાનમાં શાંતિ વાટાઘાટોનો બીજો રાઉન્ડ યોજવા સંમત થયા છે.ઈરાનની રાજ્ય સમાચાર એજન્સી IRNA અનુસાર, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ બીજા રાઉન્ડની વાતચીત માટે તેમના રાજદૂતો, સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરને મોકલી રહ્યા છે, જ્યારે ઈરાનનું પ્રતિનિધિત્વ વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી કરશે.આ વાટાઘાટો ઈરાન-હિઝબુલ્લાહ યુદ્ધવિરામને ત્રણ અઠવાડિયા માટે લંબાવવામાં આવ્યાના એક દિવસ પછી થઈ રહી છે.જોકે, ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલી હુમલા પછી શરૂ થયેલ યુદ્ધ હજુ પૂરું થયું નથી તેવું લાગે છે.ઈરાની પ્રતિનિધિઓ સાથે વાત કરવા માટે યુએસ રાજદૂતો – વ્હાઈટ હાઉસ વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે રાજદૂતો ઈરાની પ્રતિનિધિઓ સાથે સામ-સામે વાટાઘાટો કરશે, પરંતુ ઈરાની રાજ્ય મીડિયાએ જણાવ્યું હતું કે સીધી વાટાઘાટોની કોઈ યોજના નથી.વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે ફોક્સ ન્યૂઝને જણાવ્યું હતું કે બંને રાજદૂતો અરાઘચી સાથે વાટાઘાટો કરશે. લેવિટે કહ્યું, “અમને આશા છે કે આ એક ઉત્પાદક વાતચીત હશે અને આશા છે કે તે કરાર તરફ પ્રગતિ તરફ દોરી જશે.” તેમણે ઉમેર્યું કે ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ ઈસ્લામાબાદ જશે નહીં, પરંતુ વાટાઘાટોમાં સંપૂર્ણ રીતે સામેલ રહેશે.



ઈરાનના એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે પાકિસ્તાનમાં રોકાયા પછી, અરાઘચી યુદ્ધનો અંત લાવવાના પ્રયાસો પર ચર્ચા કરવા માટે ઓમાન અને રશિયાની મુલાકાત લેશે.

ઈસ્લામાબાદમાં આ વાટાઘાટોનો બીજો રાઉન્ડ છે. ૧૧-૧૨ એપ્રિલના રોજ યોજાયેલી પ્રથમ રાઉન્ડની વાતચીત અનિર્ણિત રહી. ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચેની વાટાઘાટો ત્રણ મુખ્ય મુદ્દાઓ પર મતભેદોને કારણે નિષ્ફળ ગઈ: તેહરાનનું અત્યંત સમૃદ્ધ યુરેનિયમ અને તેનું પરમાણુ ભવિષ્ય, હોર્મુઝ સ્ટ્રેટનું ફરીથી ખોલવું અને લેબનોનમાં ઈઝરાયલનું યુદ્ધ.

અનુસંધાન પાના નં.૪ પર

## યુક્રેન યુદ્ધમાં મૃત ભારતીય સૈનિકો બાબતે કેન્દ્રએ સુપ્રીમને આપી માહીતી

ન્યુદિલ્હી : કેન્દ્ર સરકારે શુક્રવારે સુપ્રીમ કોર્ટને જાણ કરી કે રશિયા-યુક્રેન યુદ્ધમાં રશિયન સેના તરફથી લડતા ૧૦ ભારતીયો મૃત્યુ પામ્યા છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વિપુલ એમ પંચોલીની બનેલી બેન્ચે કહ્યું કે પરિસ્થિતિને “સાવધાનીપૂર્વક અને કાર્યક્ષમ રીતે” સંભાળવાની જરૂર છે કારણ કે યુદ્ધ ક્ષેત્રમાંથી મૃતદેહો પાછા લાવવા અત્યંત મુશ્કેલ હોઈ શકે છે.કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ (અજઋ) ઐશ્વર્યા ભાટીએ બેન્ચને ૧૦ ભારતીયોના મૃત્યુ વિશે માહિતી

અનુસંધાન પાના નં.૪ પર

## પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાની ચૂંટણી પૂર્વે જ ફરી ED ત્રાટકી : ૯ સ્થળોએ દરોડા

**રાશન કૌભાંડ-મની લોન્ડરીંગ પ્રકરણમાં કોલકતા સહિતના શહેરોમાં કાર્યવાહી**

કોલકતા : પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાના મતદાન પૂર્વે એનફોર્સમેન્ટ ડીરેક્ટોરેટ (ઈડી) દ્વારા ફરી મોટાપાયે દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રાશન કૌભાંડ સાથે સંકળાયેલા મની લોન્ડરીંગ કેસમાં કોલકતા સહિતના શહેરોમાં સાથે ટીમો ત્રાટકી હતી.ઈડીના સૂત્રોએ કહ્યું કે કોલકતા, બર્દવાન તથા હાબરામાં ૯ સ્થળોએ દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ લોકો રાશન કૌભાંડમાં સપ્લાયરો તથા એક્સપોર્ટરો સાથે કનેકશન ધરાવે છે. રાશન કૌભાંડ-ગેરરીતિ તથા તેની નાણાંકીય લેવડદેવડની તપાસમાં ભાગરૂપે જ આ કાર્યવાહી કરવામાં આવી છે. તપાસનીશ ટીમો દ્વારા જુદા-જુદા સ્થળોએ દસ્તાવેજો તથા નાણાંકીય વ્યવહારોની ચકાસણી કરવામાં આવી રહી છે. કેટલાંક દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે.

## શકિત વિના કંઈ થતું નથી : ભાગવત

**વિશ્વના પ્રથમ ‘ભારતદુર્ગા મંદિર’નો શિલાન્યાસ**

નાગપુર : સંઘ પ્રમુખ મોહન ભાગવતે નાગપુરમાં ‘ભારતદુર્ગા મંદિર’નો શિલાન્યાસ કર્યો. તેમણે કહ્યું કે શક્તિ વિના સત્ય પણ સ્થાપિત થઈ શકતું નથી. આ કાર્યક્રમમાં અનેક સંતોએ હાજરી આપી હતી અને ભારતને મજબૂત, આત્મનિર્ભર અને ‘વિશ્વ ગુરુ’ બનાવવાનો સંદેશ આપ્યો હતો.રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે નાગપુરમાં વિશ્વના પ્રથમ ‘ભારતદુર્ગા



મંદિર’ના શિલાન્યાસ સમારોહમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે અનેક અગ્રણી ધાર્મિક નેતાઓ અને સંતો હાજર રહ્યા હતા, જેમાં ગુરુશરણાનંદ મહારાજ, શ્રી જુના અખાડાના આચાર્ય મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદ ગિરી, સ્વામી ગોવિંદ દેવગિરી મહારાજ, સ્વામી મિત્રાનંદ મહારાજ, સાધ્વી ઋતંબરા દેવી અને બાગેશ્વર ધામના ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનો સમાવેશ થાય છે.

## અમેરિકાનો હવે ચીનને ઝટકો

**મોટી રિફાઈનરી-૪૦ નિકાસકારો પર પ્રતિબંધ : ઈરાની ક્રુડ સાથે જોડાયેલા વ્યવસાયિકોને નિશાન બનાવ્યા**

તહેરાનઃ ટ્રમ્પ સરકારે ઈરાનની આર્થિક કરોડરજ્જુ તોડવા માટે એક અત્યંત મહત્ત્વનો નિર્ણય લીધો છે. અમેરિકાએ ચીન સ્થિત એક અગ્રણી ઓઈલ રિફાઈનરી અને ઈરાની ઓઈલના પરિવહન સાથે જોડાયેલી અંદાજે ૪૦ જેટલી શિપિંગ કંપનીઓ અને ટેક્રો પર આર્થિક પ્રતિબંધો લાદી દીધા છે. આ પગલું ઈરાનના મહેસૂલના મુખ્ય સ્ત્રોતને સંપૂર્ણપણે ખતમ કરવાના વ્યાપક અભિયાનનો એક ભાગ માનવામાં આવે છે.

આ પ્રતિબંધોમાં ડાલિયાન બંદર ખાતે આવેલી ચીનની સૌથી મોટી

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યસભામાં સમિકરણો બદલાયા : ૭ સાંસદોના પક્ષપલટા બાદ ભાજપ પાવરફુલ બની

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આમ આદમી પાર્ટીના સાત સાંસદો પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા બાદ રાજ્યસભામાં સમિકરણો બદલાઈ ગયા છે. સાતેય સાંસદોના પક્ષપલટા બાદ રાજ્યસભામાં ભાજપ પાવરફુલ બની ગઈ છે. રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાએ પ્રેસ કોન્ફરન્સ કરીને અન્ય બે સાંસદો સાથે આપ છોડવાની જાહેરાત કરી છે. તેમની સાથે રાજ્યસભાના સાંસદ સંદીપ પાઠક અને અશોક મિત્તલે પણ પાર્ટી છોડી દીધી છે અને ત્રણેય નેતાઓએ ભાજપમાં જોડાવાની જાહેરાત કરી છે. આમ આદમી પાર્ટીમાં આ અત્યાર સુધીની સૌથી મોટી તિરાડ છે.તાજેતરના આંકડા મુજબ, ભાજપ પાસે રાજ્યસભામાં ૧૦૬ સભ્યો છે. જેમાં આપના ૭ પક્ષપલટુ સાંસદો ઉમેરાયા બાદ ભાજપની સંખ્યા વધીને ૧૧૩ થઈ ગઈ છે. આ પક્ષપલટાથી રાજ્યસભામાં ભાજપ મજબૂત થઈ છે, સાથે જ આગામી કાયદાકીય એજન્ડાની દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. ભાજપને પક્ષપલટુઓનો સાથ મળતા મજબૂત તો થયું જ છે, સાથે તેમના સાથી પક્ષોના સહયોગના કારણે પણ આ સંખ્યાને મજબૂતી આપી છે. હાલ ભાજપના નેતૃત્વ હેઠળના NDAમાં સાથી પક્ષોના સાંસદો સહિત કુલ ૧૩૬ સાંસદો છે અને હવે સાત સાંસદોના પક્ષપલટા બાદ આ સંખ્યાબળ ૧૪૩ પર પહોંચી ગયું છે. સામાન્ય રીતે આ સભ્યો અનેક મહત્વના ખરડાઓ દરમિયાન સરકારનું સમર્થન કરતા રહ્યા છે, જેનાથી સત્તા પક્ષને વ્યૂહાત્મક સરસાઈ મળે છે.રાજ્યસભામાં બહુમતીનો આંકડો પાર કરવો દ્ભઢ્ઢછ માટે હંમેશા પડકાર રહ્યો છે. લોકસભામાં મજબૂત બહુમતી હોવા છતાં, ઉપલા ગૃહમાં સંખ્યા ઓછી હોવાને કારણે ઘણી વખત સરકારે વિપક્ષ સાથે તાલમેલ બેસાડવો પડતો હતો, પરંતુ હવે ૧૧૩ના આંકડા સુધી પહોંચવાથી સરકાર માટે બિલ પાસ કરાવવું સરળ બની શકે છે.

## વોટિંગ મહત્તમ વધારવા માટે ભાજપ નેતાગીરીનો વ્યૂહઃ ગ્રૂપ મીટિંગ્સ પર ભાર

**મતદાનનાં દિવસે જે મતદારો કમિટેડ છે તે તો ભાજપને જ વોટ આપવાનાં છે, પરંતુ અન્યો પણ મહત્તમ મતદાન કરવા બહાર નીકળે તે આવશ્યક છે : કાર્યકરોનો ઉત્સાહ વધારવા અને ગરમી હોવા છતાં વધુમાં વધુ મતદાન કરાવી લીડ વધારવા કવાયત**

ગાંધીનગર : મ્યુનિ.ની સામાન્ય ચૂંટણીનાં પ્રચારનાં પડઘમ શાંત પડ્યા છે. પ્રચાર દરમિયાન મતદારોનો વ્યાપક પ્રતિસાદ જોઇ શહેર ભાજપ નેતાગીરીએ છેલ્લા બે ચાર દિવસથી તમામ વોર્ડમાં ગ્રૂપ મીટિગ્સ ઉપર ભાર મૂકી બૂથ લેવલથી લઈને વોર્ડ સંગઠનનાં હોદ્દેદારોને મહત્તમ વોટિગ કરાવવા વ્યૂહ અમલી કર્યો છે.ભાજપનાં સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, મ્યુનિ.ની સામાન્ય ચૂંટણી માટે રવિવારે મતદાન યોજાવાનું છે અને ચૂંટણી આચારસંહિતા અનુસાર, શુક્રવાર સાંજથી જાહેર પ્રચારનો અંત આવ્યો છે. છેલ્લા પંદરેક દિવસથી ચૂંટણી પ્રચાર દરમિયાન ગરમીનું પરિબળ મહત્ત્વનું સાબિત ન થાય તે માટે ભાજપ નેતાગીરીએ વિવિધ સ્તરનો વ્યૂહ અમલી કર્યો છે. અલબત્ત, મતદારોનો પ્રતિસાદ ભાજપ નેતાગીરીને પ્રોત્સાહરૂપ જણાઇ રહ્યો છે તેમ છતાં આગેવાનોનું માનવુ છે કે, મતદાનનાં દિવસે જે મતદારો કમિટેડ છે તે તો ભાજપને જ વોટ આપવાનાં છે, પરંતુ અન્યો પણ મહત્તમ મતદાન કરવા બહાર નીકળે તે આવશ્યક છે. આ પરિસ્થિતિને અપવનાવા માટે નેતાગીરીએ તમામ ધારાસભ્યો, પૂર્વ કોર્પોરેટરો, વોર્ડ સંગઠનનાં હોદ્દેદારો, અન્ય અગ્રણીઓ તેમજ નાનામાં નાના કાર્યકરોને ખાસ જવાબદારી સોંપી છે.ભાજપનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ નેતાગીરીએ તો છેલ્લા કેટલાક દિવસથી ગરમીનાં કારણે સવાર અને સાંજ પ્રચાર બાદ મોડી રાત સુધી સોસાયટીઓમાં ગ્રૂપ મીટિગ્સનો ધમધમાટ શરૂ કરાવી દીધો હતો. જેમાં વિવિધ રાજ્યોનાં જુદા જુદા સમાજનાં મતદારો માટે જે-તે સમાજનાં આગેવાનોને કામે લગાડાયા છે. ખોખરા જેવા વિસ્તારમાં દક્ષિણ ભારતીયોની ખાસી વસતિને ધ્યાને લઇ તામિલ ભાષામાં પોસ્ટર બેનર લગાવવાની સાથે મીટિગ પણ તામિલ

અનુસંધાન પાના નં.૪ પર

## કાલે મતદાન છે પણ માહોલ નથી : નિરસતા કેમ?



**રાજકીય પક્ષોએ પ્રચાર કર્યો પણ પ્રજાએ કોઇ ઉત્સાહ ન બતાવ્યો : કાલે પ્રજાને પોતાના ગમા - અણગમા - અસંતોષ - આક્રોશ વગેરે વ્યકત કરવાનો છેલ્લો મોકો બિનલોક - શાળી રીત રસમોથી પ્રજા કંટાળીઃ કાલે મતદાન નિરસ રહેશે**

નવી દિલ્હી : ગુજરાતમાં કાલે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે મતદાન છે પણ ચૂંટણી હોય એવો માહોલ જ નથી. ગુજરાતની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતો ઉપરાંત ૧૧ નપાઓની ખાલી પડેલી ૧૩ બેઠક માટે રવિવારે થનારા મતદાનમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એ ત્રણ પક્ષો વચ્ચે મુખ્ય જંગ છે. આ સિવાય બીજા નાના નાના પક્ષો અને અપક્ષો પણ મેદાનમાં છે.રાજકીય પક્ષોના અને અપક્ષ ઉમેદવારો તો ચૂંટણીમાં ઊભા રહ્યા એટલે પ્રચાર કરવો જ પડે તેથી એ બધા પોતાની રીતે મથ્યા કરે છે પણ સામાન્ય પ્રજામાં કોઈ ઉત્સાહ નથી. બધા મળીને ૨૫ હજારથી વધારે ઉમેદવારો મેદાનમાં છે બધાંના સો-સો સમર્થકો ગણીએ તો લગભગ ૨૫ લાખ જેટલા લોકો ચૂંટણીમાં સક્રિય છે તેથી થોડો ઘણો માહોલ લાગે પણ આ માહોલમાં સામાન્ય મતદારોની બહુ ભાગીદારી હોય એવું દેખાતું નથી.આ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી પછી સૌથી મોટી છે. રાજ્યની તમામ જિલ્લા પંચાયતો માટે મતદાન છે તેથી રાજ્યના તમામ મતદારો મતદાન કરશે એ જોતાં તેનો વ્યાપ તો લોકસભા અને વિધાનસભાની ચૂંટણી જેવો જ છે. ગુજરાતમાં આવતા વરસે એટલે કે ૨૦૨૭ના નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી છે. એ પહેલાં રાજકીય પક્ષો માટે આખા રાજ્યમાં પોતાની તાકાતનાં પારખાં કરવાની આ છેલ્લી તક છે ને લોકો માટે પણ વિધાનસભાની ચૂંટણી પહેલાં પોતાના ગમા-અણગમા, અસંતોષ, આક્રોશ વગેરે વ્યક્ત કરવાનો આ છેલ્લો મોકો છે.આ સંજોગોમાં આખું ગુજરાત ચૂંટણીમય બની જવું જોઈએ પણ તેના બદલે સામાન્ય જનતા તો પોતાને ચૂંટણી સાથે કંઈ નિસ્બત જ ના હોય એ રીતે વર્તી રહી છે. ગુજરાતમાં સ્કૂલોમાં વેકેશન પડી ગયું છે તેથી બહુ મોટી સંખ્યામાં લોકો પરિવારો સાથે વેકેશન માણવા ઉપડી ગયા છે. મતદાન દરેક મતદારની ફરજ છે એવા મોટા મોટા દાવા થાય છે ને પોતાની ફરજ નિભાવવા માટે મતદાન ફરજિયાત કરવાની અપીલો પણ થાય છે પણ મતદારોને તેમાં કોઈ રસ જ ના હોય એવું લાગી રહ્યું છે. ગુજરાતમાં કાળઝાળ ગરમી પડવા માંડી છે તેની પણ થોડીઘણી અસર હશે પણ મુખ્ય કારણ તો મતદારોની નિરસતા જ છે.મતદારોની નિરસતા ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં પણ દેખાઈ છે. પ. બંગાળ અને તમિળનાડુ જેવાં રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં ૯૦ ટકાની આસપાસ બમ્પર વોટિગ થયું છે ત્યારે ગુજરાતમાં ઉમરેઠ બેઠક પર ૫૯ ટકા મતદાન થયું. ૨૦૨૨ની ચૂંટણી વખતે ઉમરેઠ

અનુસંધાન પાના નં.૪ પર

## રાજકોટ સહિત ચાર એરપોર્ટને ‘ઇન્ટરનેશનલ હબ’ બનાવાશે



(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : દુબઈ, દોહા, સિંગાપોર તથા ફ્રેંક ફર્ટ જેવા વિદેશી એરપોર્ટની જેમ પ્રવાસીઓના નિર્વિઘ્ન સરળ ટ્રાન્સફર માટે ભારતમાં પણ રાજકોટ સહિત ચાર વિમાની મથકોને ઈન્ટરનેશનલ હબ બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી છે. દિલ્હી એરપોર્ટ પર ૧લી જુનથી પ્રોજેક્ટ ચાલુ થઈ જશે, રાજકોટ સહિત અન્ય ત્રણ વિમાની મથકોએ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

ઈન્ટરનેશનલ હબ બનાવવા માટે હબ એન્ડ સ્પોક મોડલ વિકસાવવામાં આવે છે જે લાગૂ થઈ ગયા બાદ વિમાની પ્રવાસીઓ સુવ્યવસ્થિત વ્યવસ્થા હેઠળ જુદા-જુદા શહેરોમાંથી આવીને વિશ્વના દેશોની ફલાઈટ પકડવા અન્ય એરક્રાફ્ટમાં પહોંચી શકશે.

### તિકડમ !

– દેવેન વ્યાસ



**આ રવિવારે આરામ નહિં, મતદાન કરી નાગરીક તરીકેની પવિત્ર ફરજ બજાવશું !**

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં EVM ડિસ્પેચિંગની કામગીરી સંપન્ન

ગાંધીનગરઃઆગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના સુચારુ સંચાલન માટે ગાંધીનગર વહીવટી તંત્ર દ્વારા આખરી ઓપ આપ વામાં આવ્યો છે. આ ચૂંટણી પ્રક્રિયાના ભાગરૂપે આજરોજ સવારથી જ ગાંધીનગર, કલોલ, માણસા અને દહેગામ ખાતે જડબેસલાક પોલીસ બંદોબસ્ત વચ્ચે ઈફસ મશીન અને અન્ય ચૂંટણી સામગ્રીના ડિસ્પેચિંગ તેમજ રિસીવિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી અધિકારીઓના



સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લાના ચારેય તાલુકા મથકો પર વહેલી સવારથી જ પોલિંગ સ્ટાફ અને સુરક્ષાકર્મીઓની અવરજવર શરૂ થઈ ગઈ હતી. સંવેદનશીલ ગણાતી આ પ્રક્રિયાને ધ્યાને રાખીને લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

અનુસંધાન પાના નં.૪ પર

## યુપીના રાજયપાલ ગુજરાતના પ્રવાસે

**આનંદીબહેન પટેલ ખોડલધામ પહોંચ્યા : ટ્રસ્ટીઓએ આપ્યો આવકાર**



ગાધીનગર : ઉત્તર પ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલ આજ રોજ ગુજરાતના પ્રવાસે આવી પહોચ્યા છે. આજ રોજ તેઓ ખોડલધામ પહોચયા છે. સહ પરીવાર ખોડલધામ પહોચેલા આનંદીબેન પટેલને ટ્રસ્ટીગણ દ્વારા આવકાર આપવામાં આવ્યો હતો.

## આપના ૫૦ ધારાસભ્યો પણ પાર્ટી છોડશે ! કોંગ્રેસે આપના ટેન્શનમાં વધારો કરતો દાવો કર્યો

નવીદિલ્હી : આમ આદમી પાર્ટી હાલ ભારે મુશ્કેલીમાંથી પસાર થઈ રહી છે. છછના ટોચના નેતા રાઘવ ચઢ્ઢા, સ્વાતિ માલીવાલ, હરભજન સિંહ સહિત સાત સાંસદો કેજરીવાલનો સાથ છોડીને ભાજપમાં સામેલ થઈ ગયા છે, જેના કારણે રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે કોંગ્રેસે આપના ટેન્શનમાં વધારો કરતો દાવો કર્યો છે. પંજાબ કોંગ્રેસ અધ્યક્ષ અમરિંદર સિંહ રાજા વડિંગે દાવો કર્યો છે કે, માત્ર સાત સાંસદો જ નહીં, ૫૦ ધારાસભ્યો પણ આમ આદમી પાર્ટી છોડી શકે છે. તેમણે કહ્યું કે, જ્યારે પૈસા વિચારધારા પર હાવી થાય, ત્યારે આવું જ થાય છે.પંજાબ કોંગ્રેસના નેતા વડિંગએ કહ્યું કે, ‘હું તો એમ કહ્યું છું કે, આમ આદમી પાર્ટી સાવધાન રહે. એવું ન બને કે, તમારા ૫૦ ધારાસભ્યો એક જ દિવસમાં પક્ષ બદલી નાખે. આ તો માત્ર સાંસદો ગયા છે. જ્યારે પાર્ટી કોઈપણ નિયમો બનાવ્યા વગર નિર્ણયો લે છે, પાર્ટી પાસે વિચારધારા હોતી નથી અને તમે નાણાં લઈને રાજ્યસભા મેમ્બર બનાવી તેઓ પાસે કામની મદદ લો છો, તો પક્ષપલટો થવો સ્વાભાવિક છે.’પંજાબ કોંગ્રેસ અધ્યક્ષે વધુમાં કહ્યું કે, ‘મને ચિંતા છે કે, કંઈક આવી જ રીતે ધારાસભ્યો ન ભાગી જાય. કારણ કે અનેક ધારાસભ્યોને ડર છે, કેટલાક પાર્ટીથી નારાજ છે. હું સમજું છું કે, આમ આદમી પાર્ટી સાથે જે બન્યું તે જોઈને અન્ય પક્ષોએ શીખવું જોઈએ. પાર્ટી છોડનારા આ સાંસદોને પંજાબમાં કોઈ ઓળખતું નથી. જ્યારે તેમને સાંસદ બનાવાયા હતા તો લોકોએ તેમના નામ પણ સાંભળ્યા ન હતા.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....

**વૈશાખ સુદ-૯, તા.૨૫ એપ્રિલ, શનિવાર**

# આપને ઝટકો : ભાજપને લાભલાભ

## રાઘવ ચઢ્ઢા સહિતનાઓના આપમાથી રાજીનામા-ભાજપમાં જોડાવાના નિર્ણય

રાઘવ ચઢ્ઢા અને ૬ અન્ય રાજ્યસભા સાંસદોના ભાજપમાં જોડાવાથી ની રાજ્યસભામાં સંખ્યા ૧૦માંથી માત્ર ૩ રહી ગઈ છે. આ પગલાથી નું સંસદીય પ્રભાવ ઘટશે અને ખાસ કરીને પંજાબની રાજનીતિ પર સીધી અસર પડશે.રાજ્યસભામાં સંખ્યાબળ પર અસર પડશે. આપ પાસે કુલ ૧૦ રાજ્યસભા સાંસદ હતા, જેમાંથી ૭ સાંસદોએ ભાજપમાં જોડાવાનો નિર્ણય કર્યો.બાકી માત્ર ૩ સાંસદ સાથે રહ્યા છે, એટલે કે હવે રાજ્યસભામાં ખૂબ નબળી સ્થિતિમાં છે.નેભાજપને રાજ્યસભામાં વધારાનો ફાયદો મળશે. કારણ કે આ સાંસદો હવે તેમના પક્ષમાં ગણાશે. પંજાબ પર રાજકીય અસર પડશે. કારણ કે રાજીનામુ આપી અને ભાજપમાં જોડાયેલા ૭માંથી ૬ સાંસદો પંજાબમાંથી ચૂંટાયેલા હતા. એટલે કે પંજાબમાં ની સંસદીય હાજરી લગભગ ખતમ થઈ ગઈ છે.આ પગલાથી આપની પંજાબ સરકાર પર દબાણ વધશે, કારણ કે હવે રાજ્યસભામાં પંજાબના પ્રતિનિધિત્વનો મોટો હિસ્સો ધરાવે છે.આપની છબી પર અસર પડશે. પંજાબમાં આપને ૨૦૨૨માં મોટી જીત મળી હતી, પરંતુ હવે સાંસદોની તરફની વળાંકથી પક્ષની એકતા અને વિશ્વસનીયતા પર પ્રશ્નો ઊભા થયા છે.સંસદીય ગતિશીલતા- (દસમી અનુસૂચિ) મુજબ, જો બે-તૃતીયાંશ સાંસદો પક્ષ છોડે તો તેઓને અયોગ્ય ઠરાવવામાં નથી આવતા. આ જ જોગવાઈ-છટકબારીનો ઉપયોગ કરીને ૭ સાંસદોએ ભાજપમાં જોડાયા. હવે રાજ્યસભામાં મહત્વના બિલો, ચર્ચાઓ અને વિરોધમાં આપ નબળી પડી જશે, કારણ કે સંખ્યાબળ ઘટી ગયું છે.ને ભાજપને રાજસભામાં વધુ મજબૂતાઈ મળશે, ખાસ કરીને ત્યારે જ્યારે સરકારને મહત્વના કાયદા પસાર કરવા માટે સંખ્યાબળની જરૂર પડે છે.આપ માટે આ ખુબ મોટો રાજકીય ઝટકો જ કહી શકાય તેમ છે. રાજ્યસભામાં લગભગ અસ્તિત્વ ખતમ.

# રાપર તાલુકામાં ચૂંટણી માટે તંત્રની આખરી તૈયારી પૂર્ણ




ગાંધીધામ - કચ્છઉદય : ૨૬મી એપ્રિલના યોજાનાર જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે વહિવટી તંત્ર દ્વારા આખરી તૈયારી કરી લીધી છે. રાપર મોડર્ન સ્કૂલ ખાતે ચુંટણી પ્રક્રિયા માટે વહિવટી તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારી કરી લીધી છે.

પ્રાંત અધિકારી જે.આર. ગોહિલે જણાવ્યું હતું કે, રાપર મોડર્ન સ્કૂલ ખાતે ઈવીએમ પ્રિપેરેશન અંગે તાલીમ શિબિર તથા રાપર તાલુકાના ૧૯૯ મતદાન કેન્દ્ર પર મતદાન પ્રક્રિયા માટે ચોવીસ એસટી રૂટ બનાવવામાં આવ્યા છે. તમામ મતદાન કેન્દ્ર પર પોલીસ, જીઆરડી, હોમગાર્ડનો બંદોબસ્ત રાખવામાં આવશે. મતદાન દરમિયાન અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. તાલુકા મામલતદાર એચ.બી. વાઘેલા, તાલુકા વિકાસ અધિકારી ખોડુભા વાઘેલા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સામતભાઈ વસરા, નાયબ મામલતદાર બી.ડી. કોરાટ, અજયપાલસિંહ ઝાલા, વિશાલ મહેશ્વરી, ધ્રુવભાઈ સોલંકી, રામજીભાઈ રબારી, આશિષ પટેલ, દિવ્યરાજસિંહ રાણા સહિતના ચુંટણી ફરજ પરના તમામ અધિકારીઓએ મુલાકાત લઈ નિરિક્ષણ કર્યું હતું. સંવેદનશીલ મતદાન મથકો પર પોલીસ એસઆરપીનો બંદોબસ્ત રાખવામા આવશે.

# રાપરમાં ચાંદલાની ચોપડી માંગતા મારામારી

રાપર - કચ્છ ઉદય : લગ્ન પ્રસંગે ચાંદલો લખવામાં આવે છે. આ ચાંદલાની રકમ લખેલી ચોપડી માંગતા રાપરમાં મામલો મારામારી સુધી પહોંચ્યો હતો. ફરિયાદી રવજીભાઈ મેપાભાઈ મક્વાણાના જણાવ્યા પ્રમાણે તેમની બહેનના લગ્નના ચાંદલાની ચોપડી માંગતા આરોપી મેપાભાઈ ખોડાભાઈ કોલી, હેતલબેન સુગડાજી ખવાસે ઉસ્કેરાઈને ઝઘડો કરી આરોપી મેપાભાઈએ ધારીયો મારવાનો પ્રયાસ કરી મુઢ ઈજાઓ પહોંચાડી હતી. જેથી રાપર પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

# નાના વરનોરાનો શખ્સ બંદૂક સાથે પકડાયો



ભુજ - કચ્છ ઉદય : તાલુકાના નાના વરનોરા ગામે રહેતા સુલ્તાન સુમાર મેરને બંદૂક સાથે ઝડપી લેવામાં આવ્યો હતો.

એલસીબીએ સિંગલ બેરલ દેશી બનાવટની બંદૂક કબજે કરી હતી. આધાર-પુરાવા ન હોવાથી ગુનો દાખલ કરાયો હતો.

## મેઘપર નાની સિંચાઈ ડેમ વિસ્તારમાં ચોરી કરવા આવેલા શખ્સો ભાગ્યા

ભુજ - કચ્છ ઉદય : તાલુકાના મેઘપર ગામે આવેલ સરદાર સરોવર નાની સિંચાઈ યોજનાના ડેમના નહેરના હોજમાંથી ચોરી કરવા આવેલા શખ્સો ભાગી ગયા હતા. રાત્રિના દોઢ વાગ્યાના અરસામાં આ બનાવ બન્યો હતો. ફરિયાદી શિવજીભાઈ કેસરાભાઈ હાલાઈના જણાવ્યા પ્રમાણે તેમણે અને મેઘેશ્વર મહાદેવ મંદિરના ટ્રસ્ટીઓએ વાડીમાં પીયત માટે એડમન નાની સિંચાઈ ડેમના હોજમાંથી મોટર અને કેબલ લગાવ્યા હતા. જેમાંથી ફરિયાદીની વાડીમાં પીયત માટે હોજમાં લગાવેલ મોટર અને કેબલને બહાર કાઢવાનો પ્રયાસ કરી કેબલને જમીનમાંથી બહાર કાઢી ચોરી કરવાનો પ્રયાસ કરાયો હતો. ફરિયાદી પહોંચી ગયા અને રાડારાડ કરતા આરોપીઓએ મુદ્દામાલ મુકીને ભાગી ગયા હતા. જે અંગે માનકૂવા પોલીસે ગુનો દાખલ કર્યો છે.

# શિણાયમાં તળાવના ખાડામાં ડૂબી જતા પિતા-પુત્રનું મોત

**અતિશય ગરમીના કારણે ન્હાવા ગયા ત્યારે બન્યો બનાવ : ખાનગી એજન્સીના માણસો કામ આવ્યા, સરકારી તંત્ર નિષ્ફળ**

### ખાડો તળાવનો કે ખાણનો ?

સ્થાનિકોના કહેવા પ્રમાણે શિણાય નજીક સ્ટોન ક્રશર પ્લાન્ટના ખાડામાં આ બનાવ બન્યો હતો. ખાણ કામના ખાડામાં બનાવ બન્યો હોવાનું લોકો કહી રહ્યા છે. જોકે, આદિપુર પોલીસે બનાવ સ્થળ તળાવનો ખાડો બતાવ્યો છે ત્યારે ખરેખર હકીકત શું છે તેની તટસ્થ તપાસ કરવી જોઈએ તેમ જાણકાર લોકો કહી રહ્યા છે.

ગાંધીધામ - કચ્છ ઉદય : તાલુકાના શિણાય ગામે આવેલા તળાવના ખાડામાં ડૂબી જતા પિતા-પુત્રના મોત થયા હતા. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ અતિશય ગરમીના કારણે શિણાય ગામે પાણીમાં ન્હાવા ગયા ત્યારે ૨૧ વર્ષિય પુત્ર ગણેશ અલ્કેશભાઈ બજાણીયા ડૂબવા લાગતા તેના પિતા ૩૯ વર્ષિય અલ્કેશભાઈ પૂંજાભાઈ બજાણીયા તાત્કાલિક પાણીમાં કુદયા જોકે પાણીનો પ્રવાહ તેજ હોવાથી બન્ને જણા પાણીમાં ડૂબી ગયા અને લાપતા થયા હતા. સ્થાનિકોએ પોલીસ અને ફાયર વિભાગમાં જાણ કરી હતી. જોકે, અતોપતો ન મળતા ગાંધીધામ સ્થિત ડોલફીન અન્ડર વોટર ડ્રાઈવિંગ સર્વિસની મદદ લેવામાં આવી અને તેઓના તરવૈયાઓએ ૩૦થી ૪૦ ફૂટ ઊંડા ખાડામાંથી મૃતદેહ બહાર કાઢી આપ્યા હતા. પિતા - પુત્રના મોત થતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી. તેઓ મૂળ મહેસાણા બાજુના હોવાનું અને હાલે આકાર વિલા સોસાયટી શિણાયમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હોવાનું જાણવા મળ્યું હતું. અગાઉ પણ જ્યારે આદિપુર કેનાલ, શનિ દેવ મંદિર પાછળની કેનાલ સહિતના વિસ્તારમાં યુવકો ડૂબી ગયાની ઘટના બની હતી ત્યારે પણ સરકારી ફાયર ફાઈટર કામે આવ્યા ન હતા. ખાનગી એજન્સીના તરવૈયાઓએ કલાકોમાં બોડી શોધી આપી હતી. સરકાર ફાયર વિભાગ પાછળ આટલો ખર્ચો કરે છે ત્યારે ફાયર વિભાગની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે.

# ગેરકાયદે વ્યાજવટાવનો ધંધો કરતા બે શખ્સ પકડાયા



ભચાઉ - કચ્છ ઉદય : તાજેતરમાં ભચાઉ પોલીસમાં ગેરકાયદે વ્યાજવટાવ બાબતે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં પીપરીના માદેવાભાઈ નારાણભાઈ સંઘાર અને કેમ્પ એરિયા જેષ્ઠાનગરના જુસબ ઈબ્રાહીમ સમેજાની ભચાઉ પોલીસે ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓ પાસેથી ફરિયાદીની ત્રણ લાખની ગાડી પણ રિક્વર કરવામાં આવી હતી.

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬
નં.મેજી/જન્મ/વશી-૧૯૫/૨૦૨૬ **જાહેર નોટીસ** તા. ૧૮/૦૪/૨૦૨૬
જન્મ રજી.નં.૧૯૫/૨૦૨૬
**શ્રી રબારી સતુબેન માદેવાભાઈ**
રહે.સર્વોદય સોસાયટી ભચાઉ તા.ભચાઉ-કચ્છ. ........................ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
ચીફ ઓફિસરશ્રી ભચાઉ તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ........................ સામાવાળા
**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**
જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્ર નામે રબારી રાજેશકુમાર માદેવાભાઈ નો જન્મ તા.૦૫-૧૧-૨૦૦૬ ના રોજ ગામઃ ભચાઉ તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે. તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા. ૦૭/૦૫/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
**એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.**

# ભુજની ખાસ અદાલતે ૩૮૪ કરોડના હેરોઇન કેસમાં ૬ પાકિસ્તાનીઓને ફટકારી ૨૦ વર્ષની કેદ

**રાષ્ટ્રના ઢાંચાને નબળું પાડવાનું કાવતરું હોવાનું નોંધી અદાલતે પ્રત્યેક ગુનેગારને ૨ લાખનો દંડ પણ કર્યો**

ભુજ - કચ્છઉદય : ભારતીય જળસીમાનો દુરુપયોગ કરી કરોડો રૂપિયાનું હેરોઈન ઘુસાડવાના પાકિસ્તાની મનસૂબાને નિષ્ફળ બનાવતા ભુજની ખાસ અદાલતે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કચ્છના જખૌ દરિયા કિનારેથી અંદાજે ૩૮૪ કરોડ રૂપિયાના નશીલા પદાર્થ સાથે ઝડપાયેલા છ પાકિસ્તાની નાગરિકોને અદાલતે ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

આ અંગેની વિગત મુજબ ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલા એક સફળ ઓપરેશનમાં ડિસેમ્બર ૨૦૨૧માં જખૌના દરિયાઈ વિસ્તારમાંથી પાકિસ્તાની બોટ 'અલ હુશેની' ને ઝડપી પાડવામાં આવી હતી. આ બોટમાં સવાર મોહમ્મદ ઈમરાન મોહમ્મદ તારીક વાઘેર, દાનિસ મોહમ્મદ હુશેન કચ્છી વાઘેર, સાગર મોહમ્મદ કચ્છી વાઘેર, ઈસ્માઈલ ઈબ્રાહીમ બડાલા, મોહમ્મદ સાજીદ મોહમ્મદ હુશેન યાકુબલાલા કુંગરા અને અશ્ફાક મોહમ્મદ ઈશાક વાઘેર નામના છ આરોપીઓ પાસેથી ૭૬ કિલોથી વધુ હેરોઈનનો જથ્થો મળી આવ્યો હતો. આ તમામ આરોપીઓ કરાંચીના રહેવાસી હોવાનું તપાસમાં ખુલ્યું હતું.

આ કેસની સુનાવણી ભુજના છઠ્ઠા અધિક સેશન્સ અને સ્પેશિયલ એનડીપીએસ કોર્ટના જજ વી.એ. બુદ્ધની અદાલતમાં ચાલી હતી. પ્રોસિક્યુશન તરફથી મુખ્ય જિલ્લા સરકારી વકીલ એચ.બી. જાડેજાએ હાજર રહીને ૧૩ સાક્ષીઓ અને ૨૦૩ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કર્યા હતા. અદાલતે આ પુરાવાઓને ગ્રાહ્ય રાખીને અવલોકન કર્યું હતું કે નશીલા પદાર્થોનો આટલો મોટો જથ્થો ઘુસાડવો એ માત્ર સામાન્ય ગુનો નથી, પરંતુ ભારતના યુવાનોને નશાના ગંભીર વ્યસનમાં ધકેલીને રાષ્ટ્રના આંતરિક સુરક્ષા માળખાને નબળું પાડવાનું એક સુનિયોજિત ષડયંત્ર છે.

અદાલતે આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને તમામ છ આરોપીઓને એનડીપીએસ એક્ટની વિવિધ કલમો હેઠળ દોષિત જાહેર કર્યા હતા. ચુકાદામાં દરેક આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજાની સાથે સાથે પ્રત્યેકને ૨ લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. આ ચુકાદો માદક દ્રવ્યોની હેરાફેરી કરતા અસામાજિક તત્વો માટે એક લાલબત્તી સમાન સાબિત થયો છે. આ કેસમાં પ્રોસિક્યૂશન તરફે મુખ્ય જિલ્લા સરકારી વકીલ એચ.બી. જાડેજાએ હાજર રહી સાક્ષીઓને તપાસ્યા હતા અને દલીલો કરી હતી.

## આવતીકાલે ભુજમાં આધુનિક કોમર્શિયલ સંકુલ 'શ્રી ક્ષેત્રપાલ લેન્ડમાર્ક'નું ઉદ્દઘાટન

ભુજ - કચ્છઉદય : કચ્છના પાટનગર ભુજમાં વિકાસની ક્ષિતિજોને વિસ્તારતા નવા આધુનિક કોમર્શિયલ સંકુલ 'શ્રી ક્ષેત્રપાલ લેન્ડમાર્ક'નો રવિવારે સવારે ૯:૩૦ કલાકે ભવ્ય શુભારંભ કરવામાં આવશે. ભુજ-મીરઝાપર હાઈવે પર નવનિર્મિત આ સંકુલનું ઉદ્ઘાટન બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના પ્રખર વક્તા અને લાઈફ કોચ પૂજ્ય ડો. જ્ઞાનવત્સલ સ્વામીના હસ્તે સંપન્ન થશે.

શ્રી ક્ષેત્રપાલ ઈન્ફ્રાકોન પ્રાઈવેટ લિમિટેડ અને શ્રી ક્ષેત્રપાલ ઈન્ફ્રા એલએલપી દ્વારા તૈયાર કરવામાં આવેલું આ સંકુલ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે, જે ભુજ શહેરના વ્યવસાયિક વિકાસમાં નવું સીમાચિહ્ન રૂપ બનશે. આ ગરિમામય પ્રસંગે શહેરના અગ્રણીઓ અને નાગરિકોને ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## મુસ્લિમ સમાજના અગ્રણી અને પૂર્વ નગરસેવક અલીખાન બ્લોચનું નિધન



ભુજ - કચ્છઉદય : મુસ્લિમ સમાજના અગ્રણી અને પૂર્વ નગરસેવક અલીખાન બ્લોચનું આકસ્મિક નિધન થતાં સમાજમાં શોકની લાગણી છવાઈ છે. તેમનું તા.૨૩-૪ના વહેલી સવારે દુઃખદ અવસાન થતાં ભાજપને એક સંનિષ્ઠ કાર્યકરની ખોટ ચાલશે. તેમના જનજામાં બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. બ્લોચ સમાજ, પઠાણ સમાજ, જત સમાજ, ઘાંચી સમાજ, મોગલ સમાજ, આરબ સમાજ સહિત મુસ્લિમ સમાજના અગ્રણી અલીમહોમંદ હિંગોરજા, અધાભા પઠાણ, અનવર જુમા નોડે, અબ્દુલ મુનશી, અબ્દુલ ગફુર ખત્રી, જુસબભાઈ, રસીદભાઈ, નદીમ ખાન, મુસ્તાક હિંગોરજા, હનિફ માંજોઠી વગેરેએ સદગત અલીખાન બ્લોચને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## ગળપાદરમાં જુગાર રમતા પાંચ પકડાયા

ગાંધીધામ - કચ્છ ઉદય : તાલુકાના ગળપાદર ગામે તળાવની પાળ પર જુગાર રમતા પાંચ ખેલી પકડાયા હતા. જેમાં વિજય સુરેશભાઈ પટેલ, મહિપતસિંહ પીરૂભા વાઘેલા, કનૈયાલાલ નરભેરામ રાઠોડ, નવીન ભારૂભાઈ મરંડ, શૈલેષ સામતભાઈ લાવડિયાને પકડી રોકડા રૂા. ૧૦,૭૦૦ કબજે કરવામાં આવ્યા હતા.

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬
નં.મેજી/જન્મ/વશી-૧૯૭/૨૦૨૬ **જાહેર નોટીસ** તા. ૧૮/૦૪/૨૦૨૬
જન્મ રજી.નં.૧૯૭/૨૦૨૬
**શ્રી રબારી સતુબેન માદેવાભાઈ**
રહે.સર્વોદય સોસાયટી ભચાઉ તા.ભચાઉ-કચ્છ. ........................ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
ચીફ ઓફિસરશ્રી ભચાઉ તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ........................ સામાવાળા
**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**
જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્ર નામે રબારી જબુબેન માદેવાભાઈ નો જન્મ તા.૧૫-૦૪-૨૦૦૩ ના રોજ ગામઃ ભચાઉ તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે. તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા. ૦૭/૦૫/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
**એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.**


::: જાહેર અપીલ :::

**શ્રી નવિનભાઈ મહેશ્વરી**
ભદ્રેશ્વર જિલ્લા પંચાયત બેઠક
વ્હાલા, ભદ્રેશ્વર જિલ્લા પંચાયતના નીચે આવતા ગામડાઓ તથા તાલુકા પંચાયતના ઉમેદવારોને આપનો પવિત્ર અમૂલ્ય મત આવતીકાલે આપીને ભવ્ય થી ભવ્ય જીત આપવા આપસૌ મતદાર ભાઈઓ-બહેનો, વડીલો, મિત્રો, શુભેચ્છકો પરિવર્તનનો સમય આવી ગયો છે. ગામના ભારે વિકાસના કામો કરવા આવતીકાલે સવારના આપનો કીમતી પવિત્ર મત પંજા કોંગ્રેસના નિશાન પર બટન દબાવી મને વોટ આપશો. તેવી નમ્ર વિનંતી સાથે અપિલ કરું છું.
લિ. શ્રી નવિનભાઈ મહેશ્વરી


::: જાહેર અપીલ :::

મિતાલીબેન કુલદીપ ધુઆ | ડો. જાહ્નવીબેન કેતનકુમાર ઓઝા | નદીમહુશેન અબ્દુલરસૂલ | અરવિંદ પ્રવિણભાઈ સથવારા
વ્હાલા મતદાર ભાઈઓ-બહેનો, વડીલો, મિત્રો, શુભેચ્છકો. આવતીકાલે સવારના આપનો પવિત્ર કિમતી મત આપના ઉમેદવારોને **કમળ** નો બટન દબાવી વિકાસને વેગ આપવા ભારે બહુમતથી વિજયી બનાવવા આપ સૌ મતદારોને નમ્ર અપિલ કરીએ છીએ.
તમને વચન આપીએ છીએ કે **મુંદરા-બારોઈ નગરપાલિકા વોર્ડ નં. ૧ ભારતીય જનતા પાર્ટી** તમામ મતદારોને નમ્ર અપિલ કરીએ છીએ.
**મારો વોટ કમળ નાં નિશાન ને**

SHRI AJRAMAR TRUST SANCHALIT
**BMCB PUBLIC SCHOOL (CBSE / GSEB)**
જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કુલ ઓફ એકસેલેન્સ (GSEB)
સીટી સ્કવેર ટાઉનશીપ, શેખપીર નજીક, લાખોંદ, ભુજ
સંપર્ક નંબર : 98793 79458 - 93163 54651
કવોલેટી એજ્યુકેશન અને બાળકોના સર્વાંગી વિકાસ માટેની શ્રેષ્ઠ શાળા
* !"Aarambh"! Pre School, One of its kind in Kutch
* ધોરણ ૧ થી ૧૨ (ઇંગ્લીશ મીડીયમ), CBSE / GSEB
* Hostel for Boys & Girl (std, 6 to 12)
* સ્માર્ટ કલાસ રૂમ, લાઈબ્રેરી, હાઈટેક કોમ્પ્યુટર લેબ, કમ્પોઝીટ સાયન્સ લેબ, સ્વીમીંગ પુલ
પ્રિન્સીપાલ / વાઈસ પ્રિન્સીપાલ / એડમિનિસ્ટ્રેટર / કલાર્ક
ટેલી એકાઉન્ટન્ટ / કાઉન્સીલર / હોસ્ટેલ રેક્ટર (M/F) / સાઈટ એન્જીનીયર
સવારની પાળી માટે બધાજ વિષયો માટે
શિક્ષકોની આવશ્યકતા છે. (Pref. to TAT/TET)
(ગુજરાતી અને ઇંગ્લીશ મીડીયમ માટે)
ઉપરાંત (પાર્ટ ટાઈમ/ફુલ ટાઈમ) ઈલેકટ્રીશીયન, પ્લમ્બર, સુથાર, ડ્રાઈવર, વેલ્ડર, સફાઈ કામદાર, માળી અને ચોકીદાર (ડે/નાઈટ)
**OPEN INTERVIEW**
Sunday-26 April, Time: 9 am to 2 pm
@ સિટી ઓફિસ : એ-ક્રિષ્ના ચેમ્બર્સ, સ્ટેશન રોડ, ભુજ
or Email biodata to bmcbschool@gmail.com
(Bring Coloured photo and latest salary details)
Salary Range For Teachers 12000 to 40000+Accommodation
BMCB Public School Also Manages
વર્ધમાન વિદ્યાલય, વર્ધમાનનગર, ભુજોડી (GSEB)
નર્સરી, ધોરણ ૧ થી ૧૦ (ગુજરાતી મીડીયમ) તથા
ધોરણ ૧ થી ૮ (ઇંગ્લીશ મીડીયમ-ગુજરાત બોર્ડ)
બોય્સ હોસ્ટેલ (ધો.૬ થી ૧૦)
એડમીશન માટે સંપર્ક : 94299 66343, 98795 98210
Email: vardhman04@gmail.com

**જિલ્લા - તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી - ૨૦૨૬**
બિદડા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ભાજપના ઉમેદવારોને મત આપી વિજયી બનાવીએ

દરેક ગુજરાતીનો એક અવાજ, હું છું વિકાસ... હું છું ગુજરાત... જીતશે ભાજપ... ખીલશે કમળ...

| ક્રમ | ઉમેદવાર | નિશાન | બટન |
|---|---|---|---|
| ૨ | ૬-બિદડા જિલ્લા પંચાયતના ભાજપના ઉમેદવાર: વાલજીભાઈ ભવાનજી સંઘાર | | |
| ૧ | ૨- બાગ તાલુકા પંચાયતના ભાજપના ઉમેદવાર: કિર્તીકુમાર ભાઈલાલ ગોર | | |
| ૨ | ૪- બિદડા તાલુકા પંચાયતના ભાજપના ઉમેદવાર: રેખાબેન પરેશભાઈ છાભૈયા | | |
| ૨ | ૧૧- ગુંદીયાલી તાલુકા પંચાયતના ભાજપના ઉમેદવાર: સુર્યાબા દિલુભા જાડેજા | | |
| ૨ | ૧૬- નાના ભાડીયા તાલુકા પંચાયતના ભાજપના ઉમેદવાર: વિરમભાઈ ખેતશીભાઈ ગઢવી | | |


તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# અંજારના સર્વાંગી વિકાસ- જનસુખાકારી માટે ભાજપ કટીબદ્ધ

**સુવિધાયુક્ત, સ્વચ્છ અને સ્માર્ટ અંજારના વિકાસને વેગવંતો બનાવવા માટે ભાજપને પ્રચંડ જીત અપાવવા અંજારવાસીઓ આતુર : શહેર ભાજપ પ્રમુખ હિતેન વ્યાસનો વિજય વિશ્વાસ**



**પાયાની સુવીધા, શહેરનું સુંદરીકરણ, સામાજિક કલ્યાણ, યુવા અને શિક્ષણ, ડીજિટલાઈઝેશન, આવાસ-રોજગાર સહિતના વિષયો પર ભાજપની રહી છે પ્રાથમીકતા : પક્ષના ચુંટાયેલા પ્રતિનિધીઓ અને કાર્યકરો જનસેવા માટે સતત રહે છે કાર્યરત**

ગાંધીધામ : અંજાર નગરપાલીકા ની આગામી ચંટણીઓને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પક્ષ દ્વારા આક્રમક પ્રચાર અભિયાન હાથ ધરવામા આવ્યુ હતુ. ભાજપના પ્રમુખ હિતેનભાઈ વ્યાસના નેતૃત્વ હેઠળ અંજારમાં પક્ષના કાર્યકરો અને હોદેદારો શહેરના છેવાડાના માનવી સુધી પહોચી ચુકયા છે. જયા તેમને નગરજનોનો અભુતપૂર્વ પ્રતિસાદ અને વિશ્વાસ મળ્યો હોવાનો વિશ્વાસ દર્શાઈ રહ્યો છે.

ભાજપની પાસે વિકાસનું વિઝન રહેલુ છે. સ્વચ્છ-સ્માર્ટ અને સશકત અંજાર નિર્માણની દીશામાં ભાજપ સતત આગેકુચ કરી રહ્યુ છે. ભાજપ આગામી પાંચ વર્ષ માટે વિકાસના રોડમેપ સાથે મેદાનમાં છે. પક્ષ દ્વારા જનતા સમક્ષ સુવિધાયુકત અંજાર બનાવવા માટેના મહત્વના મુદાઓ રજુ કરવામા અવ્યા છે. જેમાં પાયાની સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવશે. સુદ્રઢ પાણી વિતરણ વ્યવસ્થા વધારે સુધરે, ડ્રેનેજ નેટવર્ક અને આધુનિક સ્ટ્રીટલાઈટ વધારેને વધારે મુકવામા આવશે. શહેર વ્યવસ્થામાં ટ્રાફીક સમસ્યાનું નિરાકરણ, જાહેર સફાઈ અને ગ્રીન સીટી પર્યાવરણને લગતા પ્રોજેકટ આગળ ધપાવવામા આવશે. જનકલ્યાણની વાત કરીએ તો આરોગ્ય સેવાઓનો વિસ્તાર થશે. મહીલા સુરક્ષા, વરિષ્ઠ નાગરીકો અને દિવ્યાગોનું કલ્યાણ પણ પ્રાથમિકતાના ધોરણે હાથ ધરવામા આવશે. શિક્ષણ અને સંસ્કૃતી, આધુનીક લાયબ્રેરી, શિક્ષણ, સુવિધા સાહિત્ય અને સાંસ્કૃતિક વારસાનું જતન કરવામા આવશે. આધુનીકરણમા ડિજિટલ સેવાઓ અને સ્માર્ટ સીટી પ્રોજેકટ હેઠળ ટેકનોલોજીનો ઉપયોગ કરવામા આવશે. અંજારના તમામ ૯ વોર્ડમાં ભાજપે ૩૬ ઉમેદવારોની મજબુત પેનલ ઉતારી છે. આ પ્રચાર ઝુંબેશને સફળ બનાવવા માટે કચ્છ-મોરબીના સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ મહામંત્રી શ્રી અનિરૂદ્ધભાઈ દવે, રાજયમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા,જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી દેવજીભાઈ વરચંદ, ચૂંટણી ઈન્ચાર્જશ્રી વસંતભાઈ કોડરાણી અને અન્ય વરિષ્ઠ આગેવાનોના માર્ગદર્શન હેઠળ કાર્યકરો રાત-દીવસ એક કરીને ભાજપની વિકાસનીતીને મત આપવા પ્રચાર કાર્યમાં જોડાયા હતા. ઉપરાંત પક્ષના સંગઠન, મહીલા મોરચો, યુવા ભાજપ અને વિવિધ પાંખોના હોદેદરો દ્વારા ઘરે ઘરે જઈને પેનલ ટુ પેનલ મતદાન કરી ભાજપને ભવ્ય વિજય અપાવવા માટે અપીલ કરવામાં આવી છે. અંજારની જનતા ફરી એકવાર વિકાસની રાજનીતી પર જ મહોર મારશે તેવો અતુટ વિશ્વાસ પક્ષના મોવડીમંડળ ધરાવી રહ્યા હોવાનુ હિતેનભાઈ વ્યાસ દ્વારા અનુભવગત મતમાં જણાવાયુ હતુ.

## કુદરતી-કૃત્રિમ આફતોમાં ભાજપનો જનસેવાનો રહ્યો છે અનોખો ટ્રેક રેકર્ડ

ગાંધીધામ : અંજાર શહેર ભાજપના હિતેનભાઈ વ્યાસે જણાવ્યુ હતુ કે, જયારે પણ કુદરતી આફતો આવે છે જેવી કે ભુંકપ, વાવાજોડુ ત્યારે ભાજપના કાર્યકરોએ ખભેથી ખભ્ભા મિલાવીને જનસેવા કરી છે. પાછલા વરસોમા પીવાના પાણી જેવી પાયાની સમસ્યાઓનુ કાયમી નિરાકરણ લાવી ભાજપે શહેરના સુકાની તરીકે પોતાની મજબુત પકડ સાબિત કરી છે.

# કચ્છની જનતા રાષ્ટ્રહિત અને વિકાસની રાજનીતિને જ કરશે પસંદ : દેવજીભાઈ વરચંદ

**કેસરીયા માહોલમાં ભાજપ પ્રમુખની મતદારોને 'વિકાસ'ના નામે પવિત્ર મતદાનની હાકલ : કચ્છની કાયાપલટ કરનારા શાસનને વધુ મજબૂત બનાવવા માટે ૧૫.૪૯ લાખ મતદારોને જંગી મતદાન કરી કમળ ખીલવવા ભાજપના શિર્ષ નેતૃત્વનો અનુરોધ**



ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના મહાજંગના પડઘમ હવે શાંત થઈ ચૂક્યા છે અને આવતીકાલે જ્યારે ૨૫ એપ્રિલના રોજ મતદાન થવાનું છે, ત્યારે સરહદી જિલ્લાના રાજકીય માહોલમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. ગાંધીધામ મહાનગરપાલિકા સહિત પાંચ નગરપાલિકાઓ, જિલ્લા પંચાયત અને ૯ તાલુકા પંચાયતો માટે થનારા આ મતદાન પૂર્વે કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ દેવજીભાઈ વરચંદે કચ્છના ૧૫.૪૯ લાખ મતદારોને લોકશાહીના આ પર્વમાં ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક અપીલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, કચ્છ એ માત્ર ભૌગોલિક પ્રદેશ નથી પરંતુ ખમીરવંતી પ્રજાની કર્મભૂમિ છે અને આ ભૂમિના સર્વાંગી વિકાસ માટે ભાજપ સરકારે રાત-દિવસ એક કર્યા છે. આવતીકાલનું મતદાન એ કચ્છના સુવર્ણ ભવિષ્યને નક્કી કરનારું પરિબળ બનશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે કચ્છમાં થયેલા વિકાસકાર્યોનો ચિતાર આપતા ગર્વ સાથે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં જે કચ્છ તરસ્યું અને પછાત ગણાતું હતું, તે આજે નર્મદાના નીરથી હરિયાળું બન્યું છે. ભાજપના શાસનમાં છેવાડાના ગામડાઓ સુધી પીવાનું શુદ્ધ પાણી અને સિંચાઈની સુવિધાઓ પહોંચાડવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, કચ્છમાં રોડ-રસ્તાનું માળખું જે રીતે મજબૂત બન્યું છે અને ઔદ્યોગિક ક્રાંતિ આવી છે તેનાથી સ્થાનિક યુવાનો માટે રોજગારીની નવી તકો ઉભી થઈ છે. ગાંધીધામ અને કંડલા પોર્ટના વિકાસથી લઈને પ્રવાસન ક્ષેત્રે સફેદ રણની વિશ્વભરમાં લાગેલી નામના એ ભાજપ સરકારની દૂરંદેશીનું પરિણામ છે. આ શાસનમાં પ્રત્યેક વર્ગ, પછી તે ખેડૂત હોય, પશુપાલક હોય કે સામાન્ય મધ્યમ વર્ગ, દરેકના હિતોનું રક્ષણ કરવામાં આવ્યું છે.

પોતાની અપીલમાં વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોના માધ્યમથી ગ્રામીણ સ્તરે પાયાની સુવિધાઓ જેવી કે શિક્ષણ, આરોગ્ય અને વીજળીમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. સરકારે ગરીબ કલ્યાણ મેળાઓ અને વિવિધ યોજનાઓ દ્વારા છેવાડાના માનવી સુધી લાભો પહોંચાડ્યા છે. તેમણે મતદારોને સમજાવતા કહ્યું હતું કે, આ ચૂંટણી માત્ર પ્રતિનિધિ ચૂંટવા માટે નથી, પરંતુ કચ્છની વિકાસયાત્રાને અવિરત ચાલુ રાખવા માટે છે. જે રીતે ભાજપે કચ્છને ભૂકંપના કાટમાળમાંથી બેઠું કરીને આધુનિક જિલ્લો બનાવ્યો છે, તે જ ગતિ જાળવી રાખવા માટે ભાજપના ઉમેદવારોને જંગી મતોથી વિજયી બનાવવા જોઈએ.

દેવજીભાઈ વરચંદે કચ્છના યુવા મતદારો અને વડીલોને ખાસ વિનંતી કરી હતી કે, લોકશાહીમાં મતદાન એ આપણો અધિકાર અને પવિત્ર ફરજ છે. આવતીકાલે સવારથી જ મોટી સંખ્યામાં મતદાન મથકો પર પહોંચી, શાંતિપૂર્ણ માહોલમાં વધુમાં વધુ મતદાન કરીને કચ્છમાં ફરી એકવાર વિકાસવાદની જીત સુનિશ્ચિત કરવી જોઈએ. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કચ્છની જનતા હંમેશની જેમ રાષ્ટ્રહિત અને વિકાસની રાજનીતિને જ પસંદ કરશે અને ભાજપના કમળને દરેક સીટ પર ભવ્ય વિજય અપાવશે. આવતીકાલનો સૂર્યોદય કચ્છમાં ફરી એકવાર ડબલ એન્જિન સરકારના સાથ સાથે પ્રગતિના નવા દ્વાર ખોલશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

# સમગ્ર કચ્છમાં કેસરિયો માહોલ : વિનોદ ચાવડા

**સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપનો વિજય વિશ્વાસ વ્યક્ત કરતા સાંસદ : ગાંધીધામ મહાનગરપાલિકા અને નખત્રાણા નગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં કમળ ખીલવાનો હુંકાર**



ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની આગામી ચૂંટણીનો જાહેર પ્રચાર શુક્રવારે સાંજે શાંત થયો છે. હવે રવિવારે યોજાનારા મતદાન પૂર્વે માત્ર ગણતરીના કલાકો બાકી છે ત્યારે ઉમેદવારો દ્વારા ઘરે-ઘરે જઈને લોકસંપર્ક તેજ કરવામાં આવ્યો છે. આ ચૂંટણી જંગમાં ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા અને સતત ત્રણ ટર્મથી લોકસભામાં પ્રતિનિધિત્વ કરતા સાંસદ વિનોદભાઈ ચાવડાએ સમગ્ર જિલ્લામાં પ્રચંડ પ્રચાર અભિયાન ચલાવ્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી પરિણામોમાં કચ્છની તમામ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પર ભાજપનો ભગવો લહેરાશે અને કેસરિયો માહોલ સર્જાશે. સાંસદ વિનોદભાઈ ચાવડાના જણાવ્યા અનુસાર કચ્છની જનતાએ છેલ્લા ચાર દાયકાથી ભાજપ પર અડગ ભરોસો મૂકીને પક્ષના ઉમેદવારને દિલ્હીની સંસદમાં મોકલ્યા છે. ગત વિધાનસભા ચૂંટણીમાં પણ જિલ્લાની છ બેઠકો પર મતદારોએ ભાજપને વિજયી બનાવ્યો હતો. અત્યારે કચ્છની તમામ નવ તાલુકા પંચાયતોમાં ભાજપનું શાસન છે.

આ વખતે જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતોમાં ભાજપના ઉમેદવારો જંગી બહુમતીથી જીતશે તે નિશ્ચિત છે. શ્રી ચાવડાએ ઉમેર્યું હતું કે, ગામડાંઓના સર્વાંગી ઉત્કર્ષની જવાબદારી પંચાયત સ્તરની હોય છે. ભાજપ શાસિત પંચાયતો દ્વારા રસ્તા, ગટર, પીવાનું પાણી, સ્ટ્રીટલાઈટ અને લાયબ્રેરી જેવી પાયાની સુવિધાઓને હંમેશા પ્રાથમિકતા આપવામાં આવી છે. આગામી સમયમાં ગ્રામ્ય વિસ્તારોમાં જે પણ ખૂટતી કડીઓ છે તે પૂરી કરવામાં આવશે અને રમતગમતના મેદાનો તેમજ બગીચાઓ વિકસાવીને ગ્રામીણ જીવનધોરણ સુધારવા પક્ષ કટિબદ્ધ છે. ખાસ કરીને ગાંધીધામ મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણી અંગે તેમણે જણાવ્યું કે, અગાઉ જે નગરપાલિકાનું બજેટ ૧૫૦ કરોડની આસપાસ રહેતું તે હવે મહાનગર બન્યા બાદ ૧૦૦૦ કરોડને પાર કરી જશે, જેનાથી આ શહેરને આધુનિક અને આદર્શ મહાનગર બનાવવાની દિશામાં વેગ મળશે. આવી જ રીતે નખત્રાણા નગરપાલિકામાં પણ ભાજપનો ભવ્ય વિજય થશે તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી. તેમણે કચ્છના ઔદ્યોગિક અને પ્રવાસન વિકાસ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના યોગદાનને બિરદાવ્યું હતું. ૨૦૦૧ના ભૂકંપ બાદ જે કચ્છમાં કોઈ આવવા તૈયાર નહોતું, ત્યાં આજે પર્યટનનો વિશ્વસ્તરે ડંકો વાગી રહ્યો છે. જિલ્લા મથક ભુજના વિકાસ અંગે તેમણે સ્પષ્ટ કર્યું કે, ભુજ માટે પક્ષે નવી અને યુવા ટીમ ઉતારી છે, જે અનુભવી નેતાઓના માર્ગદર્શન હેઠળ શહેરને સ્વચ્છ અને સુવિધાયુક્ત બનાવશે. ટિકિટ ફાળવણીમાં કાર્યકરોના અસંતોષ અંગે તેમણે સહજ ભાવે કહ્યું કે, કાર્યકરોમાં ચૂંટણી લડવાનો ઉત્સાહ હોય તે સ્વાભાવિક છે, પરંતુ પક્ષે હંમેશા દૂરંદેશી સાથે નિર્ણય લીધા છે. તેમણે ૨૮મી ફેબ્રુઆરીએ આવનારા પરિણામોમાં ભાજપના ભવ્ય વિજયનો મક્કમ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## પ્રગતિ રથને વેગ આપવા જન પ્રતિનિધિઓની મતદારોને અપીલ

# કચ્છના સરહદી અબડાસાથી વાગડના સીમાડા સુધી કેસરીયો માહોલ

**રાજ્યમંત્રી ત્રીકમભાઈ છાંગા અને પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધભાઈ દવે સહિતના લોકપ્રિય પ્રતિનિધિઓએ કચ્છની અસ્મિતા અને વિકાસના નામે મતદારો પાસે માંગ્યા આશીર્વાદ**




ત્રિકમભાઈ છાંગા



અનિરૂદ્ધભાઈ દવે



પ્રધ્યુમનસિંહ જાડેજા



કેશુભાઈ પટેલ



માલતીબેન મહેશ્વરી



વિરેન્દ્રસિંહ જાડેજા

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં આવતીકાલે ૨૫ એપ્રિલના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મહાજંગમાં ભાજપે પોતાની પૂરી તાકાત લગાવી દીધી છે. જિલ્લાની ૧૫.૪૯ લાખની જનમેદની જ્યારે પોતાના પ્રતિનિધિઓ પસંદ કરવા જઈ રહી છે, ત્યારે કચ્છના છ ધારાસભ્યોએ મતદારોને ભાવભરી અપીલ કરી છે. આ અપીલમાં માત્ર રાજકીય અપીલ જ નથી, પરંતુ કચ્છના ખૂણેખૂણે થયેલા અભૂતપૂર્વ વિકાસની ઝાંખી પણ જોવા મળે છે. કચ્છના પ્રત્યેક ધારાસભ્યએ પોતપોતાના વિસ્તારની ભૌગોલિક અને આર્થિક વિશેષતાઓને ધ્યાને રાખીને ભાજપ સરકારની સિદ્ધિઓ વર્ણવી છે અને આવતીકાલે લોકશાહીના આ પર્વમાં 'કમળ'ને મજબૂત કરવા અનુરોધ કર્યો છે.

રાજ્યમંત્રી અને અંજારના ધારાસભ્ય ત્રીકમભાઈ છાંગાએ અંજાર અને આસપાસના વિસ્તારોમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, અંજાર આજે ગુજરાતના ઔદ્યોગિક નકશા પર ઝળકી રહ્યું છે. સ્ટીલ પ્લાન્ટ્સથી લઈને ટેક્સટાઈલ ઉદ્યોગો સુધીની જે હારમાળા અહીં સર્જાઈ છે, તેણે કચ્છના છેવાડાના માનવીના જીવનધોરણમાં સુધારો કર્યો છે. માળખાગત સુવિધાઓના નિર્માણથી અંજારનો જે રીતે વિસ્તાર થયો છે, તે ભાજપની વિકાસશીલ નીતિઓનો પુરાવો છે. તેમણે મતદારોને આહવાન કર્યું હતું કે આર્થિક સમૃદ્ધિના આ પ્રવાહને ચાલુ રાખવા માટે ભાજપના પક્ષે મતદાન કરવું અનિવાર્ય છે.

પ્રદેશ મહામંત્રી અને માંડવી-મુંદરાના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેએ દરિયાકાંઠાના વિકાસની વાત છેડતા કહ્યું હતું કે, માંડવીના દરિયાકિનારે પ્રવાસન અને મુંદરાના પોર્ટ આધારિત વિકાસે કચ્છને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ અપાવી છે. સાગરખેડૂઓના કલ્યાણ માટેની યોજનાઓ અને દરિયાઈ પટ્ટી પર થયેલા રસ્તાઓના કામોએ વેપાર-વાણિજ્યને વેગ આપ્યો છે. તેમણે માંડવીની પ્રજાને વિકાસના આ યજ્ઞમાં આહુતિ આપવા જંગી મતદાનની અપીલ કરી હતી.

પશ્ચિમ કચ્છના અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ સરહદી ગામડાઓની સુરક્ષા અને પશુપાલકોની વ્યથાના કાયમી ઉકેલની વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, અબડાસા, લખપત અને નખત્રાણાના સૂકા પટ્ટામાં આજે વિન્ડ ફાર્મ અને સૌર ઉર્જાના કારણે નવી ઉર્જાનો સંચાર થયો છે. પશુપાલકો માટે ઘાસચારો અને પાણીની જે કાયમી વ્યવસ્થા ભાજપ સરકારે કરી છે, તેણે સરહદી જીવનને આસાન બનાવ્યું છે. તેમણે દેશની સુરક્ષા અને વિસ્તારના વિકાસ માટે રાષ્ટ્રવાદી વિચારધારાને મત આપવા વિનંતી કરી હતી.

ભુજ બેઠકના ધારાસભ્ય કેશુભાઈ પટેલે જિલ્લા મથકની ગરિમા વધારતા પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કર્યો હતો. સ્મૃતિવન, પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર અને ભુજ શહેરની આધુનિક હોસ્પિટલોએ આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ લાવી છે. ભુજની જનતાએ હંમેશા ભાજપને અપાર પ્રેમ આપ્યો છે, ત્યારે આ વખતે પણ નગરપાલિકા અને પંચાયત સ્તરે ભાજપને વિજયી બનાવી શહેરની સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવા તેમણે સાદ પાડ્યો હતો.

પૂર્વ કચ્છના ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ મહિલા શક્તિ અને આર્થિક વિકાસને કેન્દ્રમાં રાખીને જણાવ્યું હતું કે, ગાંધીધામ એ મિની ભારત છે અને અહીંના વેપારી વર્ગથી લઈને શ્રમિક વર્ગ સુધીના દરેક લોકો ભાજપની નીતિઓથી સંતુષ્ટ છે. ટ્રાન્સપોર્ટ અને કંડલા પોર્ટના કારણે ગાંધીધામની જે આર્થિક ઉન્નતિ થઈ છે તેને ડબલ એન્જિન સરકાર વધુ ઊંચાઈએ લઈ જશે.

રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ વાગડની ધરતી પર નર્મદાના નીરના આગમનને ઐતિહાસિક ઘટના ગણાવી હતી. તેમણે કહ્યું કે, દાયકાઓ સુધી પાણી માટે વલખાં મારતા વાગડના ખેડૂતો આજે ખેતી અને ડેરી ઉદ્યોગમાં કાઠું કાઢી રહ્યા છે. સરહદ ડેરીના માધ્યમથી પશુપાલકોની આવક બમણી થઈ છે. તેમણે વાગડની જનતાને ભાજપના શાસન પર વિશ્વાસ જાળવી રાખવા અને જંગી મતદાન કરી વિકાસના વિરોધીઓને જવાબ આપવા હાકલ કરી હતી. આમ, તમામ છ ધારાસભ્યોએ એકસાથે મળીને કચ્છના ૧૫.૪૯ લાખ મતદારોને લોકશાહીના મહાકુંભમાં જોડાવા અને કચ્છના સુવર્ણકાળને વધુ તેજસ્વી બનાવવા માટે મતદાન કરવા નમ્ર અપીલ કરી છે.

## સામખિયાળી જિલ્લા પંચાયત સીટની દેવજીભાઈ વરચંદે સમીક્ષા કરી



ભચાઉ - કચ્છઉદય : સામખીયારી જીલ્લા પંચાયત સીટ સ્થાનીક સ્વરાજયની ચુંટણીની સમીક્ષા કરવામાં આવી હતી. કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચદ અને જીલ્લા પંચાયત સીટના ઉમેદવાર જયશ્રીબેન તેમજ ભચાઉ તાલુકા ભાજપ પ્રમુખ વાઘજીભાઈ છાંગા સામખીયારી ભાજપ કાર્યાલય ખાતે ઉમેદવારો અને કાર્યકરો આગેવાનો દ્વારા ચુંટણી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## જ્ઞાનવત્સલ સ્વામી ભુજ ધારાસભ્યના કાર્યાલયે પધારતા આવકાર





ભુજ મધ્યે આવેલ ધારાસભ્ય કેશુભાઈ પટેલના કાર્યાલયની બીએપીએસ સ્વામિનારાયણ સંપ્રદાયના પરમ પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામીજી તેમજ સંતો - મહંતો પધારતાં તેમને આવકાર આપવા સાથે દર્શન પ્રાપ્ત કર્યા હતા. ધારાસભ્ય પરિવાર દ્વારા સ્વામી જ્ઞાનવત્સલના આશિર્વાદ લીધા હતા.




# વિકસિત ભારતથી વિકસિત ગુજરાતના નિર્માણ માટે મતદાન અવશ્ય કરીએ : ભૂપેન્દ્ર પટેલ

**૨૬ મી એપ્રીલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે ૧૦૦ ટકા મતદાન કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મતદારોને હાર્દિક અપીલ : લોકશાહી પરંપરામાં મતદાન અધિકાર સાથે નાગરિક કર્તવ્ય પણ છે**



ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમાં તારીખ ૨૬ એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માં ૧૦૦ ટકા મતદાન કરવા સૌ નાગરિકોને અપિલ કરી છે. લોકશાહીના આ પવિત્ર મહાપર્વ માં રાજ્યના તમામ મતદારોને ઉત્સાહભેર મતદાન કરવા તેમણે અનુરોધ કર્યો છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોને આપેલા સંદેશમાં જણાવ્યું કે, લોકશાહીમાં મતદાન માત્ર અધિકાર નથી, પરંતુ નાગરિક તરીકેનું પવિત્ર કર્તવ્ય પણ છે. તેમણે કહ્યું કે, દરેક મત રાજ્યના ગામ, તાલુકા, જિલ્લા અને શહેરોના સર્વાંગી વિકાસ ને વધુ વેગ આપશે. મુખ્યમંત્રી એ રાજ્યના તમામ મતદારોને ૨૬ એપ્રિલે પોતાના મતદાન મથક સુધી અવશ્ય પહોંચીને મતદાન કરવા તેમજ પરિવારજનો, મિત્રો, અને પડોશીઓને પણ મતદાન માટે પ્રેરિત કરવાની અપીલ કરી હતી. "૧૦૦ ટકા મતદાન"નો સંકલ્પ લઈને લોકશાહીના આ મહાપ ર્વને સફળ બનાવવા તેમણે સૌને આવાહન કર્યું છે. મુખ્યમંત્રી એ વિકસિત ભારતથી વિકસિત ગુજરાત ના નિર્માણ માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આ ચૂંટણીમાં તારીખ ૨૬ એપ્રિલ , રવિવારે સૌને મતદાન અવશ્યપણે કરવા હાર્દિક અપિલ કરી છે.

# વેપાર કરાર અંગે ભારત-અમેરિકાની મંત્રણા હકારાત્મકઃ વાણિજ્ય મંત્રાલય

નવી દિલ્હી : ભારત અને અમેરિકા વચ્ચે વોશિંગ્ટનમાં યોજાયેલી દ્વિપક્ષીય વેપાર અંગેની મંત્રણા હકારાત્મક દિશામાં આગળ વધી રહી છે. દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કાની વિગતોને અંતિમ સ્વરૂપ આપવા માટે બંને દેશોએ આગામી સમયમાં વધુ બેઠકો યોજવા અંગે પણ સહમતી દાખવી હતી. ૨૦-૨૨ એપ્રિલ દરમિયાન યોજાયેલી આ બેઠકમાં ભારત સરકારના આશરે ડઝનેક પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. મંત્રણા દરમિયાન બંને દેશોને એકબીજાના બજારમાં પ્રવેશના મુદ્દા ઉપરાંત ટેરિફ સિવાયના પગલાં, વેપારમાં નડતાં ટેકનિકલ અવરોધો, કસ્ટમ અને વેપારની સુવિધા, રોકાણને પ્રોત્સાહન, આર્થિક સુરક્ષા તથા ડિજિટલ ટ્રેડ સહિતની બાબતો પર વ્યાપક ચર્ચા થઈ હતી. મંત્રણા અંગે પ્રતિક્રિયા આપતાં અમેરિકાના ટ્રેડ પ્રતિનિધિ જેમિસન ગ્રીઅરે જણાવ્યું હતું કે, ભારત સાથે સોદો કરવો ઘણું પડકારજનક છે. ભારતના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચે અત્યંત હકારાત્મક અને અર્થપૂર્ણ વાતાવરણમાં ચર્ચા થઈ હતી.

# ચીન સાથેના સરહદ વિવાદ પર ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ નરવણેએ મૌન તોડ્યું



નવી દિલ્હી : ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ મનોજ મુકુંદ નરવણેએ તેમના અપ્રકાશિત સંસ્મરણ "ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની" ને લગતા રાજકીય વિવાદ પર પોતાનું મૌન તોડ્યું છે. તેમણે ૨૦૨૦ ના ભારત-ચીન સરહદ વિવાદ પર પોતાના વલણનો મજબૂત રીતે બચાવ કર્યો.એક વિશિષ્ટ મુલાકાતમાં, જનરલ નરવણેએ તેમના નિવેદનને પુનરાવર્તિત કર્યું કે આપણે ચીન સામે એક ઈંચ પણ જમીન ગુમાવી નથી. તેમણે કહ્યું કે રાજકીય નેતૃત્વ લશ્કરી બાબતોમાં સીધી દખલ કરતું નથી અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત નિર્ણયો કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી દ્વારા લેવામાં આવે છે.સશસ્ત્ર દળોને રાજકારણથી શક્ય તેટલું દૂર રાખવું જોઈએ. કોઈ ચોક્કસ નિવેદન વડા પ્રધાનને આભારી રાખવું યોગ્ય નથી. વિવાદના કેન્દ્રમાં જનરલ નરવણેનો દાવો છે કે ૨૦૨૦ ના પૂર્વી લદ્દાખ ગતિરોધ દરમિયાન ભારતે ચીનને કોઈ પ્રદેશ ગુમાવ્યો નથી.કોંગ્રેસના નેતાઓએ વારંવાર આ દાવાને પડકાર્યો છે, ભૂતપૂર્વ આર્મી ચીફના સંસ્મરણોના અંશો ટાંકીને અલગ જ વાર્તા કહે છે. જોકે, ભૂતપૂર્વ આર્મી ચીફે આ બાબતે સ્પષ્ટ વલણ જાળવી રાખ્યું છે.તેમણે કહ્યું, "તે સમયે પણ, મેં કહ્યું હતું કે આપણે કોઈ પ્રદેશ ગુમાવ્યો નથી. હું આજે પણ તે નિવેદન પર અડગ છું. જો કોઈ તેને સ્વીકારવા માંગતું નથી, તો તે તેમની પસંદગી છે."જનરલ નરવણેએ કહ્યું કે સુરક્ષા સંબંધિત તમામ નિર્ણયો સીસીએસ દ્વારા લેવામાં આવે છે. આ સમિતિની અધ્યક્ષતા પ્રધાનમંત્રી કરે છે. સૈન્યમાં લેવામાં આવતા કોઈપણ નિર્ણયો હંમેશા આર્મી ચીફના આદેશ પર આધારિત હોય છે. પરંતુ તમે એમ કહીને ન રહી શકો કે, "આર્મી ચીફે આ કહ્યું, તો તેમ કરો.

# સુરતમાં સગીરાની છેડતી કરનાર વિધર્મીનો વરઘોડો, પોલીસે આરોપીને સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન

ગાંધીનગર :સુરતના અલથાણ વિસ્તારમાં એક હિન્દુ પાટીદાર સગીર યુવતીની જાહેરમાં છેડતીની ઘટનાને પગલે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. આ મામલે પોલીસે આરોપી મોહમ્મદ અઝીઝ ઈમ્તિયાઝ શેખની ધરપકડ કરી આજે ઘટના સ્થળે તેનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. મળતી માહિતી મુજબ, મૂળ બારડોલીનો વતની અને હાલ સુરતમાં રહેતા મોહમ્મદ અઝીઝે અલથાણ વિસ્તારમાં એક સગીરાની છેડતી કરી હતી.યુવતીએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને વિધર્મી આરોપીને પકડી પાડી બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો. જાહેરમાં બનેલી આ ઘટનાને પગલે પાટીદાર સમાજ સહિત સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

બનાવની જાણ થતા જ સુરત પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે આરોપી મોહમ્મદ અઝીઝની ધરપકડ કરી છે. આજે તેને સાથે રાખીને ગુનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું, જે દરમિયાન પોલીસે આરોપીનો વરઘોડો કાઢી તેની શાન ઠેકાણે લાવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આરોપી પોતે ફેશન ડિઝાઈનર હોવાનો દાવો કરી રહ્યો છે, પરંતુ પોલીસને તેની પ્રોફાઈલ અંગે હજુ સુધી કોઈ સચોટ પુરાવા મળ્યા નથી.સમગ્ર વિસ્તારમાં હજુ પણ તનાવપૂર્ણ માહોલ છે. સ્થાનિક રહીશોએ માંગ કરી છે કે આવા તત્વોને દાખલારૂપ સજા કરવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ આવી હિંમત ન કરે. આ સાથે જ અલથાણ અને આસપાસના વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગ વધારવા માટે પણ ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. પોલીસ હાલ આરોપીના મોબાઈલ અને ભૂતકાળના રેકોર્ડની તપાસ કરી રહી છે.

# લોકોની આકાંક્ષા હજી પણ અધૂરી- કે કવિતા

## કે. કવિતાએ બનાવી નવી પાર્ટી



તેલંગાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવની પુત્રી અને ભૂતપૂર્વ સંસદ સભ્ય કે. કવિતાએ પોતાના નવા રાજકીય પક્ષની શરૂઆતની જાહેરાત કરી છે. તેમના પક્ષનું નામ 'તેલંગાણા રાષ્ટ્ર સમિતિ' રાખવામાં આવ્યું છે. નોંધનીય છે કે, આ તે જ નામ હેઠળ છે જેના હેઠળ તેમના પિતાએ મૂળરૂપે તેલંગાણા ચળવળ શરૂ કરી હતી.

કે. કવિતાને થોડા મહિના પહેલા તેમના પિતાની પાર્ટી, 'ભારત રાષ્ટ્ર સમિતિ'માંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. પક્ષ વિરોધી પ્રવૃત્તિઓના આરોપો બાદ તેમને મ્ઈજીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ પૃષ્ઠભૂમિ સામે, કવિતાએ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન એક નવી પાર્ટી બનાવવાનો પોતાનો ઈરાદો પહેલેથી જ દર્શાવી દીધો હતો.

# આર્થિક મંદી પર આસ્થાનો વિજયઃ અંબાજી-દ્વારકા-સોમનાથના મંદિરોને ૭૧૮ કરોડનુ દાન

અમદાવાદ : વર્તમાન સમયમાં જ્યારે વૈશ્વિક આર્થિક અસ્થિરતા અને ભારતીય બજારમાં મંદીનો માહોલ છે, ત્યારે ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામોમાં ભક્તિનો પ્રવાહ આવી મંદીને પણ મ્હાત આપી રહ્યો છે. અંબાજી, સોમનાથ અને દ્વારકામાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૭૧૮ કરોડ રૂપિયાથી પણ વધુનું દાન મળ્યું છે.

એટલું જ નહીં સોનાના દાનમાં પણ વધતા ભાવની કોઈ ખાસ અસર પડી નથી અને અંબાજી મંદિરમાં સોનાના દાનનો અવિરત પ્રવાહ ચાલુ છે.મંદીના માહોલમાં લોકો જરૂરિયાત સિવાયના અન્ય ખર્ચા પર કાપ મૂકતા હોય છે, તેની વચ્ચે આ આંકડા આર્થિક અસ્થિરતા પર આસ્થાનો વિજય થયો હોય તે સ્પષ્ટ કરી રહ્યું છે. ભારતમાં કોરોના બાદ છેલ્લા પાંચેક વર્ષથી મંદીનો માહોલ છે.

## અવસાન નોંધ

**મુંબઈ** : મૂળ સામખિયાળીના હાલે પનવેલમાં રહેતા નાંગલબેન ચાંપશી ગડાના પુત્રવધુ અને જયંતી ચાંપશી ગડાના પત્ની, નિર્મળાબેન (જીવતી) (સામખિયાળી)ના મોંઘીબેન સામત કુંભા ડાઘાના પુત્રી તા. ૨૫/૪ ના અવસાન પામ્યા છે. અંતિમયાત્રા બપોરે ૪ કલાકે એડ્રેસ - ૪૦૪, પશોચંદ્ર કો. હાઉસિંગ સોસાયટી તીલકરોડ , ઓલ્ડ પોસ્ટ ઓફિસની બાજુમાં , ઓલ્ડ પનવેલ થી ગુજરાતી સ્મશાનભૂમિ , ઉરણનાકા, પનવેલ જશે.પ્રાર્થના રાખેલ છે. હિતેશભાઈ -૯૮૨૦૧ ૩૯૩૧૪, આશિષભાઈ - ૯૮૧૯૧૦૧૯૨૯, અંકિત ભાઈ -૯૮૧૯૯૬૨૫૯૦

# મણિપુરમાં ફરી હિંસાઃ નાગા અને કુકી જૂથો વચ્ચે ભીષણ ગોળીબાર, 3 ના મોત અને ઘરોમાં આગચંપી



નવી દિલ્હી : મણિપુરમાં મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચેનો વંશીય સંઘર્ષ હજુ શમ્યો નથી ત્યાં હવે નાગા અને કુકી સમુદાયો વચ્ચે હિંસા ફાટી નીકળી છે. શુક્રવારે ઉખરુલ જિલ્લામાં થયેલી બે અલગ-અલગ ગોળીબારની ઘટનાઓમાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા છે, જેનાથી રાજ્યમાં તણાવની સ્થિતિ વધુ ઘેરી બની છે.

વહેલી સવારે તાંગખુલ નાગા અને કુકી સમુદાયના સશસ્ત્ર જૂથો વચ્ચે ભીષણ ગોળીબાર થયો હતો.

આ અથડામણમાં ૨૯ વર્ષીય તાંગખુલ યુવક હોરશોકમી જમાંગનું મોત નીપજ્યું હતું. આ સિવાય ત્રણ નાગરિકો ઘાયલ થયા છે.

આ ઘટનાના થોડા સમય બાદ કુકી બહુલ વિસ્તાર એવા મુલ્લમ ગામમાં પણ ગોળીબાર થયો હતો. જેમાં લેતલાલ સિતલ્હો અને પાઓમિનલુન હાઓલાઓ નામના બે કુકી યુવકોના મોત થયા છે.

કુકી ઓર્ગેનાઈઝેશન ફોર હ્યુમન રાઈટ્સ ટ્રસ્ટનો દાવો છે કે મુલ્લમ અને સોંગફાલ ગામોમાં કેટલાક ઘરોને પણ આગ ચાંપવામાં આવી છે.

નાગા સંગઠન 'તાંગખુલ નાગા લોંગ' (TNL) એ આરોપ લગાવ્યો છે કે કુકી ઉગ્રવાદીઓએ નાગા વિલેજ ગાર્ડ પર ઘાત લગાવીને હુમલો કર્યો હતો. બીજી તરફ, મુલ્લમ ગ્રામ સત્તામંડળે આરોપ લગાવ્યો છે કે તાંગખુલ ઉગ્રવાદીઓએ સવારે ૫:૩૦ વાગ્યે તેમના ગામ પર હુમલો કર્યો હતો. ફેબ્રુઆરી ૨૦૨૬ થી ઉખરુલ વિસ્તારમાં તાંગખુલ અને કુકી સમુદાયો વચ્ચે સતત અવિશ્વાસ અને તણાવ વધી રહ્યો છે.

# અમેરિકાના ઈતિહાસમાં દવા કિંમતમાં સૌથી મોટો ઘટાડોઃ ટ્રમ્પ

(એજન્સી દ્વારા) વોશિંગ્ટન : યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વની અગ્રણી ફાર્મા કંપનીઓ સાથે કરાર કર્યા છે અને તેના કારણે અમેરિકાના ઈતિહાસમાં દવાની કિંમતમાં સૌથી વધુ કાપ મૂકાવાની અને વિશ્વમાં સૌથી વધુ સસ્તી દવા યુએસમાં મળવાનો દાવો કર્યો છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, અગ્રણી ફાર્મા કંપનીઓ પૈકીની એક રીજેનેરોને 'મોસ્ટ ફેવર્ડ નેશન પ્રાઈઝ' સાથે યુએસને દવાઓ આપવા સંમતિ બતાવી છે. અગાઉ કોઈએ ક્યારેય નહીં જોયું હોય તેવા સ્તરે દવાની કિંમતો પહોંચી જશે. વિશ્વના બ્રાન્ડેડ દવા બજારમાં ૮૦ ટકા હિસ્સો ધરાવતી ૧૭ મોટી કંપનીઓએ અમેરિકાના દર્દીઓને વિશ્વમાં સૌથી વધી નીચા ભાવે દવા આપવા સંમતિ દર્શાવી છે. ટ્રમ્પે દલીલ કરી હતી કે, અમેરિકન્સે વર્ષો સુધી દવાની ઊંચી કિંમતો ચૂકવી છે. દાયકાઓ સુધી અમેરિકન્સને ઊંચા ભાવે દવા ખરીદવાની ફરજ પડી હતી. હવે આ સ્થિતિ બદલાશે તેવી પુષ્ટિ આપતાં હેલ્થ સેક્રેટરી રોબર્ડ એફ કેનેડી જુનિયરે કહ્યું હતું કે, વિશ્વની ૪.૨ ટકા વસતી અમેરિકામાં છે, પરંતુ ફાર્માસ્યુટિકલ બિઝનેસને ૭૫ ટકા નફો અમેરિકામાં મળે છે.દવા નીતિ સંદર્ભે ટ્રમ્પની પ્રશંસા કરતા સેન્ટર ફોર મેડિકેર એન્ડ મેડિકેઈડ સર્વિસીસના એડમિનિસ્ટ્રેટરે કહ્યું હતું કે, પોલિસીમાં એફોર્ડેબિલિટીને કેન્દ્ર સ્થાને રખાઈ છે. મોંઘી દવાઓના કારણે ત્રણમાંથી એક અમેરિકનના ખિસ્સા ખાલી થઈ જાય છે. આ કરારથી કોલેસ્ટ્રોલની મહિનાની દવા ૫૩૭ ડોલરના બદલે માત્ર ૨૨૫ ડોલરમાં મળશે.

# ૯૦%થી વધારે મતદારોને ઉમેદવારના નામ જ ખબર નથી!

નવી દિલ્હી : ગુજરાતના રાજકીય ઈતિહાસમાં હાલની ૨૦૨૬ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એક નવા વળાંક સમાન સાબિત થવા જઈ રહી છે. ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોના જંગમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ જે પ્રકારે ઉમેદવારોની પસંદગી કરી છે, તે રાજ્યના ભાવિ શાસન અને વહીવટી પારદર્શિતા પર અનેક સવાલો ઊભા કરે છે. સત્તાની શતરંજ પર આ વખતે માત્ર ચહેરાઓ બદલાયા નથી, પરંતુ ઉમેદવારીના માપદંડોમાં પણ આમૂલ પરિવર્તન જોવા મળ્યું છે, જેની પાછળ પક્ષોની વ્યૂહનીતિ અને જનતાની અપેક્ષાઓ વચ્ચેનું અંતર સ્પષ્ટપણે વર્તાય છે.સૌથી વધુ આશ્ચર્યજનક એ છે કે, ૧૮ મહાનગરપાલિકાની ચૂંટણીમાં આજે પ્રચાર પડઘમ શાંત થઈ ગયા છે અને આવતીકાલે મતદાન થનાર છે છતાં ૯૦ ટકાથી વધુ મતદારોને પોતાના વિસ્તારના ભાજપ, કોંગ્રેસ, આપ કે અન્ય કોઈ ઉમેદવારનાં નામ ખબર નથી ! એ તો ઠીક ૯૦ ટકાથી વધુ ઉમેદવારો પણ રાજનીતિમાં ઠોઠ છે, જેમને પોતાના મતક્ષેત્રમાં કયા જ્ઞાતિ-વર્ગના કેટલા મતદારો છે, કયા-કયા વિસ્તારો આવે, મહાપાલિકાનું બજેટ કેટલું હોય, પોતાને ચૂંટાયા પછી શું કરવાનું રહેશે? જેવી સામાન્ય બાબતોની પણ ખબર નથી. જો કે, નગરપાલિકા ક્ષેત્રમાં મત વિસ્તાર થોડા નાના હોવાથી નેતા-જનતા થોડાં જાગૃત જણાય છે. હવે આઝાદીના સાત દાયકા બાદ સારું કે નઠારું પણ દરેક જિલ્લા-તાલુકા પંચાયતમાં સમાવિષ્ટ ગ્રામ્ય કક્ષાએ નાત-જાતના વડા અકબંધ હોવાથી હાલમાં જ્ઞાતિ આધારિત રાજનીતિને કારણે મતદારો-ઉમેદવારો સૌ એકબીજાને ઓળખે છે. સૌથી ગંભીર વાત એ છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૦ ટકા અનામતની અમલવારી થવાથી અડધો-અડધ મહિલા ઉમેદવારો લેવા પડ્યા છે, પણ એમાં ૮૦ ટકાથી વધુ મહિલા ઉમેદવારો તો રાજનીતિથી અજાણ છે. એમને બગાસું ખાધા વગર પતાસું મોઢામાં આવી ગયું છે.

# એલપીજી સંકટને ટાળવા સરકારે કરી પ્લાનિંગ : ખરીદીની નીતિમાં ફેરફાર

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને વધતા તણાવ વચ્ચે ભારત સરકારે દેશમાં રસોઈ ગેસનો પુરવઠો જાળવી રાખવા માટે પોતાની વ્યૂહરચનામાં મોટો ફેરફાર કર્યો છે. સ્થાનિક અને કોમર્શિયલ ગ્રાહકોની વધતી માંગને પહોંચી વળવા માટે હવે ભારત માત્ર પરંપરાગત સ્ત્રોતો પર નિર્ભર રહેવાને બદલે દુનિયાના વિવિધ દેશો પાસેથી તત્કાલ ખરીદી દ્વારા ગેસ મંગાવી રહ્યું છે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, સરકારી ઓઈલ કંપનીઓએ તાજેતરના અઠવાડિયામાં અમેરિકા સહિત અનેક દેશો પાસેથી એલપીજીના વધારાના કાર્ગો બુક કર્યા છે, જે જૂન અને જુલાઈ સુધીમાં ભારત પહોંચવાની ધારણા છે. આ આક્રમક વ્યૂહનીતિ પાછળનો મુખ્ય હેતુ બજારમાં ગેસની અછતને અટકાવવાનો અને પુરવઠો સુરક્ષિત કરવાનો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માના જણાવ્યા અનુસાર, અગાઉ ભારત પોતાની ૬૦ ટકા જરૂરિયાત આયાત દ્વારા પૂરી કરતું હતું, પરંતુ હવે ઘરેલુ ઉત્પાદન વધારવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. ભારતમાં હાલમાં દરરોજ અંદાજે ૮૦,૦૦૦ ટન એલપીજીની જરૂર પડે છે, જેની સામે ઘરેલુ ઉત્પાદન ૨૦ ટકા વધારીને ૪૬,૦૦૦ ટન પ્રતિ દિવસ સુધી પહોંચાડવામાં આવ્યું છે. છતાં જે ઘટ પડે છે તેને પહોંચી વળવા માટે આયાતના વિકલ્પો વિસ્તૃત કરવામાં આવ્યા છે. સરકારની પ્રાથમિકતા દેશમાં ગેસનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવાની છે અને તેના માટે જ્યાંથી પણ શક્ય હશે ત્યાંથી ગેસની ખરીદી કરવામાં આવશે.

અગાઉ ભારતની લગભગ ૯૦ ટકા એલપીજી સપ્લાય યુએઈ, કતાર, સાઉદી અરેબિયા અને કુવૈત જેવા ખાડી દેશોમાંથી આવતી હતી.

# અયોધ્યામાં ૧૫ કિલોમીટર લાંબો દશરથપથ બનશે

(એજન્સી દ્વારા)

અયોધ્યા : અયોધ્યામાં ભવ્ય રામ મંદિરની સ્થાપના બાદ આ શહેર ભારતીય સંસ્કૃતિ, શ્રદ્ધા અને વારસાનું ભવ્ય પ્રતીક બની રહ્યું છે. શહેરમાં રામપથ, ભક્તિપથ અને ધર્મપથ પછી હવે દશરથપથનો ભવ્ય કૉરિડોર બનાવવામાં આવી રહ્યો છે. રાજા દશરથની સમાધિ તરફ લઈ જતો ૧૫ કિલોમીટર લાંબો દશરથપથ ફક્ત એક રસ્તો નહીં પરંતુ ઈતિહાસ, આધ્યાત્મિકતા અને કલાનો સંગમ હશે જે ભક્તોને સીધા રાજા દશરથની યાદો તરફ લઈ જશે.

સાકેત પેટ્રોલ-પમ્પથી બિલ્વહરી ઘાટ સુધીનો આ ૧૫ કિલોમીટર લાંબો માર્ગ એની ભવ્યતાથી બધાને મોહિત કરશે. રોડ-ડિવાઈડર પર ૩૦ વિશાળ સ્તંભો સ્થાપિત કરવામાં આવશે. આ સ્તંભોમાં ૧૫ યોગ હાથના હાવભાવ અને ૧૫ શસ્ત્ર હાવભાવ દર્શાવતી પ્રભાવશાળી મૂર્તિઓ હશે. આ લગભગ ૬ ફુટ ઊંચી કલાકૃતિઓ માર્ગને આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વૈભવથી રંગશે. મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથની ઈચ્છા મુજબ આ પ્રોજેક્ટના સૌંદર્યકરણ પર આશરે ૮૫ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. દશરથપથના નિર્માણથી રાજા દશરથની સમાધિ સુધી પહોંચવાની સુવિધા મળશે.

# શિક્ષણ વિભાગનો નિર્ણય, વિદ્યાર્થીઓ માટે ડોક્યુમેન્ટમાં સુધારણા માટે ખાસ કેમ્પ યોજાશે

ગાંધીનગર : ધોરણ ૧૦ અને ૧૨ માં ભણતા વિદ્યાર્થીઓને નામ, અટક કે પછી જન્મતારીખમાં સુધારા કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યું છે. હવે જે વિદ્યાર્થીઓને સુધારા કરવા હશે તેમણે આ મુજબ અરજી કરવી પડશે. ગાંધીનગર જિલ્લામાં વિદ્યાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ શાળાના આચાર્યોને પરિપત્ર મોકલીને ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના નામ, અટક અને જન્મતારીખમાં જરૂરી સુધારા કરવા માટે ખાસ પ્રક્રિયા હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. ઘણા વિદ્યાર્થીઓના દસ્તાવેજોમાં નાનાં-મોટાં ભૂલ હોય છે અને જેના કારણે ભવિષ્યમાં અન્ય કોલેજમાં પ્રવેશ કે નોકરી અથવા અન્ય સરકારી કામોમાં એ પછી ડોક્યુમેન્ટમાં મુશ્કેલી ઊભી થાય છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગે આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જેથી વિદ્યાર્થીઓને સમયસર અને સરળતાથી સુધારાની તક મળી શકે. આ બહાર પડેલા પરિપત્ર મુજબ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે ખાસ કેમ્પ યોજવાની સૂચના આપવામાં આવી છે. આ કેમ્પમાં વિદ્યાર્થીઓ પોતાના નામ, અટક અથવા જન્મતારીખમાં રહેલી ભૂલો સુધારવા માટે અરજી કરી શકશે.

## પહેલા પાનાથી...

### ઈરાન-અમેરીકા

ઈરાને યુરેનિયમને સમૃદ્ધ બનાવવાના તેના અધિકાર પર આગ્રહ રાખ્યો છે, જોકે તેણે એમ પણ કહ્યું છે કે સંવર્ધનના સ્તર પર વાટાઘાટો કરી શકાય છે.

### યુક્રેન યુદ્ધમાં મૃત

આપી. રશિયામાં અટકાયતમાં લેવામાં આવેલા અને યુદ્ધમાં લડવા માટે મજબૂર કરાયેલા ૨૬ ભારતીયોને સુરક્ષિત પરત લાવવા માટે સરકારને નિર્દેશ આપવાની માંગ કરતી અરજીની સુનાવણી દરમિયાન ભાટીએ આ માહિતી આપી હતી. અરજદારોનો આરોપ છે કે તેમના સંબંધીઓને આકર્ષક નોકરીઓના બહાને રશિયા લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમના પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યા હતા.અને તેમને યુદ્ધમાં જોડાવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. અજત્રક્ષ એ પુષ્ટિ આપી હતી કે અરજીમાં નામ આપવામાં આવેલા ૨૬ લોકોમાંથી ૧૦ લોકો મૃત્યુ પામ્યા છે, એક ગુનાહિત આરોપોમાં જેલમાં છે, અને એકે સ્વેચ્છાએ રશિયામાં રહેવાનો નિર્ણય લીધો છે.કેન્દ્રએ જણાવ્યું હતું કે કેટલાક લોકોને છેતરપિંડી કરનારા એજન્ટો દ્વારા ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા, જ્યારે અન્ય લોકોએ રશિયન સંસ્થાઓ સાથે "સ્વૈચ્છિક કરાર" કર્યા હતા. અજત્રક્ષ એ એમ પણ કહ્યું હતું કે વિદેશ મંત્રાલયને મૃતદેહોને સ્વદેશ મોકલવામાં કેટલાક પરિવારો તરફથી લોજિસ્ટિકલ અવરોધો અને અસહકારનો સામનો કરવો પડ્યો હતો. "સરકાર મુશ્કેલીમાં મુકાયેલા દરેક નાગરિકને મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે," તેમણે કહ્યું. ભાટીએ કહ્યું, "એક કિસ્સામાં, અમે મૃતદેહને સ્વદેશ મોકલવાની વ્યવસ્થા કરી હતી, પરંતુ પરિવારે મંત્રાલયને તેને ત્રણ મહિના માટે મુલતવી રાખવા કહ્યું કારણ કે તેઓ કાનૂની કાર્યવાહી કરી રહ્યા હતા. તેમાં ઘણા જટિલ માનવીય પાસાઓ સામેલ છે."

### અમેરિકાનો હવે

સ્વતંત્ર રિફાઈનરીઓમાંની એક એવી હિંગલી પેટ્રોકેમિકલ નો સમાવેશ થાય છે. આ રિફાઈનરી પ્રતિદિન ૪ લાખ બેરલ ક્રૂડ ઓઈલ પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે. અમેરિકી નાણા વિભાગના જણાવ્યા અનુસાર, હિંગલી રિફાઈનરી ૨૦૨૩થી ઈરાન પાસેથી ઓઈલ મેળવી રહી છે, જેના દ્વારા ઈરાની સેનાને કરોડો ડોલરની આવક થાય છે. અમેરિકાના નાણા મંત્રી સ્કોટ બેસન્ટે સ્પષ્ટ કર્યું છે કે તેમની એજન્સી ઈરાન દ્વારા વૈશ્વિક બજારમાં ઓઈલ પહોંચાડવા માટે ઉપયોગમાં લેવાતા જહાજો, વચેટિયાઓ અને ખરીદદારોના નેટવર્કને તોડવાનું ચાલુ રાખશે. અગાઉ આ મહિનાની શરૂઆતમાં જ અમેરિકાએ ચીન, હોંગકોંગ, યુએઈ અને ઓમાનની નાણાકીય સંસ્થાઓને પત્ર લખીને ઈરાન સાથે વેપાર કરવા બદલ પ્રતિબંધોની ધમકી આપી હતી. નોંધનીય છે કે અમેરિકાએ આ મહિને હોર્મુઝ સ્ટ્રેટ જેવા મહત્વના જળમાર્ગ પર નાકાબંધી લાદી દીધી છે, જે વૈશ્વિક ઉર્જા પુરવઠા માટે જીવનરેખા સમાન છે. આ આર્થિક પ્રતિબંધો એવા સમયે આવ્યા છે જ્યારે થોડા સપ્તાહો બાદ જ રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગની મુલાકાત યોજાવાની છે.

### વોટિંગ મહત્તમ

ભાષામાં કરવાનો અનોખો આઈડિયા અજમાવવામાં આવ્યો છે. આ સ્થિતિમાં અગાઉની ચૂંટણીમાં સાંપડેલી લીડ કરતા પણ વધુ લીડથી ભાજપના ઉમેદવાર જીતી જાય તે માટે માઈક્રો લેવલના મેનેજમેન્ટ અપનાવી દેવાયું છે.ભાજપનાં સૂત્રોએ સ્વીકાર્યુ કે, અમદાવાદ જેવા મોટા શહેરમાં પશ્ચિમમાં તો ભાજપનાં નવા-જૂના ઉમેદવારોને જરાપણ વાંધો આવે તેમ નથી. આ ઉપરાંત બાકીનાં મધ્ય, ઉત્તર, પૂર્વ અને દક્ષિણ જેવા ઝોનમાં પણ લીડ નોંધપાત્ર વધે તે માટે કામગીરી સોંપી દેવાઈ છે. તમામ વોર્ડમાં કાર્યકરોને મતદાનનાં દિવસે સવારથી સોસાયટીઓ અને ચાલીઓમાં ફરી નાગરિકોને મતદાન માટે અપીલ કરવાની સૂચના અપાઈ ગઈ છે. ખાસ કરીને બપોરનાં સમયે ચારથી છ વાગ્યા સુધીમાં ઉત્સાહભેર વધુમાં વધુ મતદાન કરાવવા કાર્યકરોનો કામે લાગી જવા જણાવાયુ છે.મ્યુનિ. ચૂંટણીમાં પ્રચાર અર્થે વિવિધ વિસ્તારોમાં રાઉન્ડ લેતાં ભાજપના ઉમેદવારોને કેટલાક સ્થળે મુંઝવણ થઈ હતી. જોકે હવે જ્યારે મતદાન આડે ગણતરીના કલાકો છે ત્યારે ઘીના ઠામાં ઘી જેવી સ્થિતિનું નિર્માણ થઈ ચૂક્યું છે તેવો નેતાગીરીને અહેસાસ થઈ રહ્યો છે. ખાસ કરીને પૂર્વ અમદાવાદમાં નેતાગીરીને ધ્યાને આવ્યું છે કે વિકાસ કામો અને પ્રાથમિક સુવિધા વધારવાની હૈયાધારણ મતદારોને સ્પર્શી છે.

### કાલે મતદાન છે

બેઠક પર ૬૮ ટકા મતદાન થયેલું તેની સરખામણીમાં આ વખતે નવ ટકા ઓછું મતદાન થયું છે. પેટાચૂંટણીમાં ત્રણ-ચાર ટકા મતદાન ઓછું થતું હોય છે પણ નવ ટકા તફાવત બહુ મોટો કહેવાય.અલબત્ત મતદારોની નિરસતા જોતાં ૫૯ ટકા મતદાન પણ વધારે લાગે છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં એટલું મતદાન થવામાં પણ શંકા છે. ગ્રામીણ વિસ્તારોમાં જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં કદાચ ૬૦ ટકા ઉપર મતદાન થઈ જાય પણ શહેરી વિસ્તારોમાં તો ઉમરેઠ બેઠક જેટલું મતદાન થવામાં પણ શંકા છે.આ નિરસતાનું મુખ્ય કારણ ગુજરાતમાં સબળ વિપક્ષનો અભાવ છે. ખાસ કરીને કોંગ્રેસ સાવ નબળી સાબિત થઈ છે. ગુજરાતમાં વરસોથી ભાજપ સત્તામાં જામેલો છે પણ લોકોની સમસ્યાઓ તો હજુય યથાવત જ છે. રોડ-રસ્તા, પાણી, ચોમાસામાં પાણી ભરાઈ જવાં સહિતની સ્થાનિક ચૂંટણીઓ માટેની સમસ્યાઓ મોટા પ્રમાણમાં છે પણ વિપક્ષ લોકોની આ સમસ્યાઓને અસરકારક રીતે રજૂ જ નથી કરી શકતો.

અત્યારે ચૂંટણી છે તેથી ઘણે ઠેકાણે મતદારો પોતે જાગૃતિ બતાવીને પોતાની સમસ્યાઓને મીડિયા કે સોશ્યલ મીડિયાના માધ્યમથી મૂકે છે, ભાજપના કાર્યકરો કે નેતાઓને પોતાના વિસ્તારોમાં નહીં પ્રવેશવા દેવા જેવા નિર્ણયો લે છે ને ઘણે ઠેકાણે તો કામ કરવામાં નિષ્ફળ ગયેલા ભાજપના હોદ્દેદારો સામે ઉગ્ર આક્રોશ પણ ઠલવાયો છે.

### સ્થાનિક સ્વરાજ્યની

દરેક સેન્ટર પર ઝોનલ ઓફિસરો દ્વારા પ્રિસાઈડિંગ ઓફિસરોને ઈફસ અને ફફછ્ મશીનોની ફાળવણી કરવામાં આવી હતી, જેની સંપૂર્ણ ચકાસણી બાદ સ્ટાફ નિર્ધારિત મતદાન મથકો તરફ રવાના થયો હતો.વહીવટી તંત્ર દ્વારા વાહનવ્યવહાર માટે ખાસ એસ.ટી. બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી જેથી દરેક બૂથ સુધી સમયસર સામગ્રી પહોંચાડી શકાય. આ સાથે જ મતદાન બાદ મશીનો પરત મેળવવા માટે રિસીવિંગ સેન્ટરો પર પણ ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. સમગ્ર ગાંધીનગર જિલ્લામાં શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

# અમેરિકાએ ચીન-ઈરાનના ૪૦ ઓઇલ નિકાસકારો અને મોટી રિફાઈનરી સામે પ્રતિબંધ લાદ્યો

નવીદિલ્હી : ટ્રમ્પ સરકારે ઈરાનની આર્થિક કરોડરજ્જુ તોડવા માટે એક અત્યંત મહત્ત્વનો નિર્ણય લીધો છે. અમેરિકાએ ચીન સ્થિત એક અગ્રણી ઓઈલ રિફાઈનરી અને ઈરાની ઓઈલના પરિવહન સાથે જોડાયેલી અંદાજે ૪૦ જેટલી શિપિંગ કંપનીઓ અને ટેન્કરો પર આર્થિક પ્રતિબંધો લાદી દીધા છે. આ પગલું ઈરાનના મહેસૂલના મુખ્ય સ્ત્રોતને સંપૂર્ણપણે ખતમ કરવાના વ્યાપક અભિયાનનો એક ભાગ માનવામાં આવે છે.

શુક્રવારે જાહેર કરાયેલા આ પ્રતિબંધોમાં ડાલિયાન બંદર ખાતે આવેલી ચીનની સૌથી મોટી સ્વતંત્ર રિફાઈનરીઓમાંની એક એવી હિંગલી પેટ્રોકેમિકલ નો સમાવેશ થાય છે. આ રિફાઈનરી પ્રતિદિન ૪ લાખ બેરલ ક્રૂડ ઓઈલ પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે. અમેરિકી નાણા વિભાગના જણાવ્યા અનુસાર, હિંગલી રિફાઈનરી ૨૦૨૩થી ઈરાન પાસેથી ઓઈલ મેળવી રહી છે, જેના દ્વારા ઈરાની સેનાને કરોડો ડોલરની આવક થાય છે.અમેરિકાના નાણા મંત્રી સ્કોટ બેસન્ટે સ્પષ્ટ કર્યું છે કે તેમની એજન્સી ઈરાન દ્વારા વૈશ્વિક બજારમાં ઓઈલ પહોંચાડવા માટે ઉપયોગમાં લેવાતા જહાજો, વચેટિયાઓ અને ખરીદદારોના નેટવર્કને તોડવાનું ચાલુ રાખશે. અગાઉ આ મહિનાની શરૂઆતમાં જ અમેરિકાએ ચીન, હોંગકોંગ, યુએઈ અને ઓમાનની નાણાકીય સંસ્થાઓને પત્ર લખીને ઈરાન સાથે વેપાર કરવા બદલ પ્રતિબંધોની ધમકી આપી હતી.



## અંજારમાં મતદાન પૂર્વેની તૈયારીઓમાં તંત્ર વ્યસ્ત





અંજારમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીના આગલા દિવસે વહીવટી તંત્ર તૈયારીઓમાં વ્યસ્ત જોવા મળ્યું હતું અંજાર શહેરની શેઠ ડી.વી હાઈસ્કુલ અને કે. કે.એમ.એસ. ગર્લ્સ હાઈસ્કુલથી મતદાન યુનિટ અને ચૂંટણી ફરજ પરના કર્મચારીઓને જુદા જુદા મતદાન મથકો પર મોકલવાની કામગીરીનો ધમધમાટ જોવા મળ્યો હતો.

# નખત્રાણામાં સાંસદ અને ધારાસભ્ય દ્વારા ડોર ટુ ડોર પ્રચાર





નખત્રાણા - કચ્છ ઉદય : અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા તથા વિનોદ ચાવડા દ્વારા નખત્રાણામાં વિવિધ વિસ્તારોમાં સવારથી ડોર ટુ ડોર પ્રચાર શરૂ કરવામાં આવ્યો હતો. વેપારીઓ તેમજ નગરજનોને મળતા શુભકામનાઓ પાઠવી હતી અને લોકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જંગી બહુમતીથી ભાજપના નગરપાલિકાના તમામ ઉમેદવારોને જીતાડવા માટે અપીલ કરવામાં આવી હતી. નખત્રાણાની મુખ્ય બજાર વથાણ, સુપરમાર્કેટ, નવાવાસ, જુનાવાસ સહિતના વિસ્તારમાં પ્રચાર કરવામાં આવ્યો હતો.

## તેરા સીટ ભાજપ જંગી લીડ સાથે જીતશે : પ્રવીણ ભાનુશાલી





નલિયા : તેરા સીટ ભાજપ જંગી લીડ સાથે જીતશે તેવો વિશ્વાસ પ્રવિણભાઈ ભાનુશાલીએ વ્યક્ત કર્યો હતો. તેરા સીટના ભાજપ ઉમેદવાર અને સેવાભાવી દાતા એવા પ્રવિણભાઈ ગઈકાલે તેરા ખાતે ડોર ટૂ ડોર પ્રચાર કર્યો હતો. ગામના વિવિધ સમાજોના અગ્રણીઓ તેમની સાથે રહ્યા હતા.

તેમણે ગામના વિવિધ સમાજો માટે કરેલી સેવા પ્રવૃતિઓને લોકોએ આવકારી તેમને જીતનો વિશ્વાસ વ્યક્ત કરાવ્યો હતો. તેરા સાથે સીટના આજુબાજુના ગામડાઓમાં પણ તેમને આવકાર અપાયો હતો. પ્રચારના અંતિમ દિવસે તેમણે વેગવંતો પ્રચાર કર્યો હતો.

## નખત્રાણા પંથકમાં પરિવર્તનનો પવન ફુંકાશે : પ્રેમસિંહ સોઢા

**ચૂંટણી પ્રચાર શાંત થતાં જ રાજકીય માહોલ ગરમાયો : નારાજ મતદારો કોંગ્રેસને મત આપવા મક્કમ**



નખત્રાણા - કચ્છઉદય : તાલુકા પંચાયતની ૧૮ બેઠકો, જિલ્લા પંચાયતની ૪ અને નગરપાલિકાની તમામ બેઠકો પર કોંગ્રેસનો પંજો શાસન કરશે તેવું જણાવતાં નખત્રાણા તાલુકા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ પ્રેમસિંહજી વી. સોઢાએ કહ્યું હતું કે, તાલુકામાં ભાજપ વિકાસકામોનો દાવો કરે છે તે કામો પારદર્શક રીત થતાં નથી. કરોડોના વિકાસકામોની માત્ર વાતો જ છે. જો સુખાકારી વધી હોય તો લોકોને ભેગા કરવા હાથકંડા શા માટે કરવા પડે છે ? ભાજપના રાજથી ત્રસ્ત મતદારો પંજાને મત આપવા મક્કમ થયા છે. તાલુકાની તમામ અઢાર બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો જ્વલંત વિજય મેળવી હવે નખત્રાણા તાલુકા પંચાયત પર કોંગ્રેસ શાસન કરશે તે નક્કી છે. ચાર જિલ્લા પંચાયત અને નખત્રાણાની નગરપાલિકાના તમામ વોર્ડમાં કોંગ્રેસને મત આપવા મતદારો થનગની રહ્યા છે. શાળામાં શિક્ષકો, આરોગ્ય કેન્દ્રમાં તબીબોની અછત છે. ખેડુતો, બેરોજગારોમાં સતા પક્ષ સામે રોષ જોવા મળે છે. ગત ટર્મમાં કોંગ્રેસ અનેક બેઠકો પાતળી સરસાઈથી ગુમાવી હતી તે આ વખતે કોંગ્રેસને તમામ સીટો મળે છે. આગામી ૨૬મીના મતદાનના દિવસે જનતા પોતાનો આક્રોસ મતાધિકાર દ્વારા વ્યક્ત કરશે. ૨૮મી એપ્રિલના જાહેર થનાર ચૂંટણી પરિણામોમાં પ્રજાને મુર્ખ સમજીને સતાના સપના જોનારા નેતાને કારમી હારનો સામાનો કરવો પડશે. તેઓએ દાવો કરતાં પ્રેમસિંહ સોઢાએ કહ્યું કે, કોંગ્રેસે તમામ સ્વચ્છ પ્રતિભા ધરાવતા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. અને આ ચૂંટણીમાં તમામ ઉમેદવારો જંગી લીડ સાથે વિજયની વરમાળા પહેરી સત્તાના સુકાન સંભાળશે સમગ્ર તાલુકામાંથી કોંગ્રેસને વિશાળ પ્રમાણમાં જન સમર્થન મળી રહ્યું છે.

**જિલ્લા - તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી - ૨૦૨૬**

**અંજાર તાલુકાના ભીમાસર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના કોંગ્રેસના ઉમેદવારોને મત આપી વિજયી બનાવીએ**

**હવે સત્તા પરિવર્તનની જરૂર છે**

પંજાના નિશાન સામેનું બટન દબાવી કોંગ્રેસના ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવો. આવો સૌ સાથે મળી પરિવર્તન કરી સુશાસનયુક્ત અંજાર તાલુકા પંચાયતને સમૃધ્ધ બનાવીએ.

| બેઠક / ઉમેદવાર | નિશાન | બટન |
|---|---|---|
| ૪-ભીમાસર(ચકાસર) જિલ્લા પંચાયત બેઠક — ભાવિકાબેન રમેશભાઈ ભીલ | | |
| ૧-ભીમાસર તાલુકા પંચાયત બેઠક — હંસાબેન દિનેશભાઈ ડુંગરીયા | | |
| ૩-ચાંદ્રાણી તાલુકા પંચાયત બેઠક — રમીલાબેન રાજેશભાઈ ખાટરીયા | | |
| ૪-ધમડકા તાલુકા પંચાયત બેઠક — રાયમલભાઈ કરશનભાઈ ઢીલા | | |
| ૫- દુધઈ તાલુકા પંચાયત બેઠક — બબીબેન સામજીભાઈ ડાંગર | | |
| ૧૫- ટપ્પર તાલુકા પંચાયત બેઠક — લક્ષ્મીબેન ભરતભાઈ હેઠવાડીયા | | |

## ચેક બાઉન્સના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામની અદાલતમાં ચાલી રહેલા ચેક બાઉન્સના કેસમાં કોર્ટે આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો આદેશ આપ્યો છે. આ કેસની વિગત મુજબ, ગાંધીધામના સપનાનગરમાં રહેતા ફરિયાદી જનરેલસિંઘ બલવંતસિંઘે વર્ષ ૨૦૧૯માં ગાંધીધામની ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. જેમાં આરોપી સાથેના સારા સંબંધોને કારણે તેમણે ૧,૫૦,૦૦૦ રૂપિયા હાથ ઉછીના આપ્યા હતા. આ રકમ પરત આપવા માટે આરોપીએ ચેક આપ્યો હતો, જે બેંકમાં રજૂ કરતા ખાતામાં અપૂરતું બેલેન્સ હોવાના શેરા સાથે પરત ફર્યો હતો. ત્યારબાદ કાયદેસરની નોટિસ બજાવવા છતાં રકમ પરત ન મળતા આ મામલે કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. બંને પક્ષોની દલીલો અને પુરાવાઓને ધ્યાને લીધા બાદ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ.બી. પરમારે આરોપી જેકોબ જોસેફને ગુનામાંથી નિર્દોષ મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપીના બચાવ પક્ષે એડવોકેટ પ્રવીણકુમાર એ. રવાણીએ દલીલો રજૂ કરી હતી.

## વિશ્વ પુસ્તક દિન નિમિત્તે ભુજમાં ધાર્મિક પુસ્તકોનું વિતરણ કરાયું

ભુજ - કચ્છઉદય : દિવ્યજીવન સંઘ લાઈબ્રેરી અને હાટકેશ લાઈબ્રેરી દ્વારા હાટકેશ સેવા મંડળ મારફતે વિશ્વ પુસ્તક દિન પ્રસંગે ભુજ શહેરમાં જુદી જુદી જગ્યાએ ૨૦૧ જેટલા ધાર્મિક પુસ્તકોનું વિતરણ કરવાનો કાર્યક્રમ સંસ્થાના જયશ્રીબેન હાથીના વડપણ હેઠળ યોજવામાં આવ્યો હતો. ભુજ શહેરના વડીલોને આ પુસ્તકો અપાયા હતા. આ કાર્યમાં પારૂલબેન બુચ, આશાબેન સ્વાદિયા, દર્શનાબેન મુનશી, વિભાકરભાઈ અંતાણી વગેરે જોડાયા હતા. આ પુસ્તકો જુદા જુદા દાતાઓ તરફથી મળ્યા હતા. કાર્યક્રમનું સંચાલન વારિસભાઈ પટ્ટણીએ કર્યું હતું. આભારવિધિ આશિષ વૈદ્યે કરી હતી એવું વત્સલાબેન શુક્લએ જણાવ્યું હતું. આ પ્રસંગે પુસ્તકોનું પૂજન કરવામાં આવ્યું હતું.

**દેવપુર ગોડીજી પાર્શ્વનાથ દાદાના દરબારે**

# ધ્વજા મહોત્સવે લાભાર્થી પરિવાર દ્વારા શાસનધ્વજ લહેરાયો : ગુણપુરીનગરીનું કરાયું ઉદ્ઘાટન




**દેવપુર જૈન મહાજન અને મુંબઈ જૈન મહાજન અને વર્ધમાન જૈન આયંબીલ ખાતાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા મહોત્સવે લાભાર્થી પરિવારોની મહાજન દ્વારા કરાઈ ભુરી ભુરી અનુમોદન**



ગઢશીશા - કચ્છઉદય : દેવપુર મંડન શ્રી ગોડીજી પાર્શ્વનાથ દાદાની છત્રછાયામાં ૧૪૪મી ધ્વજા એવમ્ ત્રિહાન્કિા મહોત્સવ ઉજવાયો હતો. ૧૪૪ ધ્વજા મહોત્સવના મુખ્ય લાભાર્થી નેણબાઈ શામજી ઉમરશી હરિયા પરિવાર હસ્તે મંજુલાબેન દિપકભાઈ શામજી હરિયા પરિવારે દાદાની ૧૪૪મી ધ્વજાનો તેમજ મહોત્સવ દરમિયાન પાંચ દિવસીય સ્વાધાર્મિક ભક્તિનો લાભ લીધો હતો.


ગુરૂ ભગવંતોછએ લાભાર્થી પરિવારોની અનુમોદના કરવાની સાથે સાથે દેવપુર જૈન મહાજનના પ્રમુખ નવીનભાઈ ગાલા અને મુંબઈ મહાજનના પ્રમુખ ભાઈલાલ વોરાએ લાભાર્થી પરિવારોની મહાજનવતી ખુબ ખુબ અનુમોદના કરી હતી. રંગમંડપ અને ચોકીયારાના લાભાર્થી સોનબાઈ કાનજી માણશી મોતા પરિવાર હસ્તે ગુણવંતીબેન ઉમરશી કાનજી મોતા અને દેવદેવીઓની ધ્વજાના લાભાર્થી રતનબેન ધનજી ટોકરશી ગાલા (રતનધન) પરિવાર રહ્યો હતો. જૈન વિધિકાર ડો. હર્ષ દેઢિયા દ્વારા વિવિધ પૂજનો અને વિધિવિધાન કરાયા હતા.

## અનુશાસનની યાત્રાએ નીકળેલા ભુજનાં ત્રણે દીક્ષાર્થીઓને શુભેચ્છાઓ પાઠવાઈ



ભુજ - કચ્છઉદય : અનુશાસનની યાત્રાએ નીકળેલા ભુજનાં ત્રણે દીક્ષાર્થીઓ આદિકુમાર, હિતકુમાર અને દિવ્યકુમાર કોલ્હાપુર મધ્યે પૂજ્ય ગુરૂભગવંતોની શુભ પાવન નિશ્રામાં દીક્ષા અંગીકાર કરવા પ્રસ્થાન કર્યું ત્યારે ભુજ દાદાવાડી મધ્યે સમસ્ત જૈન સમાજની વિશાળ ઉપસ્થિતિમાં ત્રણે દીક્ષાર્થીઓને સાતે સંઘના પદાધિકારીઓએ ભાવથી તિલક કરી અનેકવિધ શુભેચ્છાઓ પાઠવી હતી. ત્રણે તા. ૨૬-૪ ના શ્રમણી ગણનાયક આચાર્ય ભગવંત શ્રી અભયશેખર સૂરીશ્વરજી મહારાજ સાહેબનાં વરદ્ હસ્તે કોલ્હાપુર મધ્યે દીક્ષા અંગીકાર કરશે. દાદાવાડી મધ્યે પધારેલા ત્રણે દીક્ષાર્થીઓનાં અંતરની ભાવનાંઓને બિરદાવવામાં આવેલ. ત્રણેને સાતે સંઘનાં આગેવાનોએ કુમકુમ તિલક કર્યા હતા. અને જિનશાસનની સેવા કરવા તત્પર બનેલા ત્રણે બાળકોને શ્રીસંઘે અનેકવિધ શુભેચ્છાઓ પાઠવી હતી. દીક્ષાગીત અને નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે ભુજ સાત સંઘ અધ્યક્ષ સ્મીતભાઈ ઝવેરી, કીર્તીભાઈ શાહ, પી.સી. શાહ, રજની પટવા, વાડીલાલ મહેતા, કમલેશ સંઘવી, વીરસેનભાઈ શાહ, દલીચંદભાઈ મહેતા, ધીરજલાલ દોશી, ધીરેન લાલન, ભરત સંઘવી, પ્રકાશ ગાંધી, રમણિક મહેતા, ડો. રૂપ ાલી મોરબીયા, પ્રબોધ મુનવર તથા શ્રાવક - શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભુજ જૈન સાત સંઘ અધ્યક્ષ શ્રી સ્મીતભાઈ ઝવેરીએ જણાવ્યું હતું કે, દીક્ષા મહોત્સવ અવિસ્મરણિય રહેશે. ત્રણે દીક્ષાર્થીઓ જિનશાસનથી આન- બાન- શાન વધારશે તેવી શુભેચ્છઆઓ પાઠવી હતી. સંચાલન એલ.પી. શાહે કર્યું હતું.

## સૂરજબારી પુલ પર અકસ્માત, બંને તરફ ૮ કિમી સુધીના ટ્રાફિક જામમાં હજારો વાહનો ફસાયા



ભુજ - કચ્છ ઉદય : કચ્છના પ્રવેશદ્વાર સમાન સૂરજબારી પુલ પર સવારે અકસ્માત સર્જાતા હાઈવે પર અરાજકતા ફેલાઈ હતી. અકસ્માતને પગલે વાહનોની લાંબી કતારો લાગતા મુખ્ય માર્ગ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે.

પુલની બંને તરફ ૫ થી ૮ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. હાઈવે પર બંને બાજુના માર્ગો જામ થઈ જવાથી સેંકડો ટ્રકો અને મુસાફરો ભરેલી બસો કલાકોથી અટવાઈ પડી છે. ગરમી અને રસ્તા પરની લાંબી લાઈનોને કારણે મુસાફરો, ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. હાઈવે પર પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક હળવો કરવાની કામગીરી કરી રહ્યો છે, પરંતુ વાહનોની સંખ્યા વધુ હોવાથી જામ ખુલતા સમય લાગ્યો હતો.

**જાહેર નોટીસ** કેસ નં.૬૧/૨૦૨૬

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અબડાસાની કોર્ટમાં તા.અબડાસા**

અરજદાર : મંધરા ઈસ્માઈલ મામદ
રહે.રાયધણપર, તા.અબડાસા
અરજદારના વિ.વ.શ્રી, રમેશ કે. મહેશ્વરી
રહે.નલીયા, તા.અબડાસા

વિરૂધ્ધ

સામાવાળા : તલાટી સહમંત્રીશ્રી, કાળાતળાવ જુથ ગ્રામ પંચાયત, તા.અબડાસા

**વિષય : મરણની નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના નાના નામે સ્વ.સુલેમાન હુસેન મંધરાનું તા.૨૪/૦૫/૧૯૭૩ના રોજ મોજે-રાયધણપર, તા.અબડાસા ખાતે મરણ થયેલ જે બાબતની નોંધ જેતે વખતે ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઇ અરજદારશ્રીએ તેમના નાનાના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી. નં. ૬૧/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઇનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઇ વાંધો કે તકરાર નહીં આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.
આજરોજ તા. ૦૨ માહે:એપ્રિલ સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી
(એ.આર.નીનામા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અબડાસા

**જાહેર નોટીસ** કેસ નં.૬૨/૨૦૨૬

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અબડાસાની કોર્ટમાં તા.અબડાસા**

અરજદાર : મંધરા ઈસ્માઈલ મામદ
રહે.રાયધણપર, તા.અબડાસા
અરજદારના વિ.વ.શ્રી, રમેશ કે. મહેશ્વરી
રહે.નલીયા, તા.અબડાસા

વિરૂધ્ધ

સામાવાળા : તલાટી સહમંત્રીશ્રી, કાળાતળાવ જુથ ગ્રામ પંચાયત, તા.અબડાસા

**વિષય : મરણની નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના માતા નામે સ્વ.સારૂબાઇ મામદ મંધરાનું તા.૧૬/૧૦/૧૯૮૦ના રોજ મોજે-રાયધણપર, તા.અબડાસા ખાતે મરણ થયેલ જે બાબતની નોંધ જેતે વખતે ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઇ અરજદારશ્રીએ તેમના માતાના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી. નં. ૬૨/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઇનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઇ વાંધો કે તકરાર નહીં આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.
આજરોજ તા. ૦૨ માહે:એપ્રિલ સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી
(એ.આર.નીનામા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અબડાસા

ધર્માચાર ધર્માચાર

**શ્રી ગેભી મતિયાદેવ સેવા સમિતિ**
વિંઝાણ - ખીરસરા, તા.અબડાસા-કચ્છ.

**મેળામાં સ્ટોલ રાખવા માંગતા ધંધાર્થીઓ જોગ**

આગામી તા. ૦૪/૦૫/૨૦૨૬, સોમવારના દિવસે યોજાનાર શ્રી ગેભી મતિયાદેવ યાત્રા મહોત્સવ - મેળા પ્રસંગે સ્ટોલ રાખવા માંગતા ધંધાર્થીઓને મેળા સમિતિનો તા. ૩૦/૦૪/૨૦૨૬, ગુરૂવાર સુધી સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

-:: સ્ટોલ માટે સંપર્ક ::-

શ્રી ગાભાભાઈ બી. જેપાર, સહમંત્રી, મો. ૯૯૨૫૬ ૭૩૧૮૮
શ્રી ખીમજીભાઈ આર. કુફલ, સહ-ખજાનચી, મો. ૯૭૨૬૧ ૧૧૭૮૪




વિકાસના મંત્ર સાથે, ભાજપ સાથે...
**ચોબારી સીટ ના સર્વાંગી વિકાસ માટે...**
ઉમેદવાર: ચોબારી જિલ્લા પંચાયત બેઠક, કચ્છ.
**શ્રીમતી પુરીબેન વેલજીભાઈ ઢીલા**

ચોબારી સીટ તાલુકા પંચાયતના ઉમેદવાર શ્રીમતી સીતાબેન રામજીભાઈ વીસાણી
ભરૂડીયા તાલુકા પંચાયતના સીટના ઉમેદવાર: શ્રી ઉપેન્દ્રસિંહ જશુભા જાડેજા
મનફરા તાલુકા પંચાયતના સીટના ઉમેદવાર: શ્રી ભરતભાઈ વીભાભાઈ કોલી
ધોળાવીરા તાલુકા પંચાયતના સીટના ઉમેદવાર: શ્રી માદેવાભાઈ રણમલભાઈ ચાવડા
કંથકોટ તાલુકા પંચાયતના સીટના ઉમેદવાર: શ્રીમતી આસીબેન ભીખાભાઈ ભીલ

**કમળનું બટન દબાવીએ** **ફરી ભાજપ સરકાર બનાવીએ**

મહેશશાહ મચાઉ - મો. ૯૮૨૫૧ ૭૨૩૨૦

જરૂર વગર કેસ ન બાળો, દેશના વિકાસમાં
આપો ફાળો ગેસનો કરકસરયુક્ત કરો વપરાશ

# ભચાઉમાં નર્મદા કેનાલના સાયફન અવરોધાતા પાણી વ્યવસ્થામાં ખલેલ

## ઝાડી-ઝાંખરાના કારણે ૧૫થી ૨૦ સ્થળે પ્રવાહ અટક્યો : ખેડૂતોમાં ચિંતા વધતી

ભચાઉ - કચ્છ ઉદય : ભચાઉ તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલમાં જાળવણીના અભાવે ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ છે. કેનાલના અંદાજે ૧૫ થી ૨૦ સાયફન વિસ્તારોમાં લાંબા સમયથી સફાઈ ન થતા ઝાડી-ઝાંખરું અને ઘન વનસ્પતિ ઉગી નીકળી છે, જેના કારણે પાણીના સ્વાભાવિક પ્રવાહમાં અવરોધ સર્જાયો છે અને સિંચાઈ વ્યવસ્થાને અસર પહોંચી રહી છે.

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ, સાયફન આસપાસ ઉગી આવેલી વનસ્પતિના કારણે પાણી આગળ વધવા બદલે અટકી જાય છે અથવા સાયફનના નીચલા ભાગમાંથી ખેતરો તરફ વહી જાય છે. કેટલીક જગ્યાએ કેનાલમાં તૂટફૂટ થવાથી પાણી સીધું ઉભા પાકમાં ફરી વળે છે, જેના કારણે પાકને ભારે નુકસાન થવાની સ્થિતિ ઉભી થઈ છે. ખેડૂતોનું કહેવું છે કે વર્ષ ૨૦૧૧માં કેનાલ શરૂ થયા બાદથી નિયમિત સફાઈ અને જાળવણીમાં સતત અવગણના થતી આવી છે. પરિણામે આજે સાયફન વિસ્તારો "જંગલ સમાન" બની ગયા છે. ભચાઉ તાલુકા કિસાન સંઘના પૂર્વ પ્રમુખ લાલજીભાઈ હરિભાઈ ઢીલાએ જણાવ્યું હતું કે જો સમયસર સફાઈ અને મરામત થાય તો આવી સમસ્યા નિવારી શકાય.

વધુમાં જણાવ્યું કે કેનાલ સાથે જોડાયેલા સર્વિસ રોડ પણ બિસ્માર હાલતમાં છે. અનેક જગ્યાએ રસ્તાઓ તૂટી ગયા છે અને પુલ સુધી પહોંચવાના માર્ગો પણ ખરાબ છે. આથી ખેડૂતો અને ગ્રામજનોને અવરજવર માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, કેનાલના પુલો પાસે કોઈ સુરક્ષા વ્યવસ્થા ન હોવાથી અકસ્માતની ભીતિ રહે છે. વાહન કે પશુ કેનાલમાં પડી ન જાય તે માટે રક્ષણાત્મક દિવાલ અથવા લોખંડની ઝાળી લગાવવાની તાતી જરૂરિયાત છે. ભરૂડીયા, રામવાવ, ચોબારી, કડોલ અને ખારોઈ સહિતના ગામોના ખેડૂતોનું કહેવું છે કે વરસાદ બાદ રસ્તાઓ અને કેનાલ વિસ્તારની યોગ્ય મરામત ન થતાં હાલ પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. રસ્તાઓની બાજુમાં વધતી ઝાડી-ઝાંખરાની કારણે દૃશ્યતા ઘટી ગઈ છે, જેના કારણે અકસ્માતની શક્યતા વધતી જાય છે. વર્તમાન વૈશાખ માસમાં લગ્નગાળો અને ધાર્મિક પ્રસંગોના કારણે ગામોમાં અવરજવર વધેલી છે. ત્યારે જો તંત્ર દ્વારા તાત્કાલિક સફાઈ, ઝાડી કાપણી અને મરામત કામગીરી હાથ ધરવામાં ન આવે તો કોઈ ગંભીર દુર્ઘટના સર્જાવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. ખેડૂતો અને ગ્રામજનો દ્વારા એક જ માંગ ઉઠી રહી છે કે નર્મદા કેનાલના સાયફન વિસ્તારોની તાત્કાલિક સફાઈ અને જાળવણી શરૂ કરવામાં આવે, જેથી પાણીનો પ્રવાહ સુચારૂ બની રહે અને પાકને નુકસાનથી બચાવી શકાય.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહિરની અવગણનાથી મતદારોમાં રોષ



**પ્રચારમાં ન બોલાવવા ઉમેદવારોને અપાઈ હતી મૌખિક સૂચના : રતનાલ ગામની જાહેર સભામાં જ આમંત્રણ ન અપાયું અને પોસ્ટરમાંથી પણ ફોટો-નામ ગાયબ રહેતા અંજાર શહેર-તાલુકા ભાજપમાં આંતરિક વિખવાદ આવ્યો સપાટીએ**

અંજાર - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચારના પડઘમ ગઈકાલે શુક્રવારે સાંજે ૫ વાગ્યે શાંત થઈ ગયા છે અને હવે આવતીકાલે રવિવારે જ્યારે મતદાન થવા જઈ રહ્યું છે ત્યારે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ભાજપ દ્વારા પક્ષના એક અનુભવી અને કદાવર નેતા તથા પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહિરને નજરઅંદાજ કરવામાં આવ્યા હોવાની વિગતો સપાટી પર આવી છે. રતનાલ ગામના સરપંચથી માંડીને ધારાસભ્ય અને રાજ્ય સરકારમાં મંત્રી રહી ચૂકેલા વાસણભાઈને અંજાર શહેર અને તાલુકાના પ્રચાર કાર્યોમાં ક્યાંય બોલાવવામાં આવ્યા નથી. એટલું જ નહીં પરંતુ પક્ષના ઉમેદવારોને એવી કડક મૌખિક સૂચના પણ આપવામાં આવી હતી કે જો પ્રચાર દરમિયાન વાસણભાઈને બોલાવવામાં આવશે તો ભવિષ્યમાં સારા હોદ્દાની આશા રાખવી નહીં. આવી આંતરિક ચેતવણીને પગલે ખુદ ઉમેદવારો અને તેમના સમર્થકો ભારે મુંઝવણમાં મુકાયા હતા.

અંજાર તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીના પ્રચારના છેલ્લા દિવસે પૂર્વ રાજ્યમંત્રીના જ વતન રતનાલ ખાતે ભાજપ દ્વારા એક જંગી જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આશ્ચર્યની વાત એ છે કે આ સભાના પોસ્ટરમાંથી પણ વાસણભાઈના ફોટા કે નામની બાદબાકી કરી દેવામાં આવી હતી.

આ સભામાં રાજ્યમંત્રી અને પક્ષના અધ્યક્ષ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા પરંતુ પક્ષના જ વરિષ્ઠ નેતાને આ પ્રક્રિયાથી દૂર રાખવામાં આવતા કાર્યકરોમાં અનેક તર્કવિતર્ક વહેતા થયા છે. શિસ્તબદ્ધ પાર્ટી હોવાના કારણે કોઈ જાહેરમાં બોલી શકતું નથી પરંતુ પક્ષના કેટલાક પાયાના કાર્યકરોમાં આ પ્રકારની બાદબાકીને લઈને ભારે નારાજગી જોવા મળી રહી છે. છેલ્લા વીસેક દિવસથી ચાલેલા પ્રચારમાં વાસણભાઈની ગેરહાજરી અને તેમને ન બોલાવવાની આંતરિક સૂચનાએ અંજારના રાજકારણમાં નવો વળાંક આપ્યો છે.

વાસણભાઈ આહિરે પોતાના કાર્યકાળ દરમિયાન અનેક લોકોને પક્ષમાં આગળ વધાર્યા હતા અને સંગઠનમાં મહત્વના હોદ્દા સુધી પહોંચાડ્યા હતા. આજે એ જ લોકો તેમને નજરઅંદાજ કરી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે જો અંજાર શહેર કે તાલુકામાં ભાજપને ઓછી બેઠકો મળશે તો તેનો દોષનો ટોપલો વાસણભાઈ પર ઢોળવામાં આવી શકે છે. હાલમાં તો પ્રચાર પૂર્ણ થઈ ગયો છે અને આવતીકાલે મતદાન થવાનું છે ત્યારે આંતરિક ખેંચતાણ અને પૂર્વ મંત્રીની આ પ્રકારે થયેલી અવગણના કોના ઈશારે કરવામાં આવી છે તે પ્રશ્ન કાર્યકરોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | 3 | 5 | 6 | 9 | 1 | 4 | |
| 5 | | | | | | | | 6 |
| | | | 2 | | 1 | | | |
| | | 2 | 9 | | 6 | 5 | | |
| | 8 | | | | | | 9 | |
| | | 4 | 1 | | 5 | 7 | | |
| | | | 8 | | 4 | | | |
| 2 | | | | | | | | 9 |
| | 5 | 6 | 7 | 9 | 2 | 3 | 1 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 1 | 5 | 8 | 6 | 9 | 2 | 3 |
| 3 | 5 | 9 | 1 | 2 | 7 | 6 | 4 | 8 |
| 6 | 2 | 8 | 9 | 3 | 4 | 1 | 5 | 7 |
| 9 | 6 | 2 | 3 | 4 | 5 | 8 | 7 | 1 |
| 7 | 4 | 3 | 2 | 1 | 8 | 5 | 9 | 6 |
| 8 | 1 | 5 | 7 | 6 | 9 | 4 | 3 | 2 |
| 1 | 9 | 4 | 6 | 7 | 2 | 3 | 8 | 5 |
| 2 | 8 | 6 | 4 | 5 | 3 | 7 | 1 | 9 |
| 5 | 3 | 7 | 8 | 9 | 1 | 2 | 6 | 4 |

# અવસાન નોંધ

**આદિપુર** : મૂળ ભચાઉના ગં.સ્વ. ગૌરીબેન ઠક્કર (સોનેતા) (ઉ.વ. ૭૫) તે સ્વ. પ્રવીણભાઈ જેરામભાઈ ઠક્કર (સોનેતા) (નિવૃત્ત તલાટી)ના પત્ની, સ્વ. કલ્યાણજી પોપટલાલ જોબનપુત્રા (આધોઈ)ના પુત્રી, સ્વ. હીરબાઈ જેરામભાઈ રતનશી ઠક્કરના પુત્રવધૂ, સ્વ. ચંદુલાલભાઈ (રાજકોટ), શશિકાંતભાઈ (મુંબઈ), સ્વ. ડો. શાંતિલાલભાઈ (આદિપુર), સ્વ. રમેશભાઈ (ભચાઉ), સ્વ. અરવિંદભાઈ (ભુજ), સ્વ. વિમળાબેનના ભાઈના પત્ની, શંકરભાઈ (આદિપુર), ગીતાબેન (રાપર), જયશ્રીબેન (આદિપુર), ભાવનાબેન (ભુજ)ના બહેન, બીનાબેન જગદીશભાઈ (કોટડા - ચકાર), આશાબેન સતીશભાઈ (ભચાઉ), પ્રકાશભાઈના માતા, ભાવનાબેનના સાસુ, પ્રદીપભાઈ (નખત્રાણા)ના મામી, જેનિલના દાદી, મીત, કાવ્યા, દર્શના નાની તા. ૧૯-૪ના અવસાન પામ્યા છે. (પ્રાર્થનાસભા - લૌકિક વ્યવહાર રાખેલ નથી)

**અંજાર** : મૂળ ખેડોઈના ગં.સ્વ. અમૃતબેન અંબાલાલ ભગત (પટેલ) (ઉ.વ. ૮૧) તે સ્વ. લક્ષ્મીબેન વિશ્રામભાઈ રાજાભાઈ ભગતના પુત્રવધૂ, સ્વ. અંબાલાલભાઈના પત્ની, જિતેન્દ્ર, પ્રવીણ, જ્યોતિબેનના માતા, હર્ષાબેન, અસ્મિતાબેન, વિનોદકુમારના સાસુ, અંકુર (મુંબઈ), અક્ષિત, રાજન, હિનલના દાદી, મીરાં, હર્ષી, પૂર્તિના દાદીસાસુ, જીનય, સિયાના પરદાદી, નારાયણભાઈ (મુંબઈ)ના નાના ભાઈના પત્ની, નરસિંહભાઈ, ડાહ્યાભાઈ (અંજાર), ડો. પ્રો. કે.વી. પાટીદાર (ભુજ), સ્વ. કંકુબેનના ભાભી, જયંતભાઈ (ભુજ), અશ્વિનભાઈ (મુંબઈ)ના કાકી, હસમુખભાઈ, દિલીપભાઈ, રમેશભાઈ, દીપકભાઈ (અંજાર), ડો. જિજ્ઞેશ પાટીદાર (ભુજ)ના મોટામા, મેહુલ, ઉત્સવ (બેંગ્લોર), નેહાના નાની, સ્વ. પ્રેમજીભાઈ અરજણભાઈ સેંઘાણીના પુત્રી, રામજીભાઈ, રમણીકભાઈ, તુલસીભાઈ, પ્રફુલ્લભાઈ (ઘાટકોપર), યશોદાબેન, દમયંતીબેન (કોટડા)ના બહેન તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૪ના શનિવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ લક્ષ્મીનારાયણ મંદિર, પ્રભુકૃપા સોસાયટી, અંજાર ખાતે.

**ભુજ** : સુમરા હાજીસલીમ ઉમર (એ-વન પાનવાળા) (ઉ.વ. ૫૩) તે મ. અબુબખર, અબ્દુલગનીના ભાઈ, શહેઝાદહુશેનના પિતા, સુમરા નદીમના સસરા, સોયબ, નાસીર, બાસિતના કાકા તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૬-૪ના રવિવારે સવારે ૧૦થી ૧૧ નિવાસસ્થાન સુમરા ડેલી, મસ્જિદે આયસા, ભુજ ખાતે.

**માધાપર (તા. ભુજ)** : મૂળ ખેડોઈના રાજપૂત રમેશભાઈ ધનજીભાઈ પરમાર (ઉ.વ. ૬૮) તે સ્વ. બબીબેન ધનજીભાઈના પુત્ર, ભગવાનજીભાઈ પરમાર (એમઈએસ), સ્વ. અમૃતબેન ઝખુભાઈ ઝાલા, દક્ષાબેન લાલજીભાઈ ભાટી, વિજય રામજીભાઈ પરમાર, કિરીટભાઈ, જેન્તીભાઈ, હરેશભાઈ, ભરતભાઈના ભાઈ, ઝવેરબેનના જેઠ, જેઠાલાલ આણંદજી પરમાર, શિવજીભાઈ રણછોડ પરમારના ભત્રીજા, પ્રતીક, નીલમબાના મોટા બાપા, વિભૂતિબેન, રાજેન્દ્રસિંહ સોલંકીના મોટા સસરા, જયદેવ, જિયાના મોટા દાદા, ક્રિષાબા, માનવીરસિંહના મોટા નાના તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૪ના શનિવારે સાંજે ૫થી ૬ પાટીદાર સમાજવાડી, ગોકુલધામ રોડ, નવાવાસ - માધાપર ખાતે.

**ભુજ** : અનિલ રાજેન્દ્ર મહેતા (કાયસ્થ) (એસટી) (ઉ.વ. ૮૨) તે સ્વ. રાજેન્દ્રભાઈના પુત્ર, માયાબેનના પતિ, રિતી અને ચિંતન (આશાપુરા)ના પિતા, સ્વ. હરેન્દ્ર, કેતન, શૈલજા, ગં.સ્વ. ઈન્દુબેનના ભાઈ, પરાગ (અંજાર), નીલેશ (મુંદરા)ના બનેવી, અંજનભાઈ અને લેખાના સસરા, ડોલીના નાના, નિત્યના દાદા તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૪ના શનિવારે સાંજે ૫થી ૬ રાજપૂત સમાજવાડી, રાવલવાડી રિલોકેશન સાઈટ, રઘુવંશી નગર ચાર રસ્તા, ભુજ ખાતે.

**ભુજ** : શાંતિલાલ નાનજી પરમાર (ઉ.વ. ૬૧) (પેઈન્ટર) તે સ્વ. જીવાબા નાનજી પરમારના પુત્ર, શાન્તાબેનના પતિ, ભીખાલાલ, સ્વ. ઘનશ્યામસિંહ, જશુબા જાડેજા, દયાબા દેવીસંગ જાડેજાના ભાઈ, સ્વ. સવિતાબેનના દિયર, ગં.સ્વ. રેશ્માબેનના જેઠ, રશ્મિબેન વિજય ચૌહાણ (મુંબઈ), કાશ્મીરાબેન પ્રફુલ્લ પરમાર (ભુજ), શિલ્પાબેન ચિંતન ડુડિયા (વાંકી, હાલે જામનગર), ધીરેનના પિતા, સ્વ. સંજય, પ્રકાશભાઈ, શક્તિસિંહ, સ્વ. કૃપાબા, યશ્વીબેન દિલીપભાઈ ભટ્ટી (વિંઝાણ)ના કાકા, કોમલ, કુનાલ, માહી, યોગરાજના દાદા, ધ્યાન ડુડિયાના નાના, સ્વ. વિશનજી ગાભાભાઈ ચૌહાણ (બિદડા)ના જમાઈ, નાનજી, મગનભાઈ, અરવિંદભાઈ (બિદડા), સ્વ. લીલાવંતીબેન રવિલાલ સોલંકી (બેરાજા)ના બનેવી તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૪ના શનિવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ આંબેડકર ભવન, વિજયનગર, ભુજ ખાતે.

**નખત્રાણા** : મૂળ નરેડીના સારસ્વત બ્રાહ્મણ જોશી ધર્મિષ્ઠાબેન (ઉ.વ. ૫૭) તે વિપુલભાઈ જોશી (મૂળ નરેડી, હાલે નખત્રાણા)ના પત્ની, સ્વ. શાંતાબેન ભાઈલાલભાઈ ચઠમંધરાના પુત્રવધૂ, સ્વ. ચંદ્રિકાબેન છોટાલાલભાઈ રત્નેશ્વર (દેશલપર - વાંઢાય)ના પુત્રી, પાર્થ, તેજસના માતા, રોશનીબેનના સાસુ, ભૂમિતના દાદી, રાજેશભાઈ, હિતેષભાઈ, જયશ્રીબેન રાજેન્દ્રભાઈ રત્નેશ્વર (અંજાર), સુધાબેનના ભાભી, રેખાબેન, હેતલબેનના જેઠાણી, ક્રિષ્નાબેન મનીષભાઈ જોશી (માંડવી), સંજયભાઈ (દેશલપર - વાંઢાય)ના મોટા બહેન, અલ્પાબેન સંજયભાઈના નણંદ, આશિષના ફઈ, સ્વ. નાનાલાલભાઈ, ગં.સ્વ ઉષાબેન રમેશભાઈ (નખત્રાણા), વિજયાબેન જગદીશભાઈ, દક્ષાબેન પ્રજ્ઞેશભાઈ (દેશલપર), પ્રભાબેન જમનાદાસ જોશી (સુખપર), રસીલાબેન રમેશભાઈ જોશી (મોટા આસંબિયા), મીનાબેન મુકેશભાઈ જોશી (દહીંસરા), નીતાબેન ઉમેશભાઈ, દીનાબેન નરેશભાઈ (દેશલપર), સ્વ. અંજનાબેન રાજેશભાઈ સારંગધર (અંજાર), વનિતાબેન સુરેશભાઈ સોનપાર (ભુજ)ના ભત્રીજી, સ્વ. નીલમબેન મહેન્દ્રભાઈ ચઠમંધરા (માંડવી), ગં.સ્વ. ચંપાબેન ખરાશંકરભાઈ ચઠમંધરા (મોથાળા), ગં.સ્વ. શકુંતલાબેન પ્રબોદભાઈ ચઠમંધરા (માંડવી)ના ભત્રીજાવહુ તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે, બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૪ના શનિવારે સાંજે ૪થી ૫ સમસ્ત બ્રહ્મસમાજ વાડી, વિરાણી રોડ ,નખત્રાણા ખાતે.

**પિથોરાનગર (તા. અબડાસા)** : સોઢા ભુરસિંહ અમરસિંહ (ઉ.વ.૮૫) તે સ્વ. અરજણસિંહ, સરદારસિંહ, અચલસિંહના ભાઈ, ગેનુભા, કરસનસિંહના પિતા, સ્વ. જુવાનસિંહ તથા ચતરસિંહ, બળવતસિંહ, જીલુભા લક્ષ્મણસિંહ, ઉદેસિંહના કાકા, ધર્મેન્દ્રસિંહ રવિરાજસિંહ, રામદેવસિંહ, મહાવીરસિંહ, યુવરાજસિંહના દાદા, ધ્રુવરાજસિંહ, હિતરાજસિંહના પરદાદા ૧૫-૪ના અવસાન પામ્યા છે. પાણીઢોળ તા. ૨૬-૪ના રવિવારે.

**દયાપર (તા. લખપત)** : લોંચા ખીમજી ઉમરા (ઉ.વ. ૭૦) તે હીરબાઈના પતિ, નરસિંહ, વિનોદના પિતા, સ્વ. મેઘજી ઉમરા, લોંચા હરજી ઉમરા, સ્વ. રામજી ઉમરા, સ્વ. કાનબાઈ ફકુ દાફડા (કાદિયા)ના ભાઈ, જાદવ સ્વ. નારાણ ભીમજી (ધુફી)ના જમાઈ, હરેશ, સુરેશના બનેવી તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. સત્સંગ તા. ૨૫-૪ના રાત્રે તથા બારસની ધાર્મિકવિધિ તા. ૨૬-૪ના સવારે ૧૦ વાગ્યે પાણી તથા સાદડી - બેસણું નિવાસસ્થાને શંભુનગર, પાનેલી રોડ ખાતે.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન ચીઆસરના લક્ષ્મીબેન દિલીપ મારૂ (ઉં. વ. ૬૩) તા. ૨૩-૪ના અવસાન પામેલ છે. કેસરબેન રતનશી દેવરાજના પુત્રવધુ. દિલીપ રતનશીના પત્ની. પ્રતિક, વિકીતા (વિધી)ના માતા. મકડાના ધનબાઈ હરશીના પુત્રી. ડુંગરશી, વલ્લભજી, મણીલાલ, તલકશી, દામજી, ગોવિંદજી, પ્રવિણ, મોથારા પ્રેમીલા જયંતીલાલના બહેન. પ્રાર્થના શ્રી ક.વિ.ઓ. દે. જૈ. મહાજન સં. શ્રી જીરાવલ્લા દેરાસર વાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઈસ્ટ), ટા. બપોરે ૩:૩૦થી ૫. હાડકાં, માંસપેશીઓ, ત્વચા અને નેત્ર દાન કરેલ છે.

બેરાજાના અ.સૌ. જ્યોતિ (જયવંતી) સૂર્યકાંત કક્કા (ઉં. વ. ૬૭) તા. ૨૩-૪ના અવસાન પામેલ છે. અમૃતબેન દામજીના પુત્રવધુ. વિરલ, અંકિતના માતા. કાંડાગરા રતનબેન (ભચીબેન) રામજી હિરજી ગાલાના પુત્રી. ઝવેરચંદ, જેઠાલાલના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન, ચક્ષુદાન, હાડકાદાન કરેલ છે. નિ. સૂર્યકાંત કક્કા, ૭, શ્રી દર્શન, વાલજી લધા ક્રોસ રોડ, મુલુંડ (વેસ્ટ), મું. ૮૦.

# ચોબારી જિ.પં. બેઠક પર ભાજપ સર્જશે ઈતિહાસ

## પુરીબેન ઢીલાને મળતું સ્વયંભૂ લોકસમર્થન





ભચાઉ - કચ્છઉદય : વાગડ પંથકની ચોબારી જિલ્લા પંચાયત બેઠક પર ભાજપના ઉમેદવાર પુરીબેન ઢીલાને સ્વયંભૂ લોકસમર્થન પ્રાપ્ત થઈ રહ્યું હોઈ આ બેઠક પર ભગવા બ્રિગેડ ઈતિહાસ સર્જશે તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. વાગડની સૌથી હાઈ પ્રોફાઈલ બેઠક અને વર્ષોથી આહિરોના પ્રભુત્વ વારી આ બેઠકનું ખડીર સાથે પણ અનેરો નાતો છે. એકલ બાંભણકા સહિતના વિસ્તાર સમાવતી આ બેઠક પર ભાજપના મહિલા ઉમેદવાર પુરીબેન ઢીલા વિકાસના ભાથા સાથે મતદારો સમક્ષ જઈ રહ્યા છે. પુરીબેન ચોબારીના સરપંચ પણ રહી ચુકયા છે. જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, વાઘુભા જાડેજા, અરજણભાઈ રબારી, વિકાસભાઈ રાજગોર, વાઘજીભાઈ આહિર, નારાણભાઈ આહિર (ખડીર), રૂપેશભાઈ આહિર, નામેરી ઢીલા, કુલદીપસિંહ જાડેજા, રૂપલ દેસાઈ સહિતનાઓ આ બેઠક પર ભાજપને જંગી લીડ સાથે વિજયી બનાવવા અપીલ કરી હતી.

# આધોઈ જિ.પં. બેઠક પર ફરી ભગવો લહેરાશે

## વિજયસિંહ જાડેજાને વિજયી બનાવવા મતદારોમાં અનેરો ઉત્સાહ





ભચાઉ - કચ્છઉદય : વાગડ વિસ્તારની આધોઈ જિલ્લા પંચાયત બેઠક પર ભાજપે યુવા ઉમેદવાર એવા વિજયસિંહ જાડેજાને મેદાને ઉતાર્યા છે, ત્યારે આ બેઠક પર ફરી ભગવો લહેરાવવો નિશ્ચિત મનાઈ રહ્યો છે. વર્ષોથી જસુભા જાડેજા પરિવાર દ્વારા આ વિસ્તારમાં લોક સેવા કરવામાં આવી રહી છે, ત્યારે તેમના ભત્રીજાને ભાજપે ટીકીટ ફાળવી છે, ત્યારે તેમને જીતાડવા માટે મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિકાસ નીતિ સાથે વિજયસિંહ જાડેજા મેદાને ઉતર્યા છે, ત્યારે ઐતિહાસિક જીત સાથે વિજય પ્રાપ્ત કરશે તેવું સ્થાનિકો જણાવી રહ્યા છે. ન માત્ર સમાજ પરંતુ ગામની અનેક સંસ્થાઓ અને મુંબઈ સાથે તેઓનો નાતો રહેલો છે. કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, અરજણ રબારી, વાઘુભા જાડેજા, દયારામ મારાજ, ખેતીશીભાઈ ચરલા, કનૈયાલાલ બોરીચા, રાજાભાઈ મણોદરા, વાઘજીભાઈ છાંગા, દેવજીભાઈ રબારી, લક્ષ્મીચંદ ચરલા (વાગડ વિકાસ સંઘ પ્રમુખ), કુલદીપસિંહ જાડેજા, જનકસિંહ જાડેજા સહિતનાઓ આ બેઠક માટે પ્રચારમાં જોડાયા હતા. મુંબઈના ધારાસભ્ય મુળજીભાઈ પટેલ તેમજ કાઉન્સિલર કેસરબેન પટેલ, ધીરજલાલ પુંજ, કનૈયાલાલ બોરીચા, રમેશભાઈ બોરીચા, ખુમણ વણકર સહિતનાઓએ પણ વિજયસિંહ જાડેજાને વિજયી બનાવવા મતદારોને અપીલ કરી હતી.

# સામખિયાળી જિ.પં. બેઠક પર ભાજપ તરફી માહોલ

## જયશ્રીબેન ચાવડાના સમર્થનમાં અઢારે વર્ણના લોકો



ભચાઉ - કચ્છઉદય : સામખિયાળી જિલ્લા પંચાયત બેઠક પર ભાજપના ઉમેદવાર જયશ્રીબેન ચાવડાની તરફેણમાં માહોલ જોવા મળી રહ્યો છે. તેમના સમર્થનમાં અઢારે વર્ણના લોકો જોવા મળી રહ્યા છે. જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ અને રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ આ સીટ માટે કુલદીપસિંહ જાડેજા, અરજણભાઈ રબારી, રણછોડભાઈ આહિર, હિરાભાઈ કોલી, નારણભાઈ છેડા, દયારામ મારાજ, રૂપલ દેસાઈ, નાગજી રબારી, ગણેશ રબારી સહિતનાઓ લોકો સમક્ષ પ્રચાર માટે પહોંચી રહ્યા છે. વાઘજીભાઈ આહિરે જણાવ્યું હતું કે, સામખિયાળી જિલ્લા પંચાયત બેઠક પર ભાજપ ભવ્ય વિજય પ્રાપ્ત કરશે.

# કચ્છ નોંધ

**ફિટનેશ યોગ ઈવેન્ટ**

● ભુજ ઉમા કેન્દ્ર અને લાયોનેસ ક્લબ ઓફ ભુજના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬-૪ના રવિવારે સવારે ૭થી ૮:૧૫ કલાકે ખેંગાર પાર્ક ખાતે યોગ ટીચરો દ્વારા ફુલબોડી વર્કઆઉટ, યુનિક બીટ્સ સાથે મેટ યોગા, મેલોડી મ્યુઝિક વર્કઆઉટ, ક્લેપીંગ યોગા સ્ટેપ્સ, માઈન્ડ્સ રિફ્રેશ એક્સરસાઈઝ કરાવવામાં આવશે.

**શ્રી રામકૃષ્ણ શારદા સેવાશ્રમ-અંજાર**

● માં શારદા દવાખાનું રાહત દરે તપાસ અને નિદાન કરી દવા પણ આપવા માં આવશે દરરોજ સાજે ૬ થી ૭ ચાલુ રહેશે સ્થળ: શ્રી રામકૃષ્ણ શારદા સેવાશ્રમ, બિલેશ્વર નગર ૧૧૬/૧૧૯ માં શારદા સેવા ભવન નયા અંજાર

**જય શ્રી કૃષ્ણ ગ્રુપ - અંજાર**

● અંજાર મધ્યે પ્રભાતફેરી "જય શ્રી કૃષ્ણ" ગ્રુપ દ્વારા તારીખ ૨૭/૪/૨૦૨૬ સોમવાર વૈશાખ માસની સુદ અગિયારસ નારોજ (મોહિની એકાદશી) સવારે ૬:૦૦ વાગ્યે પ્રભાત ફેરી અંજાર મધ્યે દરિયાસ્થાન મંદિર થી પ્રસ્થાન કરશે. તો સર્વે સનાતન ધર્મ ના ભાઈઓ તથા બહેનો ને નિમંત્રણ.

# રત્નકણિકા

**રાજપુરોહિતોને રાજાના કરેલા પાપના ફળ ભોગવવા પડે છે.**

**- આચાર્ય ચાણક્ય**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. આદર-૧૩૯૫, મુ. જિલ્કાદ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, વૈશાખ સુદ-૯ શ્રી જાનકી જયંતિ, સીતા નવમી, શ્રી હરિ નવમી તા.૨૫ એપ્રિલ ૨૦૨૬, શનિવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૭, આશ્લેષા નક્ષત્ર, ગંડ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૨૪, સૂ.અ.૭:૧૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), રાત્રે ૮:૦૫ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : હિતશત્રુઓથી સાવધ રહેવું. કાર્યબોજ હળવું બને.

**વૃષભ** : અટકેલા કાર્યો પૂર્ણ થાય. માંગલિક પ્રસંગોમાં ધન વ્યય થાય.

**મિથુન** : જીવનસાથીથી સ્નેહ રહે. મનની મુરાદ પૂરી થાય.

**કર્ક** : બગડેલા કાર્યો સુધારી શકશો. ભાગીદારી સાથે સંઘર્ષ થાય.

**સિંહ** : કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. આર્થિક સમસ્યા હળવી બને.

**કન્યા** : નવિન સમાચાર મળે. મનની ઈચ્છા પૂર્ણ થાય.

**તુલા** : ક્રોધ પર કાબુ રાખવો હિતાવહ. ગૃહવિવાદના ભોગ બનવું પડે.

**વૃશ્ચિક** : વાદ-વિવાદમાં સંભાળવું. વ્યર્થ ચિંતા ટળશે.

**ધન** : જીવનસાથીથી વાણી ઘર્ષણ થાય. મનમાં ક્રોધ રહે.

**મકર** : વ્યર્થ ગુપ્ત ચિંતા સતાવે. પારિવાર તથા મિત્રોનો સહકાર મળે.

**કુંભ** : વાક્ય ચતુરાઈથી સફળતા મળે. વિરોધીઓ પાછા પડે.

**મીન** : નવિન કાર્યોમાં સફળતા મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય.

# સુરજબારી પુલ પાસે ગાડીમાંથી ૧.૬૩ લાખના ક્વાર્ટરીયા પકડાયા

ભચાઉ - કચ્છ ઉદય : સુરજબારી પુલ પાસે પેટ્રોલિંગમાં રહેલી સામખિયાળી પોલીસને બાતમી મળી હતી કે, શિકારપુરના રણમાંથી બલેનો ગાડીમાં દારૂ સામખિયાળી તરફ આવી રહ્યો છે.

કિસ્મત હોટલ પાસે વોચમાં રહીને ગાડીને રોકવાનો પ્રયત્ન કરતા ચાલકે કાર ભગાડી હતી. સુરજબારીમાં પ્રાથમિક





શાળાની બાજુમાં કાર મૂકીને ચાલક ભાગી ગયો હતો. બલેનો ગાડીમાંથી ૧૮૦ એમએલના ૯૩૦ ક્વાર્ટરીયા મળી આવ્યા હતા. જેની કિંમત રૂા.૧,૬૩,૨૦૦ આંકવામાં આવી છે.

હાજર ન મળી આવેલા મૂળ ચીરઈ હાલે સામખિયાળીમાં રહેતા અભય વેલા બઢીયા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આરોપી સામે અગાઉ પણ છ ગુના નોંધાયેલા છે.

# ગાંધીધામમાં બસમાંથી ઉતરેલા યુવક પાસેથી દારૂ મળ્યો

ગાંધીધામ - કચ્છ ઉદય : શહેરમાં ઈફકો કોલોની ગેટથી રોટરી સર્કલ જતા ટાગોર રોડ પર બસમાંથી એક યુવક ઉતર્યો હતો. રોડની સાઈડમાં ઊભો હતો. તેની તપાસ કરતા દારૂ મળી આવ્યો હતો. એલસીબીએ ગુરુકુળ વિસ્તારના દીપક ઉર્ફે દીપુ




જગદીશભાઈ મંગલાણીની ધરપકડ કરી તેની પાસેથી ૧૦,૧૭૦ ની દારૂની ૧૮ બોટલ કબજે કરી હતી. મેઘપર (બોરીચી)ના હર્ષ શ્યામ નેકવાણી અને ધ્રુવ રીતેશગિરિ ગોસ્વામી હાજર મળી આવ્યા ન હતા.

# કિડાણામાં તડીપારના હુકમનો બે શખ્સોએ ભંગ કર્યો

ગાંધીધામ - કચ્છ ઉદય : તાલુકાના કિડાણા ગામના બે શખ્સોને તડીપાર કરવામાં આવ્યા હતા. બે મહિના માટે તડીપાર કરવા છતા તેઓ ગામમાં આવી જતા ફરી પકડી લેવામાં આવ્યા હતા. ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે સુલ્તાન ગની છુછીયા અને દાઉદ ઉર્ફે દાવલો ઈબ્રાહીમ કટીયાને પકડી હદપારનો હુકમનો ભંગ કરવા સંદર્ભે ગુનો દાખલ કર્યો હતો.

# ચેક બાઉન્સના કેસમાં ભુજના આરોપીને એક વર્ષની કેદ અને ૨.૪૦ લાખનો દંડ

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરમાં રહેતા આરોપી નવીનચંદ્ર નાગજીભાઈ વોરાએ તેમના પરિચિત ભરત અમૃતલાલ મહેતા પાસેથી વ્યક્તિગત જરૂરિયાત અર્થે રૂ. બે લાખ હાથ ઉછીના લીધા હતા. આ રકમની પરત ચુકવણી માટે આરોપીએ આપેલો ચેક બેંકમાં રજૂ કરતા 'ફન્ડ ઈન્ડસફીસીયન્ટ' ના શેરા સાથે પરત ફર્યો હતો. આ અંગે ભરત મહેતાએ ભુજની અદાલતમાં ફરિયાદ દાખલ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન દલીલો અને મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓના આધારે ભુજના ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ દ્વારા આરોપી નવીનચંદ્ર વોરાને તકસીરવાન ઠરાવવામાં આવ્યા હતા. અદાલતે આરોપીને એક વર્ષની કેદની સજા ફટકારી છે અને રૂ. ૨.૪૦ વળતર પેટે ૩૦ દિવસમાં ફરિયાદીને ચૂકવી આપવા હુકમ કર્યો છે. જો આરોપી વળતરની રકમ ચૂકવવામાં કસૂર કરે તો વધુ બે માસની કેદની સજાનો પણ ચુકાદો જાહેર કરવામાં આવ્યો છે. ચુકાદા સમયે આરોપી કોર્ટમાં હાજર ન હોવાથી અદાલતે તેની સામે સજા અંગેનું વોરંટ પણ ઈસ્યુ કર્યું છે. આ કેસમાં ફરિયાદીના વકીલ તરીકે અમિત એ. ઠક્કર સાથે પ્રશાંત બી. મકવાણા અને રાજેશ ભાનુશાલી હાજર રહ્યા હતા.

# કચ્છમાં તીવ્ર ગરમી વચ્ચે તથા સામાન્ય ચૂંટણી દરમિયાન આરોગ્ય વિભાગ સજ્જ : હીટવેવ સામે વ્યાપક તૈયારી

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં હાલ ચાલી રહેલી તીવ્ર ગરમી અને હીટવેવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વ્યાપક તૈયારીઓ કરવામાં આવી છે તેમજ નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા અપીલ કરવામાં આવે છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા જિલ્લાના કેસડીએચ અને સીએચસીના અધિક્ષકો ટીએચઓ સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક યોજી હીટવેવ સામે અસરકારક કામગીરી માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જિલ્લામાં કુલ ૧૧૯ આરોગ્ય સુવિધાઓ કાર્યરત છે, જેમાંથી ૧૦૪ આઈએલઆર, ૯૧ ડીપ ફ્રીઝર, ૧૩૪ ઘરેલું ફ્રીઝ, ૧૫૧ કોલ્ડ બોક્સ નો ઉપયોગકારી, ૧૧,૭૨૯ આઇસ પેક ઉપલબ્ધ રાખવામાં આવ્યા છે, જેથી હીટવેવ અસરગ્રસ્ટ દર્દીને તાતકાલિક સરવાર આપી શકાય. હીટવેવ માટે જિલ્લા હોસ્પિટલ ખાતે ૧૦ બેડ, ઉપજિલ્લા હોસ્પિટલ ખાતે ૫ બેડ અને સમુદાય આરોગ્ય કેન્દ્રો ખાતે ૨ બેડ એમ કુલ ૭૦ બેડ રિઝર્વ રાખવામાં આવ્યા છે. અને કૂલિંગ થેરાપી કાર્યરત કરવામાં આવેલ છે. આ ઉપરાંત ઈમર્જન્સી સેવા માટે જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સાથે અન્ય ૩૮ એમ્બ્યુલન્સ ઉપલબ્ધ રાખવામાં આવી છે. તેમાં પણ આઈસ પેક ઉપલબ્ધ કરાવી ઈમરજન્સીમાં સારવારમાં લઈ શકાય, ૩૪ મોબાઈલ ટીમ અને ૪૧૬ પેરામેડિકલ ટીમોને તાત્કાલિક કામગીરી માટે તૈનાત રાખવામાં આવી છે. જિલ્લા આરોગ્ય તંત્રના જણાવ્યા અનુસાર ગરમીના આ સમયમાં શરીરને હાઈડ્રેટ રાખવું અત્યંત આવશ્યક છે. તરસ ન લાગે તો પણ નિયમિત અંતરે પૂરતું પાણી પીવું આરોગ્ય માટે ખૂબ જ લાભદાયી છે. ગરમીથી બચવા નાગરિકોને બપોરે ૧૨ થી ૪ વાગ્યા દરમિયાન બહાર જવાનું ટાળવા, બહાર જતાં સનગ્લાસ, ટોપી અથવા છત્રીનો ઉપયોગ કરવા, ઢીલા અને સુતરાઉ કપડાં પહેરવા, હળવો અને સુપાચ્ય ખોરાક લો અને બહારનું ખાવાનું ટાળવા, બાળકો અને વડીલોનું વિશેષ ધ્યાન રાખવા, ડાયાબિટીસ અને હાયપરટેન્શન ધરાવતા દર્દીઓ નિયમિત દવાઓ લેતા રહેવા, હીટસ્ટ્રોકના લક્ષણો જણાય તો તરત સારવાર લેવા, માથાનો દુઃખાવો, ચક્કર આવવું, નબળાઈ, ઊલ્ટી કે ઝાડા જેવા લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રમાં સંપર્ક કરવા, તરબૂચ, કાકડી, નારંગી, નાળિયેર પાણી અને લીંબુ પાણીનું સેવન કરવા અને અતિ ઠંડા પીણાં ટાળવા જણાવાયું છે.


## મેઘપર (બોરીચી)માં ઈજાગ્રસ્ત આધેડને ભુજ લાવતા સારવાર દરમિયાન મોત

ગાંધીધામ - કચ્છ ઉદય : અંજાર તાલુકાના મેઘપર (બોરીચી)માં આરટીઓ ઓફિસની બાજુમાં બરોડા બેંકની બાજુમાં સર્વિસ રોડ પર એક આધેડ ઈજાગ્રસ્ત હાલમાં મળી આવ્યા હતા.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ અંજાર આરટીઓ ઓફિસની બાજુમાંથી ઈજાગ્રસ્ત મળેલ આધેડને ૧૦૮ મારફતે પ્રથમ રામબાગ ત્યાંથી જી.કે. જનરલ ખસેડવામાં આવ્યા હતા. અહીંથી અમદાવાદ લઈ જતી વખતે રસ્તામાં વેલસ્પન કંપની પહોંચ્યા ત્યારે મોત થયું હતું. બનાવ અંગે અંજાર પોલીસે એડી દાખલ કરી છે.




























# ‘મંદિરો અને ધાર્મિક સંસ્થાઓ પર રાજ્યની માલિકીની ન હોઈ શકે’, સુપ્રીમ કોર્ટમાં જૈન સમુદાયની મહત્ત્વની દલીલ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : સબરીમાલા કેસ સાથે જોડાયેલા વ્યાપક બંધારણીય મુદ્દાઓ પર સુપ્રીમ કોર્ટની નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચ સમક્ષ સુનાવણી ચાલી રહી છે. આ દરમિયાન જૈન સમુદાય દ્વારા એક અત્યંત મહત્ત્વનો પક્ષ રજૂ કરવામાં આવ્યો છે. ગીતાર્થ ગંગા વતી રજૂ થયેલી આ દલીલોમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે મંદિરો અને ધાર્મિક સંસ્થાઓનું સંચાલન કે માલિકી કોઈ બિનસાંપ્રદાયિક રાજ્ય પાસે હોઈ શકે નહીં.

ન્યાયાલયમાં વરિષ્ઠ એડવોકેટ કૃષ્ણન વેણુગોપાલ દ્વારા જૈનાચાર્ય યુગભૂષણ સૂરીજીના માર્ગદર્શન હેઠળ આ દલીલો રજૂ કરવામાં આવી હતી. તેમાં જણાવાયું છે કે ધાર્મિક સંસ્થાઓ માત્ર ઈંટ-પથ્થરના માળખા નથી, પરંતુ તે ધર્મનો આંતરિક અને સ્વાયત્ત ભાગ છે. મંદિરો, દેરાસરો અને મઠો એ આસ્થાના જીવંત કેન્દ્રો છે, જેમના સંચાલન અને ધાર્મિક વિધિઓ તે ધર્મના સિદ્ધાંતો અને પરંપરાઓ સાથે અતૂટ રીતે જોડાયેલા હોય છે.

જૈન સમુદાયે પવિત્ર સ્થળોને મુખ્યત્વે બે ભાગમાં વહેંચીને સમજાવ્યા છે. પ્રથમ ‘પ્રાકૃતિક પવિત્ર સ્થળો’ જેમાં પર્વતો, નદીઓ અને જંગલોનો સમાવેશ થાય છે જે કોઈ માનવીય નિર્માણ વિના પણ પવિત્ર માનવામાં આવે છે. બીજી શ્રેણી ‘માનવ નિર્મિત સંસ્થાઓ’ની છે જેમાં મંદિરો અને દેરાસરોનો સમાવેશ થાય છે. આ બંને પ્રકારના સ્થળોની પવિત્રતા અને તેનું ચરિત્ર ધાર્મિક છે, નહીં કે બિનસાંપ્રદાયિક. તેથી તેને જાહેર સંપત્તિ તરીકે ગણી શકાય નહીં.

કોર્ટ સમક્ષ એ તર્ક રખાયો કે મંદિરોને માત્ર ભૌતિક સંપત્તિ કે જાહેર સુવિધા તરીકે ન જોવા જોઈએ, તે ‘લિવિંગ ઈન્ટીટ્યૂશન ઓફ ફેથ’ છે. તેનું પ્રબંધન ધાર્મિક સિદ્ધાંતો અને પરંપરાઓના અનુસાર જ હોવું જોઈએ. દલીલોમાં એ બાબત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે જ્યારે રાજ્ય મંદિરોનું સંચાલન પોતાના હસ્તક લે છે, ત્યારે તે ધાર્મિક સત્તાનું સ્થાન લે છે. આ પ્રકારનો હસ્તક્ષેપ ધર્મની સ્વાયત્તતા અને તેની આંતરિક શાસન પ્રણાલીને ખોરવે છે.

ભારતીય બંધારણ રાજ્યને મર્યાદિત હસ્તક્ષેપની છૂટ આપે છે, પરંતુ તે રાજ્યને ધાર્મિક સંસ્થાઓના મુખ્ય વહીવટ કે માલિકીની સત્તા આપતું નથી. રાજ્યની ભૂમિકા રક્ષણાત્મક હોવી જોઈએ, નહીં કે સુપરવાઈઝરી.

હાલમાં ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચ આ મામલે ગહન સુનાવણી કરી રહી છે. કોર્ટે હવે એ નક્કી કરવાનું છે કે શું કોઈ સેક્યુલર સ્ટેટ ધાર્મિક સંસ્થાઓ પર માલિકી હક્ક કરી શકે કે કેમ, અથવા આ સત્તા માત્ર સંબંધિત ધર્મના અનુયાયીઓ અને ધાર્મિક સત્તા પાસે જ રહેવી જોઈએ. આ કેસનો ચુકાદો ભારતમાં ધાર્મિક સ્વાતંત્ર્ય અને બંધારણીય સીમાઓ નક્કી કરવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે.

# ...તો ‘ડેટા પ્લાન’ મોંઘો થશે, ‘ઓન્લી વોઈસ-એસએમએસ પ્લાન’ સસ્તો થશે !

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતીય ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટીએ ટેલિકોમ કંપનીઓ માટે એક મહત્વની સમયમર્યાદા નક્કી કરી છે. તે મુજબ ૨૮ એપ્રિલ સુધીમાં તમામ ઓપરેટરોએ તેમના ટેક્સ સિસ્ટમમાં ફેરફાર કરીને દરેક વેલિડિટી માટે ‘વોઈસ અને એસએમએસ-ઓન્લી’ પ્લાન ફરજીયાત ઉપલબ્ધ કરાવવા પડશે. આ પ્લાન્સને વેબસાઈટ, મોબાઈલ એપ અને રિટેલ આઉટલેટ્સ પર સ્પષ્ટપણે દર્શાવવા પણ ફરજિયાત રહેશે. એટલે કે, ગ્રાહકો માટે ડેટા, વોઈસ અને એસએમએસના જેટલા પણ પ્લાન ઉપલબ્ધ છે, તેટલા જ પ્લાન ‘માત્ર વોઈસ કોલ’ માટે પણ રાખવા પડશે. ટ્રાઈના ડ્રાફ્ટ નોટિફિકેશન મુજબ, અત્યારે જેટલા પણ ડેટા+વોઈસ+એસએમએસ વાળા પ્લાન આપવામાં આવી રહ્યા છે, તેટલી જ વેલિડિટીવાળા અલગથી ‘વોઈસ ઓન્લી પ્લાન’ આપવા પડશે. ‘વોઈસ ઓન્લી પ્લાન’ કિંમત વર્તમાન ડેટાવાળા પ્લાનમાંથી ડેટા વપરાશને બાદ કરીને ઓછી રાખવી પડશે. આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે, કારણ કે દેશમાં મોટી સંખ્યામાં એવા ગ્રાહકો છે (ખાસ કરીને વડીલો, ગ્રામીણ અને ઓછી આવક ધરાવતો વર્ગ) જેમને ડેટાની જરૂર હોતી નથી, છતાં તેમને મજબૂરીમાં ડેટા સાથેના મોંઘા પ્લાન લેવા પડે છે. આ નિર્ણય બાદ એવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે કે, એકતરફ માત્ર વોઈસ કોલ અને એસએમએસ વાપરનારા ગ્રાહકોને મોટી રાહત મળી શકે છે, તો બીજી તરફ એવી આશંકા પણ સેવાઈ રહી છે કે, આવનારા સમયમાં ડેટા પ્લાન મોંઘા થઈ શકે છે.

વર્તમાનમાં તમામ ટેલિકોમ કંપનીઓ દરેક પ્લાનમાં ફરજીયાત ડેટા આપે છે, તેથી જ જેને જરૂર નથી, તેઓ પણ ડેટા પ્લાન લેવા મજબૂર થાય છે. હવે કંપનીઓ માટે ચિંતાની વાત એ છે કે, જો ડેટા+વોઈસ+જીસ્જી વાળા પ્લાનમાંથી ડેટા સાથે ડેટાનો ખર્ચ કાઢી નાખવામાં આવે તો તેમને નુકસાન થઈ શકે છે. કારણ કે દેશમાં અનેક મોબાઈલ યુઝર્સ એવા પણ છે, તેમને ડેટાની જરૂર નથી. તેથી જ કંપનીઓ પોતાના આ નુકસાનની ભરપાઈ કરવા માટે ડેટાવાળા પ્લાનમાં વધારો કરી શકે છે, જેના કારણે મોટાભાગના ડેટા યુઝર્સ માટે પ્લાન મોંઘો થઈ શકે છે, તો સસ્તો પ્લાન અમુક લોકો માટે રાહત બની શકે છે.

# યુદ્ધ વચ્ચે ચાબહાર પોર્ટ અંગે ભારત સરકાર લેશે મોટો નિર્ણય, ૧૨ કરોડ ડોલર લાગેલા છે દાવ પર

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારત અને ઈરાન વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોમાં એક મોટો વળાંક આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત ઈરાનના ચાબહાર બંદરમાં પોતાની હિસ્સેદારી ઈરાનની જ એક સ્થાનિક કંપનીને વેચવાની તૈયારી કરી રહ્યું છે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ અમેરિકા દ્વારા ઈરાન પર લાદવામાં આવેલા આકરા પ્રતિબંધો છે. ભારતની આ કામગીરીને મળેલી છૂટની મુદત ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ પૂર્ણ થઈ રહી છે, જેને ધ્યાનમાં રાખીને ભારત સરકાર ‘ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ ચાબહાર ફ્રી ઝોનમાં પોતાની હિસ્સેદારી ઈરાની કંપનીને ટ્રાન્સફર કરવાનો પ્રસ્તાવ તૈયાર કરી રહી છે.

અમેરિકાએ ૨૦૧૮માં ઈરાન પર પ્રતિબંધો લગાવ્યા હતા, પરંતુ ભારતને ચાબહાર પ્રોજેક્ટ માટે વિશેષ છૂટ આપી હતી. જોકે, ફેબ્રુઆરી ૨૦૨૫માં અમેરિકાએ આ છૂટછાટોમાં ફેરફાર કે રદ કરવાનો સંકેત આપ્યો હતો. જો આ છૂટ આગળ ન વધે તો ભારતની વૈશ્વિક બંદર સંચાલન યોજનાઓને મોટું નુકસાન થઈ શકે છે.

આથી, ભારત એવી વ્યવસ્થા પર વિચાર કરી રહ્યું છે કે જ્યાં સુધી અમેરિકન પ્રતિબંધો અમલમાં છે ત્યાં સુધી એક સ્થાનિક ઈરાની કંપની સંચાલન સંભાળશે અને પ્રતિબંધો હટ્યા બાદ આ હિસ્સો ફરી ભારતને પરત સોંપવાની ગેરંટી આપવામાં આવશે.

ભારતે ચાબહાર પ્રોજેક્ટમાં અત્યાર સુધીમાં અંદાજે ૧૨ કરોડ ડૉલરનું રોકાણ કર્યું છે. આ બંદર દ્વારા ભારત અફઘાનિસ્તાનને માનવીય અને કટોકટીની સહાય પહોંચાડવામાં સફળ રહ્યું છે. વર્ષ ૨૦૨૪માં ભારતે આ ટર્મિનલના સંચાલન માટે ઈરાન સાથે ૧૦ વર્ષનો મહત્ત્વપૂર્ણ કરાર પણ કર્યો હતો.

ચાબહાર ટર્મિનલનું સંચાલન કરતી કંપની IPGL, મ્યાનમારમાં સીતવે બંદરનું પણ સંચાલન કરે છે. જો હિસ્સેદારીનું ટ્રાન્સફર સ્થાનિક ઈરાની કંપનીને કરવામાં આવે, તો ભારતીય કંપનીઓ પર પ્રતિબંધોનું જોખમ ઘટી જશે અને મધ્ય-પૂર્વ એશિયામાં ભારતની પકડ જળવાઈ રહેશે. અત્યારે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે વિદેશ મંત્રાલય તમામ પક્ષો સાથે આ મુદ્દે સતત ચર્ચા કરી રહ્યું છે.

# ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ પોતાનો મેડિકલ રિપોર્ટ જાહેર કરીને વિશ્વભરને ચોંકાવી દીધા

**બીમારી હોય કે દુશ્મન આ જ કરું છું : નેતન્યાહૂ**

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ પોતાનો મેડિકલ રિપોર્ટ જાહેર કરીને વિશ્વભરને ચોંકાવી દીધા છે. તેમણે ખુલાસો કર્યો છે કે, તેઓ છેલ્લા ઘણાં સમયથી એક ગંભીર બીમારી ઝઝૂમી રહ્યા હતા, જોકે હવે તેઓ સંપૂર્ણ સ્વસ્થ અને તંદુરસ્ત છે. તેઓ ૭૬ વર્ષની ઉંમરે પણ ફિટનેસ અને કામ પ્રત્યેના જુસ્સો ધરાવે, જેણે નિષ્ણાંતોને પણ ચોંકાવી દીધા છે.

જ્યારે થોડા દિવસો પહેલા નેતન્યાહૂનો મેડિકલ રિપોર્ટ કરવામાં આવ્યો ત્યારે તેમના પ્રોસ્ટેટમાં એક નાનો સ્પૉટ હોવાનું સામે આવ્યું હતું. પછી ડૉક્ટરોએ તાત્કાલીક તપાસ શરૂ કરીને પુષ્ટી કરી છે કે, આ સ્પૉટ શરૂઆતના સ્ટેજનો એક મૈકિગ્રેન્ટ એટલે કેન્સરયુક્ત ટ્યૂમર હતો. ડૉક્ટરોએ કહ્યું છે કે, નેતન્યાહૂની ઉંમર પ્રમાણે આવા પ્રકારના સ્પૉટ હોવા સામાન્ય વાત છે. હાલ તેમની પાસે બે વિકલ્પ હતા. એટલે કે માત્ર સમયસર મોનિટરિંગ કરવામાં આવે અથવા કંઈપણ ન કરવામાં આવે. એટલે કે, તાત્કાલીક સારવાર કરીને ટ્યૂમરને સંપૂર્ણ ખતમ કરવામાં આવે.

ઈઝરાયેલના વડાપ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર પોતાનો વાર્ષિક મેડિકલ રિપોર્ટ જાહેર કર્યો છે, જેમાં તેમણે લખ્યું છે કે, તેઓ હવે સંપૂર્ણપણે સ્વસ્થ અને ઉત્તમ શારીરિક સ્થિતિમાં છે. તેમણે ખુલાસો કર્યો કે યુદ્ધના સમયે ઈરાન દ્વારા ખોટો પ્રચાર ન ફેલાય તે માટે તેમણે આ રિપોર્ટ બે મહિના મોડો જાહેર કર્યો હતો. નેતન્યાહૂએ જણાવ્યું કે દોઢ વર્ષ પહેલા પ્રોસ્ટેટની સર્જરી બાદ રૂટિન ચેકઅપ દરમિયાન તેમના પ્રોસ્ટેટ પર એક ઈંચથી પણ નાનો એક સ્પોટ જોવા મળ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું કે તે કેન્સરની શરૂઆતનું સ્ટેજ હતું, પરંતુ તે ક્યાંય ફેલાયું નહોતું. ડોક્ટરોએ તેમને માત્ર નિરીક્ષણ હેઠળ રહેવા અથવા સારવાર કરાવવાના બે વિકલ્પ આપ્યા હતા.

નેતન્યાહૂએ પોતાનો મેડિકલ રિપોર્ટ શેર કરીને કહ્યું છે કે, ‘જ્યારે કોઈપણ ખતરાની માહિતી મને સમયસર મળી જાય છે તો હું તેને તુરંત ખતમ કરવા લાગી જવું છું. ભલે તે દેશ સાથે જોડાયેલી બાબત હોય કે પછી મારી વ્યક્તિગત જિંદગીની... મેં મારી બીમારી સાથે તે જ કર્યું છે.’ એટલે કે નેતન્યાહૂનું કહેવું છે કે, જ્યારે તેમને બીમારીની સમયસર માહિતી મળી, ત્યારે તેમણે દુશ્મનની જેમ બીમારીને પણ ખતમ કરી નાખી છે. તેમણે જેરુસલેમની હદાસા હોસ્પિટલની ટીમનો આભાર માન્યો અને ઈઝરાયેલના નાગરિકોને પણ સમયસર સ્વાસ્થ્ય તપાસ કરાવવાની અપીલ કરી છે.

# ઈઝરાયલ ભારતના ૫૦૦૦ લોકોને એરલિફ્ટ કરીને તેલ અવીવ કેમ લઈ જઈ રહ્યા છે? જાણો ‘ખાસ ઓપરેશન’

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ઈઝરાયલ અત્યારે ભારતમાં એક ખાસ ઓપરેશન ચલાવી રહ્યું છે. અહેવાલો અનુસાર, આ મિશન હેઠળ મણિપુરના અંદાજે ૫૦૦૦ લોકોને ઈઝરાયલના તેલ અવીવમાં વસાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. ખાસ વાત એ છે કે, આ તમામ લોકો એક જ સમુદાય એટલે કે ‘બનેઈ મેનાશે’ સમુદાયના છે. ગુરુવારે ઈઝરાયલ સરકારે આ ઓપરેશન હેઠળ અંદાજે ૨૫૦ લોકોની પ્રથમ બેચને દિલ્હી થઈને તેલ અવીવ પહોંચાડી છે, જેના કારણે આ ખાસ ઓપરેશન ચર્ચામાં આવ્યું છે.

ઈઝરાયલ દ્વારા આ ઓપરેશનને ‘ઓપરેશન વિંગ્સ ઑફ ડોન’ નામ આપવામાં આવ્યું છે. ગયા વર્ષે બેન્જામિન નેતન્યાહુ સરકારે ભારતથી આ સમુદાયના અંદાજે ૪,૬૦૦ લોકોના ઈમિગ્રેશન માટે ફંડ આપવાની જાહેરાત કરી હતી. છેલ્લા બે દાયકામાં અંદાજે ૫૦૦૦ લોકોને પહેલા જ ઈઝરાયલ લઈ જવામાં આવ્યા છે. ઈઝરાયલના ઈમિગ્રેશન મંત્રી ઓફિર સોફરે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ સમગ્ર સમુદાયને વસાવવાની શરૂઆત છે અને દર વર્ષે અંદાજે ૧૨૦૦ લોકોને ત્યાં લઈ જવામાં આવશે.

બનેઈ મેનાશે સમુદાયના મૂળ બાઈબલમાં વર્ણવેલ પ્રાચીન ઈઝરાયલની ૧૨ જનજાતિઓમાંથી એક સાથે જોડાયેલા માનવામાં આવે છે. આ લોકો પોતાને બાઈબલની ‘લોસ્ટ ટ્રાઈબ’ એટલે કે ‘ખોવાયેલી જનજાતિ’ઓમાંથી એક ગણાવે છે. આ સમુદાય પોતાને યૂસુફના પુત્ર મેનાશેના વંશજ માને છે. ઈતિહાસમાં જોઈએ તો, ૭૨૨ ઈસા પૂર્વે એસીરિયન શાસકોએ આ જનજાતિને દેશનિકાલ કરી હતી. ત્યારબાદ સદીઓ સુધી આ લોકો પર્શિયા, અફઘાનિસ્તાન, તિબેટ અને ચીન થઈને આશરે ૧૦,૦૦૦ લોકો ભારતના પૂર્વોત્તરમાં પહોંચ્યા અને મણિપુર તથા મિઝોરમમાં સ્થાયી થયા.

ભારતમાં આ સમુદાયના લોકો કુકી જનજાતિનો ભાગ છે. જોકે મોતાભાગના કુકી લોકો ખ્રિસ્તી ધર્મ અપનાવી ચૂક્યા છે, પરંતુ બનેઈ મેનાશે સમુદાય યહૂદી ધર્મ અને પરંપરાઓનું પાલન કરે છે. ભારતમાં યહૂદીઓને હંમેશા સુરક્ષાવાળું વાતાવરણ મળ્યું છે, તેથી તેઓ અહીં કોઈ પણ ધાર્મિક સમસ્યા વગર રહી શક્યા છે.

તેઓને ઈઝરાયલ લઈ જવાનું સૌથી મોટું કારણ સમુદાયનો ધર્મ છે. મણિપુરના દૂરના પહાડી વિસ્તારોમાં ધાર્મિક સુવિધાઓના અભાવે તેઓ પોતાની પરંપરાઓ સંપૂર્ણ રીતે નિભાવી શકતા નથી. સમુદાયના લોકોનું કહેવું છે કે, કેટલીક ધાર્મિક વિધિઓ માટે ઓછામાં ઓછા ૧૦ લોકોના સમૂહ(મિનયાન)ની જરૂર હોય છે, જે અહીં મળવું નથી. આ ઉપરાંત પરંપરાગત ભોજન અને સાંસ્કૃતિક સંસાધનોની અછતની પણ સમસ્યા છે. ઈઝરાયલ જવાની તૈયારીમાં ઘણા લોકો હિબ્રૂ ભાષા પણ શીખી રહ્યા છે. ઈઝરાયલ પહોંચ્યા પછી તેમને નાગરિકતા મેળવવા માટે યહૂદી ધર્મમાં ઔપચારિક રીતે પરિવર્તન કરવું પડશે.

# ગ્લુ ટ્રેપ મામલે હાઈકોર્ટ લાલચોળ: ‘તમે જાણ્યા વગર જ બિલ પસાર કરી દીધું, અમને સરકારી વાર્તાઓમાં રસ નથી’

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : રાજ્યભરમાં ઉંદર પકડવા માટે વપરાતી જીવલેણ ‘ગ્લુ ટ્રેપ’ પર પ્રતિબંધ મૂકવા અંગેની સુનાવણીમાં ગુજરાત હાઈકોર્ટે સરકારનો ઉધડો લીધો હતો. હાઈકોર્ટેની ખંડપીઠે સરકારની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવતા કહ્યું કે, સંબંધિત વિભાગોએ ગ્લુ ટ્રેપના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ લગાવવા બાબતે કોઈ સંતોષજનક પગલાં લીધા નથી.

કોર્ટે સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા અપૂરતી માહિતીવાળા સોગંદનામાને સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. ખંડપીઠે આકરી ટકોર કરતા જણાવ્યું કે, “હાઈકોર્ટની કોર્ટમાં બોલ ના નાખશો. તમને એ પણ ખબર નથી હોતી કે પ્રતિબંધિત વસ્તુઓ બજારમાં કેવી રીતે વેચાય છે.” કોર્ટે ગૃહ વિભાગ અને એનિમલ હસબન્ડરી વિભાગને આ મામલે અલ્ટીમેટમ આપ્યું છે.

હાઈકોર્ટે આ મામલે રાજ્યના ચીફ સેક્રેટરી (મુખ્ય સચિવ) પાસે અત્યાર સુધી શું પગલાં લેવાયા છે તેનો વિગતવાર જવાબ માંગ્યો છે. કોર્ટે અવલોકન કર્યું કે, સરકારી વિભાગો માત્ર સર્ક્યુલર બહાર પાડીને સંતોષ માની લે છે. આ સર્ક્યુલરનું પાલન થાય છે કે નહીં તેનું મોનિટરિંગ કરાતુ નથી. ઓફલાઈન બજારમાં પ્રતિબંધ હોય તો પણ ઓનલાઈન પ્લેટફોર્મ પર ગ્લુ ટ્રેપનું વેચાણ ધમધમી રહ્યું છે.

ખંડપીઠે રાજ્યના તમામ ડિસ્ટ્રિક્ટ કલેક્ટર અને ડાયરેક્ટર ઓફ એનિમલ હસબન્ડરીને આ મામલે તાત્કાલિક રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો છે. કોર્ટે કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે, “અમને સરકારે બનાવેલી વાર્તાઓ સાંભળવામાં કોઈ રસ નથી. જો કોર્ટ હુકમનું પાલન કરાવવા માટે કડક વલણ અપનાવશે તો સરકારને આકરું પડશે.”

ઉલ્લેખનીય છે કે ગ્લુ ટ્રેપમાં ફસાયેલા પ્રાણીઓ અત્યંત પીડાદાયક રીતે મૃત્યુ પામતા હોવાથી તેના પર પ્રતિબંધની માંગ કરવામાં આવી છે, પરંતુ તેના અમલીકરણમાં તંત્રની નિષ્ફળતા સામે હવે હાઈકોર્ટે લાલ આંખ કરી છે.

# ગટર સફાઈ માટે રાજ્યમાં નવા ૪૯ જેટિંગ, ૧૦૨ ડિસિલ્ટિંગ મશીન આવ્યા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : મેન્યુઅલ સ્ક્વેન્જિંગની કુપ્રથાને બંધ કરવાની દાદ માંગતી રિટ પિટિશનમાં હાઈકોર્ટ સમક્ષ સુનાવણી થઇ હતી. જેમાં હાઈકોર્ટે એવી ટકોર કરી કે આ મામલે લોકોમાં સંવેદનશીલતા જરૂરી છે. બીજી તરફ ઓથોરિટીએ જણાવ્યું હતું કે ગટર સફાઈ માટે રાજ્યમાં નવા ૪૯ જેટિંગ અને ૧૦૨ ડિસિલ્ટિંગ મશીન લવાયા છે.

માનવ ગરિમા સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૬માં જાહેર હિતની અરજી દાખલ કરાઈ હતી. જેમાં ગટર સફાઈ કામદારોના મોતના કેસમાં તેના પરિવારજનોને વળતર ચૂકવવા, મેન્યુઅલ સ્કેવેન્જિંગ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ અને આવા કિસ્સાઓમાં અધિકારીઓની જવાબદારી નક્કી કરવાની દાદ મગાઈ હતી. આ અરજીના પગલે જ મૃતકોના પરિજનોને વળતર ચૂકવાઈ ગયું છે, તો જવાબદાર સ્થાનિક ઓથોરિટીના અધિકારીઓ ઉપર આવા બનાવવામાં ફરિયાદ નોંધાઇ રહી છે.

હાઈકોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં સરકારી વકીલે કહ્યું હતું કે મેન્યુઅલ સ્કેવેન્જિંગ રોકવા માટે ૬૦ નવા જેટિંગ અને ૧૩૩ ડિસિલ્ટિંગ મશીનોના ઓર્ડર અપાયા છે. જે પૈકી ૪૯ જેટિંગ અને ૧૦૨ ડિસિલ્ટિંગ મશીન આવી ચૂક્યા છે. બાકીના મશીન પાંચમી મે સુધીમાં આવી જશે. રાજ્યની ૧૫૧ નગરપાલિકા મેન્યુઅલ સ્કેવેન્જિંગ મુક્ત બની છે. હાઈકોર્ટે ટોઈલેટ સફાઈ અને મેન્યુઅલ સ્કવેનજિંગ મુદ્દે લોકોએ સંવેદનશીલ બનવા ટકોર કરી છે. આ અંગે વધુ સુનાવણી જુલાઈમાં યોજાશે. આ મશીનરી કોન્ટ્રાક્ટ દ્વારા માણસો તેને ચલાવશે. પરંતુ મશીનરી ઓથોરિટી હસ્તક રહેશે. રાજ્યની ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની મશીનરી લાવી છે. હાઈકોર્ટે કહ્યું હતું કે સોસાયટી જાતે માણસને બોલાવીને મેન્યુઅલ સ્કેવેન્જિંગ કરાવી શકે નહીં. આ કામ કોર્પોરેશનનું છે. તેને યોગ્ય પધ્ધતિથી કામ કરવાની ખબર હોય. આ એક સામાજિક પ્રશ્ન છે, સમાજમાં જાતિ વ્યવસ્થાને લઈને માનસિકતા બદલાવાની જરૂર છે.

અગાઉ હાઈકોર્ટે કહ્યું હતું કે દરેક જિલ્લામાં જરૂરી મશીનો હોવા જ જોઈએ. જે મહાનગર પાલિકાઓ કે નગર પાલિકાઓ ગટર સફાઈનું કામ કોન્ટ્રાકટરને સોંપે છે. પરંતુ બધું કોન્ટ્રાકટર ઉપર ઢોળી ના દેવાય. કોન્ટ્રાક્ટરના વર્કને કોણ મોનીટર કરશે. સરકારી ઓથોરિટી પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. સરકારી વકીલે જણાવ્યું હતું કે હાઈકોર્ટના આદેશ મુજબ આ કામ નોડલ ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે. દર ત્રણ મહિને કામગીરીનો રિપોર્ટ મંગાવવામાં આવે છે.

# પ્રખરતાપ અને લગનગાળાની સિઝન મતદાનની ટકાવારી ઉપર અસર કરશે

**પાટીદાર સમાજનો ત્રિ-દશાવદી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે : અને ગામો ગામ છુટા છવાયા વિવિધ સમાજોના ૨૬ તારીખના લગ્ન પણ છે : મતદાનના દિવસે કાળઝાળ ગરમી મતદારોને અકળાવશે : લગ્નગાળાની સીજન હોતા પણ મતદાન ઓછું થવાની સંભાવનાઓ**

ભુજ - કચ્છ ઉદય : કચ્છમાં એક તરફ ગરમીનો પ્રકોપ તો બીજી તરફ લગ્નની સીઝનમાં ચુંટણીના મતદાન અસર કરે તો નવાઈ પામવા જેવું નહી હોય. કચ્છમાં અનેક જગ્યાએ સમુહ લગ્ન તો કંયાંક ધાર્મિક કાર્યો ચાલી રહ્યા છે. રબારી સમાજ તેમજ પાટીદાર સમાજમાં વિવિધ ગામોમાં લગ્ન યોજવાના છે ત્યારે પ્રસંગોમાં વ્યસ્ત હોવાથી કદાચ મતદાનની ટકાવારી ઓછી થવાની સંભાવના લોકો વ્યક્ત કરી રહ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હોતા ગામોગામ અને શેરીએ શેરીએ ઉમેદવારો મતદાન કરવા માટે અપીલ કરી રહ્યા છે જેટલું પણ મતદાન વહેલું થાય એવા પ્રયાસો કરવા મથી રહ્યા છે. પરંતુ જેમના ઘરે લગ્ન પ્રસંગ હોય અને મહેમાનો હોય તેવો કદાચ મતદાન ન પણ કરે પ્રસંગોમાં જવાનું હોવાથી લોકો કદાચ મતદાન ઉપર ગંભીર અસર પહોંચાડી શકે છે.

૨૫ ૨૬ તારીખના કોલ્ડ વેવ ની આગાહી પણ છે અનેદેશમપર ખાતે લક્ષ્મીનારાયણ સંસ્કારધામ ખાતે ૨૫ ૨૬ અને ૨૭ તારીખ સુધી ૩૦ પાટીદાર સમાજનો દશાબ્દી મહોત્સવ યોવાનો છે જેમાં પણ સમગ્ર ભારત ભરમાંથી પાટીદારો માદરે વતન આવ્યા છે ત્યારે અને ગામો ગામ છુટા છવાયા પાટીદાર સમાજ તથા રબારી સમાજમાં લગ્ન વધુ સંખ્યામાં છે તો આ લગ્નગાળાની સિઝન તથા પ્રખર તાપ પણ મતદારોને નિર્સ્તા તરફ લઈ જશે એમાં બે મત નથી.

હાલ નગરપાલિકા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ઉમેદવારો દ્વારા મતદારોને સવારના વહેલું મતદાન કરવા માટે અપીલ કરાઈ રહી છે પરંતુ યોગાનું યોગ ૨૬ તારીખે વધુ પડતા લગ્ન છે.

વિવિધ સમાજોમાં લગ્ન છે ત્યારે આ લગ્નગાળાની સિઝન પણ મતદાનની ટકાવારીને મોટી અસર કરી શકે છે પાટીદાર વસ્તી ધરાવતા ગામો નખત્રાણા તાલુકામાં વધુ છે ત્યારે નખત્રાણા તાલુકામાં જ નગરપાલિકા તથા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ ઉપર ત્રેવડો દામ લાગી શકે છે પ્રખરતાપ લગ્નગાળાની સિઝન અને પાટીદાર સમાજના વિવિધ પ્રસંગો હોવાથી મતદાન ઉપર આશિક અસર થવાની શક્યતાઓ લોકો વ્યક્ત કરી રહ્યા છે.

# કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પોલીસ તંત્ર સજ્જ : ૫૩૯૧ જવાનો તૈનાત

**કચ્છના કુલ ૧૮૬૬ મતદાન મથકો પૈકી ૫૧૮ સંવેદનશીલ અને ૨૧ અતિ સંવેદનશીલ બુથો પર પોલીસનો ચાંપતો બંદોબસ્ત**

ભુજ: આગામી ૨૬ એપ્રિલના રોજ કચ્છ જિલ્લામાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને વહીવટી અને પોલીસ તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. કચ્છના કુલ ૧૮૬૬ મતદાન મથકો પૈકી ૫૧૮ સંવેદનશીલ અને ૨૧ અતિ સંવેદનશીલ બુથો પર પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. શાંતિપૂર્ણ અને નિર્ભય વાતાવરણમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તે હેતુથી સમગ્ર જિલ્લામાં પોલીસ વડા, ડીવાયએસપી, પીઆઈ અને પીએસઆઈ સહિત કુલ ૫૩૯૧ જેટલા સુરક્ષાકર્મીઓ ખડેપગે રહેશે. મતદાનના આગલા દિવસે એટલે કે આજે જ ફરજ પરના સ્ટાફને જે તે મતદાન મથક ની જવાબદારીઓ સોંપી દેવામાં આવી છે. આજે તમામ મતદાન મથકો પર ઈવીએમ ઉપરાંત ચૂંટણી ફરજ પરનો સ્ટાફ અને સુરક્ષાકર્મીઓ તૈનાત થઈ જશે.

પશ્ચિમ કચ્છમાં એક પોલીસ અધિક્ષક અને ચાર નાયબ પોલીસ અધિક્ષકની દેખરેખ હેઠળ ૧૨૧૭ પોલીસ કર્મચારીઓ તથા ૧૨૭૯ હોમગાર્ડ-જીઆરડીના સભ્યો તૈનાત કરવામાં આવ્યા છે.



બુથ પર ફરજ બજાવતા પોલીસ જવાનો બોડી વોર્ન કેમેરાથી સજ્જ હશે અને મોબાઈલ વાહન દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવશે. તેવી જ રીતે પૂર્વ કચ્છમાં પાંચ નાયબ પોલીસ અધિક્ષક, ૨૬ પીઆઈ અને પીએસઆઈ સહિત ૯૯૩ પોલીસ કર્મચારીઓ અને હોમગાર્ડ-જીઆરડી મળીને ૮૯૨ જવાનો સુરક્ષાની જવાબદારી સંભાળશે. પોલીસ તંત્ર દ્વારા માત્ર મતદાન મથકો જ નહીં, પરંતુ સમગ્ર વિસ્તારમાં અસામાજિક તત્વો અને શંકાસ્પદ હિલચાલ પર બાજ નજર રાખવામાં આવી રહી છે.

## ભુજ ભાજપ પ્રમુખનો હુંકાર

# ભુજમાં ભાજપ તમામ રેકોર્ડ તોડી ઐતિહાસિક વિજય મેળવશે : મિત ઠક્કર



**વિપક્ષના ભ્રામક પ્રચારને જનતા જાકારો આપશે : ભાજપના ગઢમાં ગાબડું પાડવાના વિપક્ષના મનસૂબા નિષ્ફળ જશે: સુશાસન અને વિકાસના જોરે કેસરિયો માહોલ વિજય ઉત્સવમાં ફેરવાશે તેવો શહેર પ્રમુખનો આશાવાદ**

ભુજ - કચ્છઉદય :કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ હવે નિર્ણાયક તબક્કે પહોંચ્યો છે. પ્રચારના જાહેર પડઘમ શાંત થતાની સાથે જ રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. ભુજ નગરપાલિકાના આ ચૂંટણી જંગમાં ભારતીય જનતા પાર્ટીએ અત્યારથી જ વિજયની મજબૂત પાયાબંધી કરી લીધી છે. શહેર ભાજપના યુવા અને ઉત્સાહી પ્રમુખ મિતભાઈ ઠક્કરના નેતૃત્વમાં ભાજપ આ વખતે અભૂતપૂર્વ લીડ સાથે સત્તાના સિંહાસન પર પુનઃ બિરાજમાન થવા તરફ આગળ વધી રહ્યું છે. મિતભાઈએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, ભુજની જનતા માત્ર વિકાસને જાણે છે અને વિપક્ષો દ્વારા ફેલાવવામાં આવતા ભ્રામક પ્રચારનો જવાબ મતદાન દ્વારા આપશે.

ચૂંટણી પ્રચારની વ્યસ્તતા વચ્ચે ‘કચ્છ ઉદય’ સાથેની ખાસ મુલાકાતમાં શહેર ભાજપ પ્રમુખ મિતભાઈ ઠક્કરે આત્મવિશ્વાસ સાથે જણાવ્યું હતું કે, ભુજ નગરપાલિકામાં ભાજપનો વિજય નિશ્ચિત છે. તેમણે ગર્વ સાથે ઉમેર્યું કે, ચૂંટણીના પરિણામો આવે તે પહેલા જ એક આખા વોર્ડની ચારેય બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા છે. આ ઉપરાંત અન્ય બે બેઠકો પર પણ બિનહરીફ જીત મેળવીને ભાજપે વિપક્ષો પર માનસિક પ્રભુત્વ મેળવી લીધું છે. આ પ્રારંભિક જીત જ સાબિત કરે છે કે ભુજમાં ભાજપનો પાયો કેટલો મજબૂત છે અને લોકોનો વિશ્વાસ કેટલો અડગ છે.

છેલ્લા ચાર દાયકાથી ભુજ નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીનું શાસન રહ્યું છે. આ ૪૦ જેટલા વર્ષો દરમિયાન ભુજ શહેરે અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો છે. મિતભાઈએ ભૂતકાળને યાદ કરતા કહ્યું કે, ૨૦૦૧નો વિનાશક ભૂકંપ હોય કે કોરોના જેવી વૈશ્વિક મહામારી, ભાજપના શાસકોએ ક્યારેય હાર માની નથી. કેન્દ્ર અને રાજ્યમાં બેઠેલી ભાજપ સરકારના અતૂટ સહયોગથી ભુજ નગરપાલિકાએ દરેક આફત વખતે જનતાને પડખે ઉભા રહીને તેમની મુશ્કેલીઓ ઓછી કરવાનો પ્રયાસ કર્યો છે. ખાસ કરીને ભૂકંપ બાદ ભુજનું જે નવનિર્માણ થયું છે, તેનો શ્રેય ભાજપના સુશાસનને જાય છે. વસ્તી અને વિસ્તાર વધવાની સાથે જ ભાજપે માળખાકીય સુવિધાઓને પણ આધુનિક બનાવી છે.

શહેરી વિકાસની રૂપરેખા આપતા મિતભાઈએ જણાવ્યું કે, આજે ભુજમાં રોડ-રસ્તા, ગટર, પીવાનું પાણી અને રોડલાઈટ જેવી પાયાની સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થયો છે. કચ્છનું હૃદય હોવાના કારણે ભુજમાં દરરોજ હજારો પ્રવાસીઓ અને ગ્રામીણ લોકો આવતા હોય છે, તેમની સુવિધા માટે પણ નગરપાલિકાએ હંમેશા સજાગ રહીને કામ કર્યું છે. માત્ર માળખાકીય જ નહીં, પરંતુ બાગ-બગીચા અને આનુસંગિક સુવિધાઓ વધારીને ભુજને રહેવા લાયક શ્રેષ્ઠ શહેર બનાવવાની દિશામાં ભાજપના સત્તાધીશો સફળ રહ્યા છે.

વિરોધ પક્ષો પર આકરા પ્રહાર કરતા શહેર ભાજપ પ્રમુખે જણાવ્યું કે, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અન્ય પક્ષોએ ભાજપના ગઢમાં ગાબડું પાડવા માટે અનેક ગતકડાં કર્યા છે. વિપક્ષો પાસે કોઈ ચોક્કસ એજન્ડા કે વિકાસનું વિઝન નથી, તેથી તેઓ ભ્રામક પ્રચાર અને નકારાત્મકતા ફેલાવીને લોકોના મન જીતવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યા છે. ભુજના જાગૃત નાગરિકો આ પ્રકારની રાજનીતિથી ભલીભાંતિ પરિચિત છે અને વિપક્ષોના જૂઠાણા સામે લોકોમાં ભારે આક્રોશ છે. મિતભાઈના જણાવ્યા મુજબ, વિપક્ષી પાર્ટીઓએ એડી ચોટીનું જોર લગાવ્યું હોવા છતાં તેઓ ભુજવાસીઓના હૃદયમાં સ્થાન મેળવવામાં સદંતર નિષ્ફળ રહ્યા છે.

અંતમાં મિતભાઈ ઠક્કરે મક્કમ આશાવાદ વ્યક્ત કર્યો કે, ભુજના તમામ વોર્ડ વિસ્તારોમાં અત્યારે ભાજપ તરફી લહેર છે. જનતાના અભૂતપૂર્વ સમર્થનને જોતા એવું લાગે છે કે આ વખતે ભારતીય જનતા પાર્ટી અગાઉના તમામ રેકોર્ડ તોડીને એક નવો જ વિક્રમ સ્થાપશે. યુવા મતદારોથી માંડીને વડીલો સુધીના તમામ લોકો ભાજપની વિકાસયાત્રામાં સહભાગી થવા ઉત્સુક છે. મતદાનના દિવસે ભુજની જનતા ફરી એકવાર ‘કમળ’ના નિશાન પર મહોર મારીને વિરોધ પક્ષોને યોગ્ય વળતો જવાબ આપશે અને ભુજમાં ફરી એકવાર ભવ્ય કેસરિયો લહેરાશે. મિતભાઈ ઠક્કરના કુશળ રણનીતિ અને કાર્યકર્તાઓના અથાગ પરિશ્રમને લીધે ભુજ ભાજપ આ ચૂંટણીમાં નવો ઈતિહાસ રચવા તૈયાર છે.

# કચ્છ જિલ્લાના આરોગ્ય વિભાગના ડ્રાઈવર વર્ગના કર્મચારીઓને ગુજરાત હાઈકોર્ટમાં મહત્વપૂર્ણ રાહત

**લાંબા સમય બાદ મળ્યા બાકી પગાર અને લાભો**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ હેઠળ મોબાઈલ હેલ્થ યુનિટમાં વર્ષોથી સેવા આપતા ડ્રાઈવર વર્ગના કર્મચારીઓએ તેમના હકક માટે દાખલ કરેલ અરજીમાં મહત્વપૂર્ણ પ્રગતિ નોંધાઈ છે અને અરજદારોને ન્યાય પ્રાપ્ત થયો છે.

અરજદારો દ્વારા તેમના વકીલ શિવાંગ શાહ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી, જેમાં જિલ્લા પંચાયત દ્વારા તા. ૯-૭-૨૦૧૪ના પસાર કરાયેલ આદેશને પડકારવામાં આવ્યો હતો. આદેશ દ્વારા અગાઉ વધારવામાં આવેલ પગાર રદ કરી રૂ. ૬,૦૦૦ નિશ્ચિત કરવામાં આવ્યો હતો તથા અગાઉ ચૂકવાયેલ રકમની વસુલાત કરવાનો ગેરકાયદેસર નિર્ણય લેવાયો હતો, જે કાનૂની રીતે અયોગ્ય અને બંધારણીય હક્કો વિરુદ્ધ હોવાનું રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાત હાઈકોર્ટે પ્રાથમિક રીતે અરજદારોના પક્ષને માન્યતા આપી અને તા. ૧૮-૧૧-૨૦૧૪ના નોટિસ જારી કરી



તેમજ સ્ટેટસ ક્વો જાળવવાનો હુકમ આપ્યો હતો. અરજદારો દ્વારા બાકી રહેલા પગાર તથા ન્યૂનતમ વેતન મેળવવા માટે દાખલ કરવામાં આવી હતી, જેમાં ગુજરાત સરકારના તા. ૧૮.૦૧.૨૦૧૭ના ઠરાવ મુજબ રૂ. ૧૯,૯૫૦ ન્યૂનતમ વેતન ચૂકવવા માંગણી કરવામાં આવી હતી. આ બાબતે અરજદારોના વકીલ શિવાંગ શાહ દ્વારા જોરદાર અને તર્કસંગત દલીલો રજૂ કરવામાં આવી હતી. પ્રતિવાદી પક્ષ તરફથી, ખાસ કરીને ચીફ ડિસ્ટ્રીક હેલ્થ ઓફિસર કચ્છ તરફથી વિરોધ કરવામાં આવ્યો હતો અને અરજીને પડકારવામાં આવી હતી. તેમ છતાં હાઈકોર્ટે બંને પક્ષોની દલીલો તથા રેકોર્ડ પરના સાચા તથ્યોને ધ્યાનમાં લઈને અરજદારોના પક્ષમાં આદેશ પસાર કર્યો હતો. પરિણામે, પ્રતિવાદી વિભાગને અરજદારોને ન્યૂનતમ વેતન તથા બાકી રહેલા તમામ એરીઅર્સ ચૂકવવા માટે દિશા આપવામાં આવી અને અરજદારોને આર્થિક લાભ મળ્યો છે. પ્રતિવાદી વિભાગ દ્વારા અરજદાર પૈકીના પ્રતાપગીરી ગોસ્વામી વિરુદ્ધ ઈન્ટરિમ રાહત રદ કરવા માટે અરજી કરવામાં આવી હતી, જેને અરજદારોના વકીલ શ્રી શિવાંગ શાહ દ્વારા મજબૂત રીતે વિરોધ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે આ અરજીને નકારી કાઢી. હાલમાં માંગણી તથા અન્ય રાહતો અંગેની સુનાવણી બાકી છે અને આ મામલે આગામી સુનાવણી તા. ૨૩-૬-૨૦૨૬ના નક્કી કરવામાં આવી છે. અરજદારો તરફથી વકીલ શિવાંગ શાહ દ્વારા રજૂ કરાયેલ દલીલો, કાનૂની મુદ્દાઓ અને તથ્યોના આધારે અરજદારોને લાંબા સમય બાદ ન્યાય મળ્યો છે. વર્ષો સુધી સેવા આપ્યા બાદ મળેલા આ લાભોથી અરજદારોમાં આનંદની લાગણી વ્યાપી છે અને તેઓએ જીવનકાળમાં જ તેમના હક્કનો લાભ પ્રાપ્ત કર્યો છે.

# દુર્ગાપુરના સેવાભાવી પરિવાર દ્વારા સંસ્થાઓને કરાતી મદદ



ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકાના દુર્ગાપુર નવાવાસના સ્વ. વસનજી લખમશીભાઈ અનેક ધાર્મિક તથા સામાજિક સંસ્થાના સુત્રધાર તરીકે જાણિતા હતા. તેમના ભાઈ રામભાઈ અભ્યાસ માટે અમેરિકામાં એમબીએની ડિગ્રી મેળવી હતી. કચ્છી જૈન સમાજમાંથી અમેરિકા અભ્યાસ અર્થે જનાર તેઓ પ્રથમ વિદ્યાર્થી હતા. અભ્યાસ બાદ વતનમાં પાછા ફર્યા અને ભાઈ વસનજી પાસેથી મેળવેલ સંસ્કારનો સદઉપયોગ કરીને બંને ભાઈઓએ વતનમાં જરૂરતમંદ વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના સેવાકાર્યોમાં લાગી ગયા હતા. વસનજીભાઈના અવસાન બાદ તેમના પુત્ર પિયુષ પણ પિતાના પગલે સેવાકાર્યોની જ્યોત જલતી રાખી છે. પીયુષભાઈના પુત્રો મિરજાપર - સુખપર રેલવે ક્રોસીંગ પાસે પછાતવર્ગના યુવાનોને માર્ગદર્શન ઉપરાંત કારકિર્દી ઉજવળ બનાવતી સંસ્થાને માતબર રકમનું અનુદાન આપેલ છે. કરમ સંસ્થા યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષા ઉપરાંત વિવિધ સરકારી નોકરીઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. પિયુષ વસનજી શાહ માંડવીમાં સરસ્વતી વિદ્યાલય ભુજ, માનવજ્યોત, ભોજાય હોસ્પિટલ, મા રત્નવીર આંખ વિભાગ બિદડા, મા રતનવીર કુદરતી ઉપચાર કેન્દ્ર સહિતની મદદરૂપ થાય છે.

# રિલાયન્સ સાથેની ભાગીદારીમાં ટાઈમ પ્રથમ વખત ‘TIME100 Next’ને ભારત રજૂ કરશે

ન્યૂ યોર્ક : ૨૩ એપ્રિલ ૨૦૨૬ - રિલાયન્સ સાથેની ભાગીદારીમાં ટાઈમ તેના ‘TIME100 Next’ ફ્રેન્ચાઈઝીની નવી આવૃત્તિ ‘TIME100 Next’ લોન્ચ કરશે. આ પહેલ ભવિષ્યને આકાર આપી રહેલા કાર્યો કરતા અને વિઝન ધરાવતા ભારતીય લીડર્સનીઆગામી પેઢીને સન્માનિત કરશે. ગુરુવારે ન્યૂયોર્કમાં આયોજિત વાર્ષિક TIME100 સમારંભ દરમિયાન સ્ટેજ પરથી ટાઈમના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર જેસિકા સિબલી અને રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક તથા ચેરપર્સન નીતા મુકેશ અંબાણી દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી.

TIME100 Next Indiaની યાદી ટાઈમના સંપાદકો દ્વારા તૈયાર કરવામાં આવશે જેમાં કળા, વિજ્ઞાન, બિઝનેસ, સ્પોર્ટ્સ, એડવોકેસી અને અન્ય ક્ષેત્રોમાં ભારતનું ભવિષ્ય ઘડી રહેલા ભારત અને વિદેશમાં વસતા ભારતીયોના ૧૦૦ ઉભરતા આગેવાનોને સ્થાન આપવામાં આવશે. આ યાદી ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવશે અને ડિસેમ્બર ૨૦૨૬માં મુંબઈમાં નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર ખાતે ‘TIME100 Next India Gala’માં તેની ઉજવણી કરવામાં આવશે.

“અમે પહેલીવાર TIME100ને ભારત રજૂ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છીએ,” તેમ ટાઈમના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર જેસિકા સિબલીએ જણાવ્યું હતું. “TIME100 Next India વિવિધ ઉદ્યોગો અને સમગ્ર વિશ્વમાં પ્રગતિ કરી રહેલા આગામી પેઢીના આગેવાનોને સન્માનિત અને એકત્રિત કરવા માટેની અમારી સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ પ્રયાસને સાકાર કરવામાં રિલાયન્સની ભાગીદારી બદલ અમેઆભારી છીએ.”



**પ્રથમ ‘TIME100 Next’ ડિસેમ્બર ૨૦૨૬માં એક એડિટોરિયલ લિસ્ટ સાથે ભવ્ય સમારંભમાં વિવિધ ક્ષેત્રોના ૧૦૦ ઉભરતા ભારતીય આગેવાનોને સન્માનિત કરાશે**

“રિલાયન્સમાં અમે પ્રતિભા, વિચારો અને નેતૃત્વની આગામી પેઢીને સશક્ત બનાવીને ભારતના ભવિષ્યના નિર્માણ માટે પ્રતિબદ્ધ છીએ,”તેમ રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા એમ. અંબાણીએ જણાવ્યું હતું. “ભારતમાં પ્રથમ વખત મુંબઈના નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર ખાતે TIME100 NEXT India લાવવા માટે અમે ટાઈમ સાથે ભાગીદારી કરતા ખૂબ જ ઉત્સાહિત છીએ. વિશ્વના શ્રેષ્ઠને ભારતમાં લાવવું અને ભારતના શ્રેષ્ઠને વિશ્વ સમક્ષ રજૂ કરવું એ હંમેશા અમારું વિઝન રહ્યું છે.”


TIME100 Next એવા નેતાઓને સન્માનિત કરવા માટેનું એક અત્યંત શક્તિશાળી પ્લેટફોર્મ બની ગયું છે જેઓ આગામી દાયકાઓનું ઘડતર કરશે. ભારતમાં આનો વિસ્તાર કરવાથી અમને એક મહત્વપૂર્ણ વળાંક પર ઉભરતી પ્રતિભાઓની અસાધારણ પેઢીને ઉજાગરકરવાની અને તેમની કહાની વૈશ્વિક પ્રેક્ષકો સુધી પહોંચાડવાની તક મળે છે,”તેમ ટાઈમના ચીફ સ્ટ્રેટેજી ઓફિસર અને એક્ઝિક્યુટિવ એડિટર ડેન મેકસાઈએ જણાવ્યું હતું, જેઓ TIME100 ફ્રેન્ચાઈઝીનું નેતૃત્વ કરે છે.

TIME100 Next Indiaનું લોન્ચિંગ ટાઈમ ૧૦૦ ફ્રેન્ચાઈઝીના વૈશ્વિક વિસ્તરણમાં એક નવો અધ્યાય છે અને ‘TIME100 Next’ની સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય આવૃત્તિ છે. અત્યાર સુધીમાં ટાઈમ ૨૦૨૧થી આંતરરાષ્ટ્રીય સ્તરે ME100 Impact Awards કાર્યક્રમો યોજ્યા છે અને તેના ઝડપથી વિસ્તરતા વૈશ્વિક ઈવેન્ટ્સ ડિવિઝન દ્વારા પાંચ ખંડોના વિવિધ શહેરોમાં કાર્યક્રમોનું આયોજન કર્યું છે. પ્રથમ ‘TIME100 Next India’ લિસ્ટ અને ગાલા સમારોહ વિશેની વધારાની વિગતો આગામી મહિનાઓમાં જાહેર કરવામાં આવશે.

# ભુજ નગરપાલિકાના વોર્ડ નંબર ત્રણમાં ભાજના ઉમેદવારો દ્વારા ભવ્ય પ્રચાર અભિયાન

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરના વિકાસના સંકલ્પને દોહરાવવા માટે ભુજ નગરપાલિકાના વોર્ડ નંબર ત્રણના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો દ્વારા એક ભવ્ય પ્રચાર અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગત શનિવારના અમન નગર ચાર રસ્તા, આત્મારામ રોડ સ્થિત કાર્યાલય ખાતેથી આ અભિયાનનો ઉત્સાહભેર પ્રારંભ થયો હતો. આ કાર્યક્રમમાં ભાજપના ચારેય પ્રબળ ઉમેદવારો અંબાલાલ રાજગોર, કુંભાર સમીર ગની લોટા, ડો. સના ચૌહાણ અને સમા બિલકિસ બેને ડોર ટુ ડોર મતદારો સાથે મુલાકાત કરી હતી. ઉમેદવારોએ શહેરના વિકાસ માટે પાર્ટીનું વિઝન રજૂ કરી લોકસેવાના કાર્યો માટે સતત જાગૃત અને પ્રયત્નશીલ રહેવા ખાતરી આપી હતી. આ પ્રચાર અભિયાન દરમિયાન ઉમેદવારોએ સ્થાનિક રહિશો સાથે સીધો સંવાદ સાધીને આગામી સમયમાં હાથ ધરવામાં આવનારા વિકાસના વિવિધ કાર્યો અને મુદ્દાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ પ્રચાર





યાત્રા વોર્ડ નંબર ત્રણના વિવિધ મહત્વના વિસ્તારોમાં ફરી હતી, જેમાં ખાસ કરીને અંજલી નગર, રોયલ સીટી, ભક્તિ નગર, ગ્રીન સીટી અને લખુરાઈ ચાર રસ્તા જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. દરેક વિસ્તારમાં ઉમેદવારોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને સ્થાનિક લોકોએ પણ ઉત્સાહપૂર્વક આ અભિયાનમાં ભાગ લીધો હતો. પ્રચારના માધ્યમથી ભાજપના ઉમેદવારોએ લોકોને વિકાસના પક્ષમાં રહેવા અને શહેરની ઉન્નતિમાં સહભાગી થવા માટે આહવાન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભાજપના કાર્યકરોમાં ભારે જોમ જોવા મળ્યો હતો અને વાતાવરણ સંપૂર્ણપણે ચૂંટણીલક્ષી માહોલમાં રંગાઈ ગયું હતું.

**અંજલી નગરથી લઈને લખુરાઈ ચાર રસ્તા સુધીના વિસ્તારોમાં કેસરીયો માહોલ છવાયો : મોટી સંખ્યામાં કાર્યકરો અને સમર્થકો ઉમટ્યા : ભાજપના ચારેય પ્રબળ ઉમેદવારો અંબાલાલ રાજગોર, કુંભાર સમીર ગની લોટા, ડો. સના ચૌહાણ અને સમા બિલકિસ બેને ડોર ટુ ડોર મતદારો સાથે મુલાકાત કરી**



# ભુજના પાંચ નાકા અને છઠ્ઠીબારી પાસે મતદાન લોકજાગૃતિ માટે કાર્યક્રમ યોજાયો



ભુજ - કચ્છઉદય : ભુજની છઠ્ઠીબારી પાસે મતદારોને જાગૃતિ માટે કાર્યક્રમ સંસ્કૃત પાઠશાળા, હાટકેશ સેવા મંડળ, અંબિકા મહિલા મંડળ, માજી હોમગાર્ડ પરિવાર દ્વારા જયશ્રીબેન હાથીના વડપણ હેઠળ યોજાયેલ હતો. આ પ્રસંગે આશિષ વૈદ્ય, વિભાકરભાઈ અંતાણી, હરેશભાઈ જોશી, દર્શનાબેન મુનશી, આશાબેન સ્વાદીયા અને દર્શનાબેન વૈદ્ય ઉપસ્થિત રહ્યા હતા એવું વત્સલાબેન શુક્લએ જણાવ્યું હતું.

# વોર્ડ નંબર ત્રણમાં પેનલ ટુ પેનલ ભાજપના ઉમેદવારોને જીતાડવા ભાજપના ઉમેદવારનું અનુરોધ

**વોર્ડ નંબર ત્રણમાં મોટાભાગના પ્રશ્નો ઉકેલાઈ ગયા છે અને નવી ગટરની લાઇન નાખવાનું કામ પ્રગતિમાં હોવાનું જણાવતા ભાજપના ઉમેદવાર અંબાલાલભાઈ રાજગોર**

ભુજ - કચ્છઉદય : ભુજના વોર્ડ નંબર ત્રણના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી અંબાલાલભાઈ રાજગોરે જણાવ્યું હતું કે વોર્ડ નંબર ત્રણમાં મોટાભાગની સમસ્યા ઉકેલાઈ ગઈ છે.



હાલ ભાજપના ચારે ઉમેદવાર પ્રજા સમક્ષ કરેલા કાર્યો રજુ કરીને મત માગી રહ્યો છે. ઉમેદવાર લાઈટ પાણી અને ગટર વગેરે ઉપર ભાજપના ભૂતપૂર્વ નગરસેવકોએ પૂરું ધ્યાન આપ્યું છે. હાલમાં આ વિસ્તારમાં મોટા ખર્ચે ઘરની નવી લાઈન બની રહી છે તે હું તેમને જણાવ્યું. મોટાભાગની સમસ્યા ઉકેલાઈ ગઈ છે કોઈક જગ્યાએ કદાચ કોઈ સમસ્યા ઉકેલવાની રહી ગઈ હશે તો ભાજપના નવા નગરસેવકો એને ઉકેલી નાખશે તેમને વોર્ડ નંબર ત્રણમાં ભારતીય જનતા પાર્ટીને પેનલ ટુ પેનલ મતદાન કરી અને વોર્ડના વિકાસમાં સહભાગી થવા સૌ કોઈને અપીલ કરી હતી.

# આજે રાજસ્થાન રોયલ્સનો સામનો સનરાઈઝર્સ હૈદરાબાદ સામે



(એજન્સી દ્વારા)

જયપુર : આઈપીએલ ૨૦૨૬માં આજે બે મેચ રમાશે. ૩૬મી મેચમાં આજે રાજસ્થાન રોયલ્સનો સામનો સનરાઈઝર્સ હૈદરાબાદ સામે થશે. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રમાનારી આ મેચ સાંજે ૭:૩૦ વાગ્યે શરૂ થશે.

બંને ટીમ આ સીઝનમાં બીજી વખત આમને-સામને થશે. આ પહેલા ૧૩ એપ્રિલે રમાયેલી મેચમાં હૈદરાબાદે રાજસ્થાનને ૫૭ રને હરાવ્યું હતું. આ સીઝનમાં બંને ટીમની આ આઠમી મેચ હશે. રાજસ્થાને ૭માંથી ૫ અને હૈદરાબાદે ૪ મેચ જીતી છે. જીઇઉં તેની છેલ્લી ત્રણેય મેચ સતત જીત્યું છે.

રાજસ્થાન અને હૈદરાબાદ વચ્ચે અત્યાર સુધીમાં કુલ ૨૨ મેચ રમાઈ છે. તેમાંથી સનરાઈઝર્સ હૈદરાબાદે ૧૩ મેચમાં જીત મેળવી છે, જ્યારે રાજસ્થાન રોયલ્સ માત્ર ૯ મેચ જીતવામાં સફળ રહી છે. જોકે, પોતાના હોમ ગ્રાઉન્ડ પર રાજસ્થાન આ રેકોર્ડ સુધારવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. સવાઈ માનસિંહ સ્ટેડિયમ ઈઈનું બીજું હોમ ગ્રાઉન્ડ છે. અહીં બંને ટીમ વચ્ચે ચાર મેચ રમાઈ છે અને બંને ટીમે ૨-૨ મેચ જીતી છે.

રાજસ્થાન રોયલ્સ માટે આ સીઝનમાં યુવા બેટર વૈભવ સૂર્યવંશીએ સૌને પ્રભાવિત કર્યા છે. તેણે ૭ મેચમાં ૨૨૦.૮૬ના તોફાની સ્ટ્રાઈક રેટથી ૨૫૪ રન બનાવ્યા છે, જેમાં ૨ ફિફ્ટી સામેલ છે. બોલિંગમાં જોફ્રા આર્ચર ટીમની મુખ્ય કડી છે. આર્ચરે ૭ મેચમાં ૧૧ વિકેટ ઝડપી છે અને તેનો ઈકોનોમી રેટ ૭.૯૬ રહ્યો છે.

સનરાઈઝર્સ હૈદરાબાદ માટે અભિષેક શર્મા રન મશીન સાબિત થઈ રહ્યો છે. તેણે ૭ મેચમાં ૧ સદી અને ૨ ફિફ્ટીની મદદથી ૩૨૩ રન બનાવ્યા છે. તેનો સ્ટ્રાઈક રેટ ૨૧૫.૩૩ છે. બોલિંગ વિભાગમાં ઈશાન મલિંગા કહેર મચાવી રહ્યો છે. મલિંગાએ ૭ મેચમાં ૧૨ વિકેટ લઈને પર્પલ કેપની રેસમાં પોતાને જાળવી રાખ્યો છે. તેનું સવશ્રેષ્ઠ પ્રદર્શન ૩૨ રન આપીને ૪ વિકેટ રહ્યું છે.

સવાઈ માનસિંહ સ્ટેડિયમની પીચ સામાન્ય રીતે બેટર અને બોલર બંનેને સમાન મદદ આપે છે. જોકે, મેચ સાંજે હોવાને કારણે બીજી ઈનિંગમાં ઝાકળ મહત્વની ભૂમિકા ભજવી શકે છે, જેના કારણે ટૉસ જીતનારી ટીમ પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લઈ શકે છે.

આ મેદાન પર ૬૪ આઈપીએલ મેચ રમાઈ છે, જેમાંથી ૩૬% મેચ પહેલા બેટિંગ કરનારી ટીમે અને ૬૪% મેચ પહેલા બોલિંગ કરનારી ટીમે જીતી છે. અહીંનો સૌથી મોટો સ્કોર ૨૧૯/૫ છે, જે ૨૦૨૫માં હોમ ટીમ રાજસ્થાન રોયલ્સે બનાવ્યો હતો.

# અજેય પંજાબ કિંગ્સ આજે દિલ્હી માટે પડકારજનક હરીફ બનશે




## આઇપીએલમાં મોખરે રહેલી પંજાબની ટીમ સામે અક્ષર પટેલની દિલ્હીની ટીમે આકરી મહેનત કરવી પડશે, બપોરે ૩.૩૦થી પ્રારંભ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : આઈપીએલની ૨૦૨૬ની સિઝનમાં લથડતી દિલ્હી કેપિટલ્સની ક્રિકેટ ટીમ શનિવારે તેની વર્તમાન સ્થિતિમાંથી બહાર આવવા તથા ટુર્નામેન્ટની પ્લે ઓફની રેસમાં ટકી રહેવા માટે મજબૂત પંજાબ કિંગ્સ સામે મુકાબલો કરશે. અહીંના અરૂણ જેટલી (ફિરોઝશાહ કોટલા) સ્ટેડિયમ ખાતે બપોરે ૩.૩૦ કલાકથી મેચનો પ્રારંભ થશે. દિલ્હીએ તેના લથડતા અભિયાનને ફરી પાટા પર લાવવા માટે જીવ રેડી દેવો પડશે.

સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ૪૭ રનથી કારમી હારનો સામનો કરનારા દિલ્હી માટે આ સિઝનમાં તમામ મોરચે શક્તિશાળી દેખાતી પંજાબની ટીમ સામે ટકી રહેવું એ એક મુશ્કેલ પડકાર હશે. અત્યાર સુધીની છ મેચમાં ત્રણ વિજય અને એટલા જ પરાજય સાથે અક્ષર પટેલની દિલ્હી કેપિટલ્સ પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને ધકેલાઈ ગઈ છે. તેનાથી વિપરીત પંજાબ કિંગ્સ આ સ્પર્ધામાં અત્યાર સુધીની એક માત્ર અજેય ટીમ રહી છે. જે છ મેચમાં એકેય મેચ હારી નથી અને હાલમાં ૧૧ પોઈન્ટ સાથે ટેબલમાં ટોચ પર છે.

દિલ્હીની સૌથી મોટી ચિંતા તેની અસ્થિર બેટિંગ રહી છે. કે.એલ. રાહુલ, ડેવિડ મિલર, ત્રિસ્તાન સ્ટબ્સ અને સમીર રિઝવી જેવા ખેલાડીઓએ ટુકડે-ટુકડે યોગદાન આપ્યું છે પરંતુ સમગ્ર ટીમ સામૂહિક રીતે પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહી છે. ઓપનર પાથુમ નિસાંકા સારી શરૂઆત કરવા છતાં તેને મોટા સ્કોરમાં બદલી શક્યો નથી. કેપ્ટન અક્ષર પટેલ પર પણ સવાલો ઉઠી રહ્યા છે, ખાસ કરીને છેલ્લી મેચમાં કુલદીપ યાદવ જેવા મુખ્ય સ્પિનરો હોવા છતાં પાર્ટ-ટાઈમ બોલરો પર ભરોસો રાખવા જેવા રણનીતિક નિર્ણયો માટે અક્ષરની ટીકા થઈ રહી છે.

બીજી તરફ પંજાબ કિંગ્સ એક સંતુલિત અને મજબૂત ટીમ દેખાઈ રહી છે. તેણે તાજેતરમાં લખનૌ સુપર જાયન્ટ્સ સામે ૨૫૪ રનનો વિશાળ સ્કોર નોંધાવ્યો હતો. જે આ સિઝનનો સર્વોચ્ચ સ્કોર છે. ઓપનર પ્રભસિમરન સિંઘ (૨૧૧ રન) અને કેપ્ટન શ્રેયસ ઐયર (૧૮૨.૪૫ના સ્ટ્રાઈક રેટ સાથે ૨૦૮ રન) શાનદાર ફોર્મમાં છે. બોલિંગમાં પણ અર્શદીપ સિંઘ અને યુઝવેન્દ્ર ચહલ જેવા બોલર સતત સારું પ્રદર્શન કરી રહ્યા છે. વર્તમાન ફોર્મને જોતા પંજાબ જીતવા માટે પ્રબળ દાવેદાર ગણાય છે જ્યારે દિલ્હીએ ટેબલ-ટોપર્સની વિજયકૂચ રોકવા માટે લગભગ 'પરફેક્ટ' પ્રદર્શન કરવું પડશે.


# સાઈ સુદર્શનની સદી! ક્રિસ ગેલનો રેકોર્ડ તોડી મોટી સિદ્ધિ હાંસલ કરી



(એજન્સી દ્વારા) બેંગ્લોર : ગુજરાત ટાઈટન્સના ઓપનર સાઈ સુદર્શને આ મેચમાં જબરદસ્ત બેટિંગ કરી અને આઈપીએલમાં પોતાના ૨૦૦૦ રન પૂરા કર્યા. આ સાથે તે આઈપીએલમાં ઈનિંગ્સના આધારે સૌથી ઝડપી ૨૦૦૦ રન બનાવનાર ખેલાડી બની ગયો છે. આ મામલે તેણે ક્રિસ ગેલનો રેકોર્ડ તોડ્યો છે. તેણે ૫૭ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. આ તેના આઈપીએલ કરિયરની ત્રીજી સદી છે. જો કે શતક જડ્યા બાદ બીજા બોલે તે આઉટ થઈ ગયો હતો, સાઈ સુદર્શને ૧૧ ચોગ્ગા અને ૫ છગ્ગાની મદદથી ૧૦૦ રન બનાવ્યા હતા.

સાઈ સુદર્શને આઈપીએલમાં ૪૭ ઈનિંગ્સમાં ૨૦૦૦ રન પૂરા કર્યા. આ પહેલા આ રેકોર્ડ ક્રિસ ગેલના નામે હતો. ગેલે ૪૮ ઈનિંગ્સમાં આ પરાક્રમ કર્યું હતું. આ યાદીમાં ત્રીજા નંબર પર શોન માર્શનું નામ છે. માર્શે ૫૨ ઈનિંગ્સમાં આ મુકામ હાંસલ કર્યો હતો. ચોથા નંબર પર ઋતુરાજ ગાયકવાડનું નામ છે. તેણે ૫૭ ઈનિંગ્સમાં ૨૦૦૦ આઈપીએલ રન પૂરા કર્યા હતા. કેએલ રાહુલે આ આંકડો ૬૦ ઈનિંગ્સમાં સ્પર્શ્યો હતો, તે આ યાદીમાં પાંચમા નંબર પર છે.

# કોહલીનો કેચ ૦ પર છોડવો ભારે પડ્યો



(એજન્સી દ્વારા) બેંગ્લોર : મેચનો સૌથી નિર્ણાયક વળાંક ત્યારે આવ્યો જ્યારે વિરાટ કોહલી હજુ શૂન્ય (૦) રને હતો અને વોશિંગ્ટન સુંદરે તેનો કેચ છોડી દીધો હતો. ગિલે સ્વીકાર્યું કે, 'જ્યારે તમે કોહલી જેવા બેટ્સમેનનો કેચ શૂન્ય પર છોડો છો, ત્યારે તેની કિંમત ટીમ માટે ખૂબ મોટી હોય છે.' આ 'જીવતદાન'નો લાભ લઈને કોહલીએ ૪૪ બોલમાં ૮૧ રનની આક્રમક ઈનિંગ રમી મેચ ગુજરાતના હાથમાંથી છીનવી લીધી હતી.

# બેંગ્લૂરુમાં કોહલી–નેહરા ગળે મળ્યા, જૂની યાદો તાજી કરી



(એજન્સી દ્વારા)

બેંગ્લૂરુ: શુક્રવારે અહીં એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં આઈપીએલ-૨૦૨૬ની ૩૪મી મૅચ શરૂ થઈ એ પહેલાં એક એવો સીન જોવા મળ્યો જેણે અનેકના દિલ જીતી લીધા હતા. રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુના બૅટ્સમૅન અને ગુજરાત ટાઈટન્સના હેડ-કોચ આશિષ નેહરાની જૂની દોસ્તીની ઝલક જોવા મળી હતી. જાણીતી સ્પોર્ટ્સ ચૅનલે દ્વારા પ્રસારિત વીડિયોમાં જોવા મળ્યું કે બન્નેએ મૅચ પહેલાં ઘણી વાતચીત કરી હતી અને એકબીજાને ગળે મળ્યા હતા. આ વીડિયોમાં આ ઘટના માટે 'દિલ્હીવાલે દિલ સે' કેપ્શન આપવામાં આવી હતી. કોહલી અને નેહરા મૂળ દિલ્હી ક્રિકેટના ખેલાડી હતા અને તેઓ ભારત વતી સાથે રમ્યા હતા. તેમણે આ મુલાકાત દરમ્યાન ઘણી જૂની વાતો તાજી કરી હતી. નેહરાએ ૨૦૧૮માં આરસીબીના બોલિંગ-કોચ બનીને કોચિંગની કરીઅર શરૂ કરી હતી. ૨૦૨૨માં ગુજરાતે પ્રથમ સીઝનમાં જ નેહરાના કોચિંગમાં ટાઈટલ જીતી લીધું હતું અને ૨૦૨૩માં આ જ ટીમને રનર-અપ બનાવી હતી. કોહલી વર્તમાન ક્રિકેટનો સૌથી ફિટ ખેલાડી છે, જ્યારે નેહરાની છાપ ફૂટબૉલ-કોચ જેવી છે. તે આઈપીએલમાં લગભગ દરેક મૅચ દરમ્યાન બાઉન્ડરી લાઈનની બહાર ઊભો રહીને ગુજરાત ટાઈટન્સના ખેલાડીઓને સૂચના આપતો રહેતો હોય છે.

# ૫૩ વર્ષના થયા ક્રિકેટના ભગવાન, ફેન્સ સાથે બર્થ-ડે સેલિબ્રેશન



મુંબઈ સ્થિત ઘરની બહાર ફેન્સની ભીડ, શંખનાદ સાથે કેટ કટિંગ કર્યુ

(એજન્સી દ્વારા)

મુંબઈ : મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે ગઈકાલે પોતાનો ૫૩મો જન્મદિવસ ઉજવ્યું હતું. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ, જય શાહ અને આઈપીએલ ફ્રેન્ચાઈઝી તરફથી સચિનને જન્મદિવસની શુભેચ્છાઓ મળી હતી. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ માસ્ટર બ્લાસ્ટરને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. મુંબઈમાં સચિનના ઘરની બહાર ચાહકોની મોટી ભીડ એકઠી થઈ હતી. સચિન પોતાના ચાહકોને નિરાશ નથી કરતા. તેથી તેમની સાથે પોતાનો જન્મદિવસ ઉજવવા બહાર આવ્યા હતા. આ દરમિયાન તેમની પત્ની અંજલિ પણ ત્યાં હાજર હતી. શંખનાથ વચ્ચે સચિને ફેન્સની સાથે કેક કટિંગ કર્યું હતું. આ દરમિયાન બધા સચિન સચિનની બૂમો પાડી રહ્યા હતા.

# ૨૫,૦૦૦થી વધુ રન કરનારા ક્રિકેટરે અચાનક નિવૃતિ લીધી, ભૂલ માત્ર આટલી હતી...



(એજન્સી દ્વારા)

લંડન : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ચાલી રહી છે ત્યારે ભારત સહિતના મોટા ભાગના ક્રિકેટર અત્યારે આઈપીએલમાં વ્યસ્ત છે. એની વચ્ચે એક મોટા સમાચાર જાણવા મળ્યા છે. ઈંગ્લેન્ડના જાણીતા અને અનુભવી ક્રિકેટર સમિત પટેલે કાઉન્ટી ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો છે. આ એમનો નિર્ણય એવા સમયે સામે આવ્યો છે જ્યારે ઈંગ્લેન્ડના ડૉમેસ્ટિક ક્રિકેટ રમવા પર પ્રતિબંધ જાહેર કરી દીધો હતો. પટેલ પર આ પ્રકારનું એક્શન ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડે લીધું છે. કારણ કે તેણે આ વર્ષે ભારતના ગોવામાં આયોજિત અનધિકૃત વર્લ્ડ લિજેન્ડ્સ પ્રો ટી૨૦ લીગમાં ભાગ લીધો હતો. આ લીગને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ દ્વારા માન્યતા આપવામાં આવી નથી, નિયમો અનુસાર, આવી ટુર્નામેન્ટમાં ભાગ લેનારા ખેલાડીઓને સ્થાનિક સ્તરે પ્રતિબંધનો સામનો કરવો પડી શકે છે. ૪૧ વર્ષીય પટેલે ૨૦૦૮થી ૨૦૧૫ દરમિયાન ઈંગ્લેન્ડ માટે કુલ ૬૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. જોકે ડૉમેસ્ટિક ક્રિકેટમાં તેનો રેકોર્ડ ખરેખર અસાધારણ હતો, કારણ કે તેણે ૯૫૭ વિકેટ લીધી હતી અને ૨૫,૯૭૩ રન પણ બનાવ્યા હતા. પટેલે તેમની કારકિર્દીનો નોંધપાત્ર સમય નોટિંગહામશાયર કાઉન્ટી ક્રિકેટ ક્લબ સાથે વિતાવ્યો, જ્યાં તેઓ ૨૨ વર્ષ સુધી રમ્યા. ત્યારબાદ, ૨૦૨૪ માં તેમણે ડર્બીશાયર કાઉન્ટી ક્રિકેટ ક્લબ સાથે બે વર્ષનો વ્હાઈટ-બોલનો કરાર કર્યો હતો.

# મુંબઈ ઇન્ડિયન્સને આત્મવિશ્વાસ અને શિસ્ત જાળવવી જરૂરી: જયવર્દને



(એજન્સી દ્વારા)

મુંબઈ : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સના કથળતા પ્રદર્શન વચ્ચે ટીમના ચીફ કોચ મહેલા જયવર્દનેએ હાર્દિક પંડ્યા અને સૂર્યકુમાર યાદવ જેવા સ્ટાર ખેલાડીઓના શારીરિક અને માનસિક થાકની અટકળોને ફગાવી દીધી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ટીમ વર્લ્ડ કપના થાકને બહાનું બનાવવાને બદલે મેદાન પર પોતાની લય અને આત્મવિશ્વાસ પાછો મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. હકીકતમાં મુંબઈ ઈન્ડિયન્સને આત્મવિશ્વાસ અને શિસ્ત જાળવવી જરૂરી છે. ગુરુવારે અહીં રમાયેલી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે મુંબઈ ઈન્ડિયન્સનો ૧૦૩ રનથી કારમો પરાજય થયો હતો. રનની દ્રષ્ટિએ મુંબઈની આ અત્યાર સુધીની સૌથી મોટી હાર હતી. આ સિઝનની સાત મેચમાં મુંબઈની આ પાંચમી હાર છે, જેણે પ્લેઓફની આશા પર સવાલો ઉભા કર્યા છે.

# રિષભ પંતને ઝીરો પર આઉટ કરીને ઉગ્ર ઉજવણી કરવા બદલ રાજસ્થાનના નાન્દ્રે બર્ગરને ૧૦ ટકા મેચ ફીનો દંડ



*(એજન્સી દ્વારા) જયપુર : રાજસ્થાન રૉયલ્સના ફાસ્ટ બોલર નાન્દ્રે બર્ગરને લખનઉ સુપર જાયન્ટ્સ સામેની મૅચ દરમ્યાન આચારસંહિતાના ભંગ બદલ મૅચ-ફીના ૧૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. અપમાનજનક ભાષા અને આક્રમક પ્રતિક્રિયા આપીને તેણે આચારસંહિતાના કલમ ૨.૫નું ઉલ્લંઘન કર્યું હતું. લખનઉના કેપ્ટન રિષભ પંતને તેણે ઝીરોના સ્કોર પર વિકેટકીપર-બૅટર ધ્રુવ જુરેલના હાથે કૅચઆઉટ કરાવીને ઉગ્ર ઉજવણી કરી હતી. તેને એક ડીમેરિટ પૉઈન્ટ પણ આપવામાં આવ્યો છે. આ મૅચમાં ૨૭ રન આપીને બે વિકેટ લેનાર આ સાઉથ આફ્રિકન ડાબોડી બોલર વર્તમાન સીઝનમાં ૭ મૅચમાં ૮ વિકેટ લઈ ચૂક્યો છે. ૨૦૨૪માં રાજસ્થાન માટે ૫૦ લાખમાં રમ્યા બાદ તે ૨૦૨૬ની સીઝનમાં ૩.૫૦ કરોડ રૂપિયામાં રમી રહ્યો છે.*

# શ્રીલંકના ક્રિકેટમાં જંગી વહીવટી ઉથલપાથલની અટકળ, આજે ફેંસલો




*(એજન્સી દ્વારા) કોલંબો : શ્રીલંકાના ક્રિકેટ જગતમાં જંગી વહીવટી ઉથલપાથલની અટકળો તેજ બની છે કેમ કે શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે દેશના ક્રિકેટ બોર્ડના વડા શમ્મી સિલ્વા સાથે મુલાકાત કરવાના છે. આ બેઠક બાદ ક્રિકેટ બોર્ડના નેતૃત્વમાં મોટા ફેરફાર થવાની શક્યતા છે. સિલ્વાની નજીકના સૂત્રોએ પુષ્ટિ કરી હતી કે આ બેઠક શુક્રવારે રાત્રે નિર્ધારિત કરવામાં આવી છે. મીડિયાના અહેવાલો અનુસાર શ્રીલંકન સરકાર ક્રિકેટના સંચાલન માટે એક વચગાળાનું વહીવટી તંત્ર નિયુક્ત કરવા અંગે વિચાર કરી રહી છે, જેને કારણે શમ્મી સિલ્વાને તેમના પદ પરથી હટાવવામાં આવી શકે છે. એવી ચર્ચા પણ ચાલી રહી છે કે રાષ્ટ્રપતિ ઈચ્છે છે કે સિલ્વા પોતે પદ પરથી ઉતરી જાય જેથી પહેલી મે થી નવા વહીવટી તંત્રની નિમણૂક કરી શકાય. સરકારની નારાજગીનું મુખ્ય કારણ ખેલાડીઓમાં પ્રવર્તતો અસંતોષ, આંતરરાષ્ટ્રીય રેંકિંગમાં શ્રીલંકાનો સતત ઘટાડો અને ટીમનું કથળતું પ્રદર્શન છે.*

# શેન વૉટ્સનને પછાડીને રાજસ્થાનનો નંબર વન બોલર બન્યો જોફ્રા આર્ચર



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ઈંગ્લૅન્ડનો ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર રાજસ્થાન રૉયલ્સ માટે સૌથી વધુ ૬૮ ટી૨૦ વિકેટ લેનાર બોલર બન્યો છે. અગાઉ ઑસ્ટ્રેલિયન ઑલરાઉન્ડર શેન વૉટ્સને આઈપીએલમાં ૬૧ વિકેટ અને ચૅમ્પિયન્સ ટી૨૦ લીગની ૬ વિકેટ સહિત ૮૪ મૅચમાં ટોટલ ૬૭ વિકેટ રાજસ્થાન માટે લીધી હતી. આઈપીએલમાં રાજસ્થાન માટે સૌથી વધુ વિકેટ લેવા મામલે તેણે ભારતીય સ્પિનર યુઝવેન્દ્ર ચહલનો ૪૬ મૅચમાં ૬૬ વિકેટનો રેકૉર્ડ તોડ્યો હતો. જોફ્રા આર્ચરે પાંચ સીઝનમાં ૫૪ મૅચ રમીને રાજસ્થાન માટે હાઈએસ્ટ વિકેટો ઝડપી છે. તેણે આ ટીમ માટે ૨૦૮ ઓવરમાં ૭.૭૪ના ઈકૉનૉમી-રેટ અને ૨૩.૬૯ની ઍવરેજથી ૧૬૧૧ રન આપ્યા છે.

# શાહરૂખ ખાનની ફિલ્મ 'કિંગ'નું ટીઝર રિલીઝ: જાણો ક્યારે થશે સિનેમાઘરોમાં ધમાકેદાર એન્ટ્રી




(એજન્સી દ્વારા)


મુંબઈ: બોલિવૂડના કિંગ ખાન શાહરૂખ ખાનની ફિલ્મ 'કિંગ'ની લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે. ફિલ્મને લઈને હવે એક નવી અપડેટ આવી છે. આ ફિલ્મનું એક નવું ટીઝર રીલિઝ કરવામાં આવ્યું છે. આ ફિલ્મની રીલિઝ ડેટ પણ જાહેર કરી દેવામાં આવી છે, જોકે ખાસવાત એ છે કે, આ ફિલ્મમાં શાહરૂખ ખાનનો એક નવો લૂક જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૩માં બેક ટુ બેક હિટ ફિલ્મ આપ્યા બાદ શાહરૂખ ખાનની ફિલ્મોમાં એક અલ્પવિરામ મૂકાયું હતું. ત્રણ વર્ષ બાદ ફરી એક નવી ફિલ્મ લઈને શાહરૂખ એક્ટિંગની એવરગ્રીન સ્ક્રિન લઈને આવી રહ્યો છે, જેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી એ ફિલ્મ 'કિંગ'નું ટીઝર સામે આવ્યું છે. આ ફિલ્મની રીલિઝ ડેટ અગાઉથી જ નક્કી કરી દેવામાં આવી હતી. આ ફિલ્મ સંબંધિત પ્રોજેક્ટ હવે ખતમ થઈ ગયા છે. રેડ ચિલીએ આ ફિલ્મનું ટીઝર રીલિઝ કર્યું છે, આ સાથે ફિલ્મની રીલિઝ ડેટ પણ જાહેર કરી દેવામાં આવી છે. આ ફિલ્મ ક્રિસમસ ફેસ્ટિવલ પર આવી રહી છે. આ ફિલ્મ વર્લ્ડવાઈડ રીલિઝ થવાની છે.

# સમિરા રેડ્ડીનો ખુલાસો : "મારે કોઈ ફિયરલેસ હોય એવા વિષય સાથે કમબેક કરવું હતું"



*(એજન્સી દ્વારા) મુંબઈ : સમિરા રેડ્ડી લાંબા સમય પછી ફિલ્મમાં કમબૅક કરી રહી છે. તે લાંબા સમયથી પોતાના સોશિયલ મિડીયા વીડિયો અને વ્લોગના કારણે સતત ચર્ચામાં રહેતી હતી. હવે સમીરા સંજય દત્તની આખરી સવાલ સાથે ફરી ફિલ્મોમાં વાપસી કરવા જઈ રહી છે. તાજેતરમાં રિલીઝ થયેલા ટીઝરે પહેલેથી જ ફિલ્મને લઈને ચર્ચા ઉભી કરી છે અને હવે સમીરા રેડ્ડીએ કમબેક માટે આ પ્રોજેક્ટ પસંદ કરવાનું કારણ શેર કર્યું છે. સિનેમામાં પાછા ફરવાના નિર્ણય વિશે સમિરાએ કહ્યું, "હું ફિલ્મોમાં પાછી આવી ત્યારે સહેલું કામ કરવા માટે આવી નહોતી અને આખરી સવાલ તો બિલકુલ સહેલી ફિલ્મ નથી.*

# વરુણ ધવનના બર્થડે પર ડબલ ધમાકો! મૃણાલ ઠાકુર સાથે રિલીઝ કર્યું 'WOW' સોન્ગ



(એજન્સી દ્વારા)

મુંબઈ : બોલીવૂડનો ચોકલેટી બોય વરુણ ધવન આજે પોતાનો જન્મદિવસ ઉજવી રહ્યા છે અને આ અવસરે તેમણે ચાહકોને એક શાનદાર ગિફ્ટ આપી છે. વરુણે તેની આગામી ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'નું નવું ગીત **'WOW'** રિલીઝ કર્યું છે, જેમાં તેની અને મૃણાલ ઠાકુરની કેમિસ્ટ્રી અને ડાન્સ મૂવ્સે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી છે. વરુણ ધવનની આ સ્પેશિયલ બર્થડે ગિફ્ટ ફેન્સને ખૂબ જ પસંદ આવી છે. આવો જોઈએ આ ગીતની ખાસ ઝલક... બોલીવૂડ એક્ટર વરુણ ધવને પોતાના બર્થડે પર ફેન્સ માટે ઈન્સ્ટાગ્રામ પર પોતાની આગામી ફિલ્મ હૈ જવાની તો ઈશ્ક હોના હૈના ગીતની એક ઝલક શેર કરતાં લખ્યું હતું મારા જન્મદિવસનું ગીત છે **WOW!** આ ગીત માટે હું ખૂબ જ ઉત્સાહિત છું. આ ફિલ્મ ૨૨મી મેના ૨૦૨૬ના રોજ થિયેટરમાં રીલિઝ થઈ રહી છે. ફિલ્મનું મુખ્ય આકર્ષણોની વાત કરીએ તો તે તેના ગીત છે. વરુણ ધવને પોતાના બર્થડે પર આ ગીતની એક ઝલલ શેર કરી છે. આ ગીત એ એક એનર્જીથી ભરપૂર ડાન્સ નંબર છે,

# વિશ્વાસનું પ્રતિપાદન એ જ અમારી સાચી મૂડી : જલધિ વ્યાસ



## ભુજ નગરપાલિકાના છઠ્ઠા વોર્ડના કાર્યાલયને ખુલ્લુ મુકાયું : સમગ્ર વિસ્તારના આગેવાનો અને મહિલા યુવાનોમાં જબ્બરદસ્ત ઉત્સાહ

ભુજ - કચ્છઉદય : ભારતીય જનતા પાર્ટી પરનો વિશ્વાસ જ એ બતાવે છે કે ભુજના અનેક વોર્ડની સાથે વોર્ડ નંબર છ પણ વિકાસ અને નગરસેવકોની કાર્યદક્ષતા સાથે લોકોનો વિશ્વાસ જીતવા હરહમેશ તત્પર રહ્યો છે. એ વિશ્વાસનું પ્રતિપાદન જ અમારી સાચી મૂડી છે અને એ અમે કાયમ જાળવી રાખવા કટિબદ્ધ છીએ એવો મંતવ્ય દરજી જ્ઞાતિની વાડી, છઠ્ઠી બારી રિંગ રોડ ખાતે ભુજ નગરપાલિકાના છઠ્ઠા વોર્ડના કાર્યાલયને ખુલ્લુ મૂકતાં આગેવાનોએ વ્યક્ત કર્યો હતો.

ભાજપ દ્વારા આ વોર્ડમાં સંતોષકારક કાર્ય થયું છે જે અહીંના મતદારોનો ભાજપ પર અતૂટ વિશ્વાસ અને પરસ્પરના વફાદારીપૂર્વકના સંબંધોને કારણે છે. આ વખતે પણ ભાજપના ઉમેદવારો આ વિસ્તારમાં કોઈપણ કાર્ય કરવામાં પાછળ નહીં રહે તેની ખાતરી આપી હતી. તા. ૨૬ના મતદાનના દિવસે ભાજપના ચારેય ઉમેદવારો જલધિભાઈ વ્યાસ, પ્રશાંતગિરિ ગોસ્વામી, ધ્વનીબેન ગણાત્રા અને હિનાબા જાડેજાને જંગી બહુમતીથી જીતાડવા આગેવાનોએ હાકલ કરી હતી.

સ્વાગત સંબોધન કરતાં આ વોર્ડમાંથી સતત ત્રીજી વાર ઉમેદવારી નોંધાવનાર જલધિ વ્યાસે હૃદયસ્પર્શી વાત કરતા કહ્યું હતું કે, જે વૉર્ડમાંથી અગાઉ રસિકભાઈ ઠક્કર, શંકરભાઈ ઠક્કર અને અરુણભાઈ વચ્છરાજની જેવા કર્મનિષ્ઠ નગરસેવકોએ કાર્ય કર્યું હોય એ વિસ્તારમાં સતત ત્રીજી વાર ઉમેદવારી નોંધાવવી એ મારે મન મોટું સૌભાગ્ય છે. અમે સૌ એમનો ચીલો યાદ રાખીને આગળ વધીશું. આ ઉપરાંત શ્રી વ્યાસે મતદારોને પોતાના જ હિતેચ્છુ સભ્યો ગણાવી વિસ્તારમાં અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સાથે પ્રજાકીય કાર્યોમાં પણ ક્યાંય કચાશ ના રહે તેની તકેદારી રાખવાની બાંહેધરી આપી પેનલના તમામ ઉમેદવારોને એવાજ ઉત્સાહ સાથે વધુમાં વધુ મતદાન કરી જંગી બહુમતી અપાવવા અપીલ કરી આ વિસ્તારના કોઈપણ કાર્ય માટે ચારે ઉમેદવારોની તત્પરતાની ખાતરી આપી હતી.

સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, ભાજપ સેવાને વરેલો પક્ષ છે. શહેરની સુખાકારી માટે કદાચ ઉમેદવાર બદલે તો પણ પ્રજાકીય કાર્યો કરવાની ભાજપની નીતિ એ જ રહે છે. આ વખતે ભુજના દરેક વોર્ડમાં કાર્યકારોનો ઉત્સાહ અને લોકોની ભાજપ પ્રત્યેની નિષ્ઠા ચોક્કસ કામ કરશે અને ભુજમાં અભૂતપૂર્વ પરિણામો લાવી ભાજપ દાખલો બેસાડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ભુજ વિભાગના ધારાસભ્ય કેશુભાઈ પટેલે કહ્યું હતું કે, આગલા પાંચ વર્ષ દરમ્યાન નગરસેવકોની કામ કરવાની નિષ્ઠા અને ક્ષમતાનો પરિચય ભુજના વોર્ડ નંબર છના મતદારોને મળી ગયો છે, તેથી ભાજપ અહીં કેવું કામ કરી શકે છે એ જાણતા અહીંના મતદારો ઊંચા મતદાન સાથેનો ઉત્સાહ બતાવશે એવો સંપૂર્ણ વિશ્વાસ છે અને ભુજનો આ વિસ્તાર ફરી કાર્યદક્ષ નગરસેવકોના સલામત હાથમાં ધમધમતો થશે એમાં શંકાને કોઈ સ્થાન નથી.

કેડીસીસીના ચેરમેન અને પૂર્વ નગરપતિ દેવરાજભાઈ ગઢવીએ ભુજના છઠ્ઠા વોર્ડના નગરસેવકોએ કરેલાં કાર્યોની યાદ અપાવી જલધિભાઈ જેવા નગરસેવકો અન્ય સેવાકીય કામગીરીમાં પણ આગળ રહેતા હોઈ પ્રજાના કાર્યો કરવા હમેંશા તત્પર રહેશે તેથી હમેંશની જેમ ભાજપની પડખે રહેવા અપીલ કરી હતી. પ્રારંભમાં સાંસદ વિનોદભાઈ ચાવડા, ભુજ વિભાગના ધારાસભ્ય કેશુભાઈ પટેલ સહિતના અગ્રણીઓ દ્વારા દીપપ્રાગટ્ય કરી કાર્યાલયનું ઉદ્ઘાટન કરાયું હતું. સમગ્ર સમારોહનું સંચાલન જલધિ વ્યાસે જ્યારે આભારવિધિ પૂર્વ નગરસેવક ભૌમિકભાઈ વચ્છરાજાનીએ કરી હતી.

આ ઉદ્ઘાટન કાર્યક્રમમાં જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ અશોકભાઈ હાથી, રેશ્માબેન ઝવેરી, ભુજ લોહાણા મહાજન પ્રમુખ ડો. મુકેશ ચંદે, ભુજ શહેર ભાજપ પ્રમુખ મીતભાઈ ઠક્કર, મહામંત્રી રિતેનભાઈ ગોર, જિગરભાઈ શાહ, શહેરના ઈન્ચાર્જ કિરીટભાઈ સોમપુરા, બાલકૃષ્ણભાઈ મોતા, વોર્ડ નંબર ૬ ના ઈન્ચાર્જ જયંતભાઈ ઠક્કર, ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાય, અન્ય ત્રણેય ઉમેદવારો પ્રશાંતગિરી ગોસ્વામી, હિનાબા ઝાલા, ધ્વનિબેન ગણાત્રા ભુજ માકપટ જૈન સમાજના પ્રમુખ પ્રકાશભાઈ ગાંધી, ભુજ તાલુકા બ્રહ્મસમાજ પ્રમુખ રવિન્દ્રભાઈ ત્રવાડી, પરશુરામ સેના પ્રમુખ અજયભાઈ જોશી, ભુજ તાલુકા બ્રહ્મસમાજ પૂર્વ પ્રમુખ મનોજભાઈ જોશી, સેજવાળા માતમ, જુમ્માવાડી, ફતેહમામદના હજીરા જેવા વિસ્તારોમાંથી મુસ્લિમ અગ્રણીઓ અધાભા પઠાણ, હનીફ સમેજા, રજ્જુખાન પઠાણ, અઝહરુદ્દીન સૈયદ, અબ્દુલભાઈ, રમજુભાઈ સહિતના મુસ્લિમ બિરાદરો ઉપરાંત પક્ષના હોદેદારો, અગ્રણીઓ, ધર્મગુરુઓ, વિવિધ સમાજ અને સંસ્થાના આગેવાનો, વિવિધ વ્યાપારી મંડળોના મોભીઓ સહિત વોર્ડ નં ૬ ના સમગ્ર વિસ્તારના મતદારો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ વોર્ડ ભુજના અનેક સમાજના અગ્રણીઓ સાથે અગ્રેસર રહ્યો છે. તેની સાબિતી રૂપે બહોળી સંખ્યામાં હાજર રહેલા સમાજો જેમાં ભુજ તાલુકા બ્રહ્મ સમાજ, કચ્છ પરશુરામ સેના, લોહાણા સમાજ, વાગડ બે ચોવીસી અને સાત ચોવીસી સમાજ, વડનાગરા નાગર અને નાગર બ્રાહ્મણ સમાજ, દશનામ ગોસ્વામી સમાજ, દરજી સમાજ, વૈષ્ણવ વણિક સમાજ, ભાટિયા મહાજન, સલાટ સમાજ, ચારણ સમાજ, રાજપૂત ક્ષત્રિય સમાજ સહિત બહોળી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા.

આ વિસ્તારમાં આવતા ગામતળના દરેક ગરબી મંડળો અને ગણેશ મંડળો જેમાં જૂની અને નવી ઉમેદનગર ગરબી મંડળ, હાંડલાં ગરબી મંડળ, ગેરવાળી વંડી ગરબી મંડળ, વંડી ફળિયા મિત્ર મંડળ, નાગર ચકલા સ્થિત સંવેદના ગરબી અને ગણેશ મંડળ, સિદ્ધિ વિનાયક ગ્રુપ મહાદેવ ગેટ, નાનો વોકળો મિત્ર મંડળ, વોકળા ફળિયા મિત્ર મંડળ, કાયસ્થ શેરી, પબુરાઈ ફળિયા, સવાયા ફળિયા મિત્ર મંડળ, આશાપુરા યુવક મંડળ, ગોવાળ શેરી યૂથ સર્કલ, બારસાખીયા રાજપૂત સમાજ મિત્ર મંડળ, છઠ્ઠી બારી અને તળાવ શેરી વ્યાપારી એસોસિએશન, સોનીવાડ ગરબી મંડળ, ભૂતનાથ સેવ સંસ્થાન, સેજવાળા માતમ ગ્રુપ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# નખત્રાણામાં ભાજપના ચૂંટણી કાર્યાલયનું ઉદ્ઘાટન : વિકાસના મુદ્દે મતદારોને આહ્વાન

## વોર્ડ ૨-૩ના ઉમેદવારોના સમર્થનમાં આગેવાનો એકત્ર, "કમળને મત આપી વિકાસને વેગ આપો"નો સંદેશ

નખત્રાણા-કચ્છ ઉદય : નખત્રાણા નગરપાલિકાની પ્રથમ સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો વધ્યો છે. આ અંતર્ગત વોર્ડ નં. ૨ અને ૩માં સમાવિષ્ટ મોટી વિરાણી વિસ્તારમાં

ભાજપના ચાર ઉમેદવારોના સમર્થનમાં ચૂંટણી કાર્યાલયનું ઉદ્ઘાટન પ્રદેશ ભાજપના મહામંત્રી ડો. સંજયભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, ગુજરાજ્ય ગોપાલક સંઘના પ્રમુખ અરજણભાઈ રબારી, જેમલભાઈ રબારી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન કાર્યકરો અને સમર્થકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

પ્રદેશ ભાજપના મહામંત્રી ડો. સંજયભાઈ દેસાઈએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતુ કે કચ્છ હાલમાં વિકાસની નવી દિશામાં આગળ વધી રહ્યો છે અને આ વિકાસયાત્રાને વધુ ગતિ આપવા માટે ભાજપના ઉમેદવારોને બહુમતીથી જીતાડવા જરૂરી છે. તેમણે મતદારોને કમળના નિશાનને મત આપી ભાજપના હાથ મજબૂત કરવાની અપીલ કરી હતી. ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે નખત્રાણા નગરપાલિકા વિસ્તારમાં પાયાની સુવિધાઓ જેમ કે રસ્તા, પાણી અને ગટર જેવી જરૂરી સેવાઓને વધુ મજબૂત બનાવવા ભાજપ પ્રતિબદ્ધ છે. આ માટે ભાજપને જીતાડવો એ જ વિકાસનો સાચો માર્ગ હોવાનું તેમણે જણાવ્યું હતું.

પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ અને ગ્રામ વિકાસ મંડળના પ્રમુખ ભરતભાઈ સોમજિયાણીએ સ્વાગત પ્રવચન આપતાં ભાજપની વિકાસગતિને આગળ વધારવા માટે સૌએ એકજૂટ થઈ કાર્ય કરવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં માડણભાઈ રબારી, કચ્છ પાટીદાર કેન્દ્રીય સમાજના પૂર્વ પ્રમુખ રામજીભાઈ નાકરાણી, અબજીભાઈ કાનાણી, નારાણભાઈ માનાણી, કિસાન સંઘના પ્રમુખ મનોજ માનાણી, શક્તિ કેન્દ્રના પ્રમુખ અમૂલગિરિ ગુંસાઈ, ઉપપ્રમુખ તરુણભાઈ રાજદે, લઘુમતી મોરચાના પ્રમુખ હાજીમામદ ખત્રી સહિત અનેક સમાજ આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

# કોંગ્રેસના પૂર્વ નગરસેવકો અને દાતા આગેવાનો ભાજપમાં જોડાતા વોર્ડ નંબર-૨માં વિજયનો ઉત્સાહ





ભુજ -કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જ્યારે પૂર્વ નગરસેવક અને સુખદુઃખના સાથી જગદીશભાઈ ગોર તથા આ વિસ્તારના લોકોની સુખ દુઃખમાં હંમેશા ચિંતા કરી અને મદદ કરનાર અબ્દુલભાઈ બજાણીયા ઉપરાંત રાજુભાઈ દાફડા વગેરે ભારતીય જનતા પાર્ટીના પક્ષે સક્રિય થતા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોનો વિજય નિશ્ચિત બન્યો છે એવું ભારતીય જનતા પાર્ટીના આગેવાનોએ અને અબ્દુલભાઈએ જણાવ્યું હતું.

## કોંગ્રેસ પક્ષ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાષ્ટ્રીય મુદ્દાની ચર્ચા કરે છે જ્યારે ભાજપ સ્થાનિક મુદ્દા અને લોકોના સુખદુઃખની ચિંતા કરે છે તેવું જણાવતા અબ્દુલભાઈ બજાણીયા : વોર્ડ નંબર-૨માં ભાજપનો વિજય નિશ્ચિત છે તેવું જણાવતા ભાજપના આગેવાનો : કોંગ્રેસના ઉમેદવારે જ ટેકો જાહેર કર્યાની ચર્ચા

અબ્દુલભાઈ બજાણીયાએ જણાવ્યું હતું કે, નગરપાલિકાની ચૂંટણી છે તો તેમાં સ્થાનિક મુદ્દાની ચર્ચા થવી જોઈએ તેની જગ્યાએ કોંગ્રેસ પાર્ટીના આગેવાનો રાષ્ટ્રીય મુદ્દાની ચર્ચા કરે છે, જ્યારે તેમના સહિત બધા જ આગેવાનો લોકોના સુખદુઃખમાં, બીમારી, રોડ લાઈટ, રસ્તાના પ્રશ્નોમાં હંમેશા લોકોની પડખે રહ્યા છે. ભૂતકાળમાં જ્યારે હમીરસર છલકાઈ જતા તળાવનું પાણી આ વિસ્તારમાં ફરી વળ્યું હતું અને લોકોના ઘરમાં પણ ઘૂસી ગયું હતું એવા કપરા દિવસોમાં જગદીશભાઈ ગોર અને બધા સાથીઓએ ભેગા મળીને લોકો માટે તાત્કાલિક સેવા અને રાહતનો કેમ્પ શરૂ કર્યો હતો, તે લોકો આજ દિવસ સુધી ભૂલી શક્યા નથી.

તેમણે જણાવ્યું કે લોકો તેમની સેવાને સારી રીતે ઓળખે છે અને દરેક વિસ્તાર પ્રમાણે સેવા માટે હંમેશાં જવાબદારી સોંપાયેલી જ હોય છે જેમ કે કોલી ફળિયા માટે લધા મામા, સમા ફળિયા માટે મિયા મલુક, આશાપુરા નગરી માટે આમદ તુગા, શેખ ફળિયા માટે મામદશાભાઈ અને અલીશાભાઈ ફક્ત ચૂંટણી સમયે જ નહીં પરંતુ હંમેશા લોકોના સુખદુઃખમાં સહભાગી થવા માટે તેમની ટીમના માર્ગદર્શન હેઠળ સક્રિય રહે છે. એટલે તેમને પૂરી શ્રદ્ધા છે કે ભારતીય જનતા પાર્ટી વોર્ડ નંબર ૨માં વિજયી થશે. વોર્ડ નંબર ૨માં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો માલતીબેન હિતેશભાઈ ગોર, શાંતાબેન નારણભાઈ જોગી તથા હર્ષદભાઈ રાજેશભાઈ ગોરને વિજયી બનાવવા માટે તેમણે અનુરોધ કર્યો છે. ભારતીય જનતા પાર્ટીના આ ઉમેદવારો વોર્ડ નંબર ૨ના આગેવાનો અને અબ્દુલભાઈ બજાણીયા જગદીશભાઈ ગોળ રાજુભાઈ વગેરેના માર્ગદર્શન હેઠળ ઘરે ઘરે પ્રચાર કરી રહ્યા છે અને તેમને ખૂબ જ આવકાર મળી રહ્યો છે.

# કચ્છમાં રાજકીય રેલીઓમાં ઉડ્યા સ્વચ્છતા અભિયાનના લીરેલીરા

## સામાન્ય જનતાને દંડ ફટકારતું તંત્ર નેતાઓ સામે કેમ મૌન?

ભુજ - કચ્છઉદય : કચ્છમાં ગઈકાલ સુધી ચૂંટણીલક્ષી રાજકીય પક્ષોની રેલીઓ અને સભાઓનો ધમધમાટ ચાલ્યો હતો. પ્રધાનમંત્રીના આહવાન પર દેશભરમાં સ્વચ્છ ભારત અભિયાન ચાલી રહ્યું છે અને કચ્છના સ્થાનિક તંત્રો પણ આ બાબતે સક્રિય હોવાનો દાવો કરે છે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. એક તરફ ભુજ નગરપાલિકા કે અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સામાન્ય નાગરિકો, નાના વેપારીઓ કે લગ્ન પ્રસંગના વરઘોડામાં કચરો ફેલાવવા બદલ કડક દંડ વસૂલે છે, ત્યારે બીજી તરફ રાજકીય પક્ષોની રેલીઓમાં સ્વચ્છતાના નિયમોની જાહેરમાં ઐસી તૈસી કરવામાં આવી હતી.

ભુજની બજારો હોય કે અંજાર અને ગાંધીધામના મુખ્ય માર્ગો, રાજકીય રેલીઓ પસાર થયા બાદ માર્ગો પર પ્રચાર પત્રકો, પ્લાસ્ટિકની સામગ્રી અને અન્ય પ્રચાર સાહિત્યના ગંજ જોવા મળ્યા હતા . પક્ષના કાર્યકરો દ્વારા જાહેર માર્ગો પર પત્રકો ફેંકીને ગંદકી કરવામાં આવે છે, પરંતુ આ દ્રશ્યો જોયા પછી પણ તંત્રના પેટનું પાણી હલ્યું નથી. સામાન્ય કચ્છી માડુ જો ભૂલથી પણ કચરો કરે તો તુરંત દંડ ફટકારતી ટીમો આ રાજકીય રેલીઓ વખતે ક્યાં અદ્રશ્ય થઈ જાય છે તે એક મોટો પ્રશ્ન છે. કચ્છની જનતા હંમેશા શિસ્ત અને સ્વચ્છતાની આગ્રહી રહી છે, ત્યારે રાજકીય પક્ષો દ્વારા ફેલાવવામાં આવતી ગંદકી અને તેના પર તંત્રની રહેમનજરથી સ્થાનિકોમાં રોષ ફેલાયો છે.

સવાલ એ ઊભો થાય છે કે શું સ્વચ્છતાના કાયદા અને દંડ માત્ર સામાન્ય જનતા અને ગરીબ રેકડીવાળાઓ માટે જ સીમિત છે? રાજકીય પક્ષો અને ઉમેદવારોને ગંદકી ફેલાવવાની શું કોઈ વિશેષ છૂટ આપવામાં આવી છે? કચ્છના જાગૃત નાગરિકો હવે સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમો દ્વારા એવો સૂર રેલાવી રહ્યા છે કે જો તંત્ર નિષ્પક્ષ હોય તો સામાન્ય નાગરિકની જેમ જ આ રાજકીય પક્ષો પાસેથી પણ તોતિંગ દંડ વસૂલવો જોઈએ. પરંતુ કચ્છમાં ચૂંટણી પ્રચાર દરમિયાન એક પણ રેલી કે સભામાં કોઈ દંડનીય કાર્યવાહી કરવામાં આવી નથી.

# ભુજમાં મતદાન જાગૃતિ અભિયાન તેજ બન્યું

## જનસંપર્કથી નાગરિકોમાં લોકશાહી પર્વ પ્રત્યે ઉત્સાહ, વધુ મતદાનની અપીલ

ભુજ, કચ્છ ઉદય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે ત્યારે ભુજ શહેરમાં મતદાન જાગૃતિને લઈને વ્યાપક જનસંપર્ક અભિયાન ચાલી રહ્યું છે. શહેરના વિવિધ વોર્ડોમાં નાગરિકો સાથે સીધો સંપર્ક સાધીને મતદાન માટે પ્રેરણા આપવામાં આવી રહી છે.

આ અભિયાન અંતર્ગત વિવિધ વિસ્તારોમાં સ્થાનિક મંડળો, સમાજના આગેવાનો, સંસ્થાઓ તેમજ ધાર્મિક સ્થળોની મુલાકાત લેવામાં આવી રહી છે. દરેક સ્થળે મતદારોને લોકશાહી પર્વમાં સક્રિય ભાગ લેવા અને પોતાના મતાધિકારનો અવશ્ય ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી રહી છે.

સંવાદ દરમિયાન જણાવવામાં આવ્યું હતું કે લોકશાહી પ્રણાલીમાં દરેક મત અત્યંત મહત્વનો છે. એક મત પણ શહેરના વિકાસ, સુશાસન અને ભવિષ્યની દિશા નક્કી કરવાની શક્તિ ધરાવે છે. તેથી દરેક નાગરિકે જવાબદારીપૂર્વક મતદાન કરવું જરૂરી છે.

સાથે જ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ માત્ર પોતે જ નહીં પરંતુ પોતાના પરિવારજનો, મિત્રો અને ઓળખીતાઓને પણ મતદાન માટે પ્રેરિત કરે, જેથી વધુમાં વધુ મતદાન થઈ લોકશાહી પર્વની અર્થપૂર્ણ ઉજવણી થઈ શકે.

# રાજકારણમાં આધ્યાત્મિક ઉર્જાનો સકારાત્મક સમન્વય રાષ્ટ્ર-વિકાસની નવી દિશા દર્શાવી શકે

મતદાતા જ 'લોકશાહીનો શાહ' છે. જવાબદારી પૂર્વક મતદાન કરવાની આપણી સૌની પવિત્ર ફરજ છે. (ઘણી બેઠકો બિનહરીફ જાહેર થતાં અનેક મતદાતાઓનો મતદાનનો અધિકાર છીનવી લેવામાં આવ્યો છે એ દુઃખદ છે) આપણા પર કોઈનાં વ્યક્તિત્વ, ખોટાં વચનો, વાણી કે એવી કોઇ પણ લોભામણી -લલચામણી- છેતરામણી બાબતોનો જરા સરખો પ્રભાવ ન પડે એ માટે સચેત રહીએ. છેવટે આપણે વિશ્વના મહાન લોકશાહી દેશ ભારતના ગૌરવવંતા પુખ્ત મતદારો છીએ. દરેક વિસ્તારના લોકોએ રાજકીય પક્ષ ઉમેદવાર ઉભો ન રાખે તો તે વિસ્તારના અને સોસાયટી એ પોતાનો ઉમેદવાર માટે આગળ આવવું જોઈએ, જેથી કોઈ બિનહરીફ ન થઈ જાય.

આપણા મતનું મૂલ્ય જરા ય ઓછુ ન આંકીએ. ચુંટણી પ્રચાર કાર્ય પરાકાષ્ટાએ પૂરજોશમા ચાલે છે. ત્યારે હવે મતદારોમાં પણ વિશેષ જાગૃતિ આવેલી જણાય છે. કોઈ એક વ્યક્તિ, પરિવાર કે પક્ષની ગ્રંથિ મનમાં બંધાઈ ન જાય એ માટે આપણે સતત સતર્ક રહીશું તો નીરક્ષિર પારખવામાં સરળતા રહેશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તો પ્રમાણિક અને સેવાભાવી ઉમેદવારની પસંદગી કરવાની હોય છે. ચુંટણી નજીક આવતી જશે તેમ 'ભડકાઉ ભાષણો' ફાટી નીકળશે. એની વચ્ચે સમતુલા જાળવીશું. એવાં ભ્રામક ભાષણોનો પ્રચાર તો હરગીઝ નહિ કરીએ તો એ પણ આજના સંદર્ભે સેવા થશે.અફવાને આંખ નથી હોતી પણ પાંખ જરૂર હોય છે.

આવેશ,લાલચ, ઉશ્કેરાટમાં કે કોઈના ચડાવ્યા 'ઘેટાંશાહી'માં સામેલ તો નથી થઈ જવાતું ને એ માટે સતત જાગૃત રહેવા મથીએ. તટસ્થ નિર્ણય લેવા સંનિષ્ઠ પ્રયાસો જરૂરી છે. તો કોઈ પક્ષની હાર કે જીત આપણને વિચલિત કરી શકશે નહિ. જનતા જનાર્દને તો કોઈ પક્ષની તરફેણ કર્યા વિના, કોઈ પણ પ્રકારના પ્રભાવમાં આવ્યા વિના, સાક્ષી ભાવે ગ્રંથિમુક્ત મતદાન કરવાની અનેરી મજા માણીને ચૂંટણી પર્વ ઉજવવું જોઈએ.

આપણે કોઈ પ્રત્યે ભલે સદભાવ કે લગાવ હોય પણ એના પ્રત્યાઘાત રૂપે અન્ય પ્રત્યે ઘૃણા, નફરત, અસહિષ્ણુતા પેદા ન થાય,એ માટે જાગૃત રહીએ. સૌ સાથે મીઠા સંબંધો જાળવીએ. 'અમારો કોઈ વિકલ્પ નથી' આવા ભ્રમમાં ન ભરમાઈએ. ભારત તો 'બહુ રત્ના વસુંધરા' છે. એટલે નિશ્ચિત રહીએ.

વાસ્તવિકતા એ છે કે ઉમેદવારો ગમે તેવાં માથાં પછાડે પણ કેટલાંક પરિબળો એવાં દમદાર છે કે એ ચૂંટણી પરિણામો પર અસર પાડે છે, જેમાં મતદારોનો એક સમુહ એવો છે જે 'પેક' જ રહે છે.પોતાનાં મનની વાતની કળ પડવા દેતો નથી. તેમ કોઈ પણ પ્રભાવ કે લાલચમાં સપડાઈ જતો નથી. બીજા પ્રકારનો વર્ગ તરલ પ્રકારનો છે. 'જિસકે તડમે લડુ ઉસકે તડમે હમ', જ્યારે એક વર્ગ એવો પણ છે જે 'ચાલતી ગાડીએ બેસવા'નું પસંદ નહી કરે. લોકશાહીનાં રક્ષણ માટે એ વર્ગ નબળા જણાતા પક્ષનું સમર્થન કરશે. એ જાણે છે કે લોકશાહીમાં વિરોધ પક્ષનું મહત્વ જરા ય ઓછુ ન આંકી શકાય. સબળ વિરોધ પક્ષો જ 'લોકશાહીના સાચા રક્ષકો' છે. એવુ એ દ્રઢ પણે માને છે. ચોથો એક વર્ગ એવો ય છે જે અગાઉથી બહુ વિચારતો નથી. મતદાન સમયે ઉતાવળે નિર્ણય લઈ લે છે. 'પડ્યા એવા દેવાશે' એમ માને છે. અથવા. અને ''કોઈને મત દેવા જેવા નથી'' એવો નિર્ણય છેલ્લી ઘડી એ લઈ લે છે એ 'નોટા' પસંદ કરે છે. આ અનિર્ણાયકતા લોકશાહી માટે ઈચ્છનીય નથી પણ છેવટે તો એ પણ એનો બંધારણીય અધિકાર છે.

આપણે યોગ્ય નીડર, સક્ષમ, સંનિષ્ઠ અને જનતાની સમસ્યાઓને વાચા આપે એવા સબળ ઉમેદવારને પસંદ કરવો જોઈએ. લોકો હવે પરિપક્વ છે.તેઓ સમજે છે કે રાષ્ટ્રવાદ પર કોઈનો ઈજારો હોઈ જ ન શકે. વિશેષમાં,.રાજકારણમાં આધ્યાત્મિક ઉર્જાનો સકારાત્મક સમન્વય રાષ્ટ્ર-વિકાસની નવી દિશા દર્શાવી શકે. વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ ભારત, હું ભારતીય મતદાતા 'લોકશાહીનો શાહ' પરિપક્વ નિર્ણય લઉં તો ઘણું.

-જગદીશચંદ્ર છાયા, ભુજ


# રાપરમાં મતદાન કેન્દ્ર પર ઈવીએમ સ્ટાફ સાથે રવાના









ગાંધીધામ - કચ્છઉદય : જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીને અનુલક્ષીને રાપર તાલુકામા યોજાનારી પાંચ જિલ્લા પંચાયત અને ૨૪ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે ૧૯૯ બુથ પર મતદારો મતદાન કરશે જેના માટે આજે મોડર્ન સ્કૂલ ખાતે ઈવીએમ તથા સ્ટાફને રવાના કરવામાં આવ્યો હતો. પ્રાંત અધિકારી જે આર ગોહિલ, તાલુકા મામલતદાર એચ. બી. વાઘેલા, તાલુકા વિકાસ અધિકારી ખોડુભા વાઘેલાએ સંયુક્ત રીતે જણાવ્યું હતું કે, મતદાન માટે સ્ટાફને જવા આવવા માટે રૂટ ૨૪માં એસટી ૨૫ ફાળવવામા આવી છે. ચુંટણી ફરજ પર કર્મચારીઓ ૮૮૦ તથા રિઝર્વ ૮૦ને રાખવામાં આવ્યા છે.

ઝોનલ ૨૪ બુથ ૧૯૯ મકાન ૧૯૯ રિસીવ ડીસ્પેચીંગ આઠ રૂમમાં કરવામાં આવશે. કાયદો - વ્યવસ્થા જાળવવા માટે નાયબ પોલીસ અધિક્ષક એક, છ પીઆઇ, બાર પીએસઆઇ પોલીસ કર્મચારીઓ ૧૬૬ તથા ૨૫૯ હોમગાર્ડ જીઆરડી તૈનાત રહેશે. રાપર મોડર્ન સ્કૂલ ખાતે



આજે પ્રિસાઈડીંગ અધિકારી તથા ઝોનલ અધિકારીની તાલીમ શિબિર યોજાઈ હતી, જેમાં ચુંટણી ફરજ પરના ડી.પી. રાઠોડ, નાયબ મામલતદાર અજયપાલસિંહ ઝાલા, બી.ડી. કોરાટ, વિશાલ મહેશ્વરી, રામજીભાઈ રબારી, ધ્રુવભાઈ સોલંકી , વિજય જાની વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. મતદાન મથકની ફરજ તથા ચુંટણી પ્રક્રિયા અંગે સમજણ આપી હતી.

# માજી અધિકારી કીર્તિકુમાર શાહની યાદમાં ભોજન કરાવ્યું

ભુજ - કચ્છઉદય : જૈન સમાજના અગ્રણી અને સ્ટેટ બેંક ઓફ ભુજના માજી અધિકારી સ્વ. કીર્તિકુમાર શાહની જન્મ જયંતી હોતા તેમની યાદમાં બાળકોને ભરપેટ ભોજન તેમજ રાશનકીટનું અને બાળકોને અલ્પાહાર કરવામાં આવ્યો હતો. વિતરણમાં સત્યમ સંસ્થાના અંકિતાબેન ધોકાઈ





તેમજ વગેરે જોડાયા હતા. નયનભાઈ શુક્લા, ધીરેનભાઈ લાલન, ધીરેનભાઈ ઠક્કરે સ્વ. કીર્તિકુમારને જન્મજયંતીએ શાબ્દિક વંદના કરી હતી. ભોજન, રાસન કીટ, છાશ વિતરણ માટે ચિરાગભાઈ શાહે સહયોગ આપ્યો હતો.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો સંગ્રામ

# 'આયાતી' ઉમેદવારો મુદ્દે આંતરિક ભડકો : કેસરિયા ગઢમાં ચિંતા : મોવડીઓએ વિરોધ ઠંડો પાડયો

**કચ્છના રાજકારણમાં 'પોતાના' અને 'પારકા' વચ્ચેનો જામ્યો જંગ : જિલ્લા સંગઠને હાથ ધરી ડેમેજ કંટ્રોલની કવાયત : સેન્સ પ્રક્રિયાના લીરેલીરા ઉડ્યા હોવાનો કાર્યકરોનો આક્ષેપથી શરૂ થયેલા ચર્ચા હવે ચુંટણીના અંતિમ દિવસો ગરમી જ રહી... : ભુજ નગરપાલિકામાં ટિકિટ ફાળવણી બાદ ભભૂકતો રોષ પક્ષ માટે ચિંતાનો વિષય બન્યો : શહેરમાં દબાણ સહિત અનેક મુદ્દે સમસ્યાઓ મતદારોમાં નારાજગી**

ભુજ - કચ્છઉદય : સરહદી જિલ્લા કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું રણશિંગું ફૂંકાઈ ચૂક્યું છે ત્યારે રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. સત્તાધારી પક્ષ ભારતીય જનતા પાર્ટી માટે આ વખતે ચૂંટણી જીતવા કરતાં પણ વધુ મોટો પડકાર પક્ષની અંદર વ્યાપેલો અસંતોષ અને 'આયાતી' ઉમેદવારો સામેનો વિરોધ બની રહ્યો હોય તેમ જણાય છે. જિલ્લામાં ટિકિટ ફાળવણીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અનેક બેઠકો પર સ્થાનિક સ્તરે આંતરિક કચવાટ સપાટી પર આવ્યો છે, જેના કારણે કેસરિયા બ્રિગેડમાં ચિંતાની લહેરો દોડી ગઈ છે. ખાસ કરીને લાયકાત ધરાવતા સ્થાનિક ચહેરાઓને નજરઅંદાજ કરી બહારના કે અન્ય વિસ્તારના ઉમેદવારોને થોપવામાં આવતા પાયાના કાર્યકરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

કચ્છ જિલ્લા ભાજપના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ટિકિટ વિતરણની પ્રક્રિયા દરમિયાન લોકશાહી ઢબે સેન્સ લેવાની કામગીરી કરવામાં આવી હતી, પરંતુ અંતિમ ફેંસલામાં આ સેન્સ પ્રક્રિયા માત્ર દેખાડો સાબિત થઈ હોય તેવું ચિત્ર ઊપસી રહ્યું છે. સ્થાનિક સ્તરે સક્રિય અને વર્ષોથી પક્ષ માટે પરસેવો પાડતા કાર્યકરોને બદલે પક્ષના મોવડી મંડળે કેટલાક પ્રભાવશાળી ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના ઈશારે મેન્ડેટ આપ્યા હોવાના ગંભીર આક્ષેપ ો ઉઠ્યા છે. આ સ્થિતિને કારણે કચ્છના રાજકારણમાં 'પોતાના' અને 'પારકા' વચ્ચેનો જંગ જામ્યો છે. હાઈકમાન્ડે સ્થાનિકોના અભિપ્રાયને અભરાઈએ ચડાવીને વ્યક્તિગત પસંદગીને પ્રાધાન્ય આપ તા સંગઠનના શિસ્ત સામે સવાલો ઉભા થયા છે.

આ વખતની ટિકિટ ફાળવણીમાં સૌથી વધુ વિવાદ ઉમેદવારોના નામની જાહેરાતના સમયને લઈને રહ્યો છે. કેટલીક બેઠકો પર તો છેલ્લી ઘડી સુધી સસ્પેન્સ જાળવી રાખવામાં આવ્યું હતું અને અંતિમ મિનિટોમાં નામ જાહેર કરવામાં આવ્યા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે, કેટલાક વિસ્તારોમાં પક્ષે સત્તાવાર રીતે જેમના નામ જાહેર કર્યા હતા, તેમને છેલ્લી ઘડીએ બદલી નાખી અન્ય વ્યક્તિ પાસે ફોર્મ ભરાવ્યા હતા. કચ્છના અમુક તાલુકાની બેઠકો જીવંત ઉદાહરણ બની છે, જ્યાં છેલ્લી ઘડીના ફેરફારે સ્થાનિક કાર્યકરોને સ્તબ્ધ કરી દીધા છે. આવી જ રીતે ભુજ નગરપાલિકાના જંગમાં પણ વોર્ડના સ્થાનિક સક્રિય કાર્યકરોને બદલે અન્ય વોર્ડના કાર્યકરોને ટિકિટ ફાળવવામાં આવતા સ્થાનિક સંગઠનમાં રોષની લાગણી જ્વાળામુખીની જેમ ફાટી નીકળી છે. રાજકીય પંડિતોનું માનવું છે કે ભાજપ માટે આ આંતરિક કચવાટ મોટો ખતરો સાબિત થઈ શકે છે. ભાજપની તાકાત હંમેશા તેની પેજ સમિતિ અને બુથ સમિતિ રહી છે, પરંતુ જે રીતે સ્થાનિક આગેવાનોની અવગણના કરવામાં આવી છે તેનાથી આ સમિતિના સભ્યો નિષ્ક્રિય થઈ શકે છે અથવા તો નારાજગીના કારણે ગુપ્ત રીતે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી શકે છે. ટિકિટ ન મળતા નારાજ થયેલા પ્રભાવી આગેવાનો ચૂંટણીમાં પક્ષના જ સત્તાવાર ઉમેદવારની બાજી બગાડી શકે તેવી પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે. આ સ્થિતિમાં 'શત્રુના શત્રુ મિત્ર' જેવો ઘાટ સર્જાય તો નવાઈ નહીં.

બીજી તરફ આ ગંભીર પરિસ્થિતિને પારખી ગયેલા જિલ્લા ભાજપ સંગઠનના હોદ્દેદારોએ તાબડતોબ ડેમેજ કંટ્રોલની કવાયત શરૂ કરી દીધી છે. જિલ્લાના વરિષ્ઠ નેતાઓ અને હોદ્દેદારો નારાજ કાર્યકરોને મનાવવા માટે દોડધામ કરી રહ્યા છે. જે તે બેઠક પરના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને સ્પષ્ટ સૂચના આપી દેવામાં આવી છે કે કોઈપણ સંજોગોમાં ભાજપના ઉમેદવારની જીત સુનિશ્ચિત કરવી તેમની જવાબદારી રહેશે. પક્ષના અસંતુષ્ટોને શાંત કરવા માટે બેઠકોનો દોર શરૂ કરાયો છે અને પક્ષની શિસ્તનો પાઠ ભણાવવામાં આવી રહ્યો છે. જોકે, સંગઠન ઉપરથી બધું સમુસૂતરું હોવાનો દાવો કરી રહ્યું છે, પરંતુ અંદરખાને વ્યાપેલો ગણગણાટ કંઈક અલગ જ વાર્તા કહી રહ્યો છે.

કચ્છના રાજકીય સમીક્ષકો આ સમગ્ર ઘટનાક્રમને ખૂબ જ ઝીણવટપૂર્વક નિહાળી રહ્યા છે. એક તરફ સત્તાવાર મશીનરી ચૂંટણી જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે, તો બીજી તરફ અપ માનિત થયેલા અને ટિકિટથી વંચિત રહેલા આગેવાનો પોતાનું રાજકીય વર્ચસ્વ સાબિત કરવા માટે ગોપનીય રીતે સોગંઠા ગોઠવી રહ્યા છે. આ આંતરિક જંગ આગામી દિવસોમાં કેવો વળાંક લેશે તે જોવું રસપ્રદ રહેશે. શું ભાજપનું મજબૂત સંગઠન આ રોષને ડામવામાં સફળ રહેશે કે પછી આ વખતે 'આયાતી' ઉમેદવારોનો મુદ્દો કેસરિયા ગઢમાં ગાબડું પાડશે? આ સવાલનો જવાબ તો ચૂંટણીના પરિણામો જ આપશે, પરંતુ હાલ તો કચ્છના રાજકારણમાં ભભૂકી રહેલો આ આંતરિક અસંતોષ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. હવે જોવાનું એ રહે છે કે આખરે 'ઘીના ઠામમાં ઘી' પડે છે કે પછી અસંતોષની આ આગ ચૂંટણીના પરિણામોમાં પક્ષને દઝાડે છે.

## ભુજમાં વોર્ડ નં.૧ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર દ્વારા પ્રચાર-પ્રસાર

ભુજ : નગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ત્યારે વોર્ડ નંબર ૧ના આમ આદમી પાર્ટીના ઉમેદવારો દ્વારા જોરશોરથી ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો છે.

આમ આદમી પાર્ટીના વોર્ડ નંબર ૧ના નગરપાલિકાના ઉમેદવારો મહમદ આરીફ પ ખેરીયા, અફરોઝ રફીક સિદી અને રાજેશકુમાર શામજી મહેશ્વરી દ્વારા ભવ્ય લોકસંપર્ક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પાર્ટીના ઉમેદવાર સાથે કાર્યકરોના ડોર ટુ ડોર પ્રચારમાં સ્થાનિકોનો સારો પ્રતિસાદ મળ્યો હતો. દરેક વિસ્તારમાં સભાઓ યોજાઈ હતી. આશાપુરા નગરના રહેવાસીઓએ વિવિધ પ્રશ્નો મુદ્દે રજૂઆતો કરાઈ હતી. જો આમ આદમી પાર્ટીના ઉમેદવારની જીત થશે તો સ્થાનિક લોકોની સમસ્યાઓ પ્રત્યે પુરતુ ધ્યાન આપવામાં આવશે તેવું જણાવ્યું હતું. સાથે સાથે આમ આદમી પાર્ટીને જંગી બુહમતીથી જીતાડવા લોકોને અપીલ કરાઈ હતી.





## નગરપાલિકાની ચૂંટણીની એરણે ભુજના લોકોની દ્રષ્ટિએ ભુજની સમસ્યાઓ અને સૂચનો

**ભુજવાસીઓ કહે છે કે સૌપ્રથમ પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી : વોર્ડમાં નગરપાલિકા દ્વારા વ્યવસ્થિત વોર્ડ ઓફિસ, ક્લિનિક, બજાર વિસ્તારોમાં મહિલા શૌચાલય પણ હોવા જોઈએ : જાહેર રસ્તામાંથી શેરીઓમાં કચરાના ઉકરડા કરવા ઉપર પ્રતિબંધ હોવો જોઈએ તથા ઘરો ઘરથી કચરા લઈ જવાની વ્યવસ્થા હોવી જોઈએ :બાળકો મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો માટે રિફ્રેશ સેન્ટર હોવું જોઈએ**

ભુજ - કચ્છઉદય : ભુજના લોકોને ભુજની સમસ્યાઓ સમસ્યાઓ અંગે સૂચન કર્યું કે ભુજને સ્વચ્છ, નિયમિત, પૂરતા પ્રમાણમાં અને ચોક્કસ અને યોગ્ય સમયે પાણી પાણી વિતરણ માટેની વ્યવસ્થા થવી જોઈએ. લોકોએ સૂચન કર્યું કે બીજા બધા ખર્ચા ભલે થાય પરંતુ પાણીની વ્યવસ્થા ઉપર સૌપ્રથમ ધ્યાન આપવું જોઈએ, તથા તેના માટે વ્યવસ્થિત અને પ્રમાણિકતાથી ખર્ચો કરવો જોઈએ. કેટલાક લોકોએ એવા સૂચનો પણ કર્યા કે ભુજના દરેક વોર્ડમાં ઓવરહેડ ટાંકા બનાવવા જોઈએ જેથી ઉપરના માળ ઉપર ડાયરેક્ટ કોર્સથી પાણી આવે અને પાતાળકુવા સજીવન કરવા જોઈએ અથવા નવા બનાવવા જોઈએ. બીજા નંબરની મહત્વની સમસ્યા ભુજની નિયમિત સફાઈની અને કચરા ઉપાડવાની સમસ્યા હોવાનું જુદા જુદા એરિયાના લોકોએ જણાવ્યું. ભુજમાં લોકો રસ્તા પર કચરા આડેધડ ન નાખે તે માટે ઘરેથી જ કચરા એકઠા કરવાની કાયમી વ્યવસ્થા ચાલુ રાખવી જોઈએ. ત્રીજી સમસ્યામાં રસ્તાઓ અને ફૂટપાથ ઉપર થતા આડેધડદબાણ અંગે વ્યવસ્થિત આયોજન અને નિયંત્રણ ગોઠવાય અને એક પણ પરિવારની રોજીરોટી પણ ના ઝૂંટવાય અને શહેર પણ સ્વચ્છ રહે તેવુ વ્યવસ્થિત આયોજન જરૂરી છે. આ પછી બંધ થઈ ગયેલી ભુજની સીટી બસ એ ખૂબ મહત્વની સમસ્યા છે. ભુજનો વિસ્તાર અને ઘણો વધી ગયો છે ત્યારે સીટી બસની વ્યવસ્થા ભુજ નગરપાલિકા દ્વારા અથવા એસટી તંત્ર દ્વારા ગુજરાત સરકારે કોઈ વ્યવસ્થિત ઉદ્યોગપતિ અથવા સંચાલક દ્વારા અત્યંત સરસ રીતે ચલાવી શકે એવી કરવી જોઈએ. છેલ્લા વર્ષોમાં જોયું છે કે સીટી બસ ભુજ નગરપાલિકા ચલાવવામાં નિષ્ફળ ગઈ છે અથવા સંચાલન ટકાવી રાખવામાં નિષ્ફળ ગઈ છે ત્યારે તે ગુજરાત સરકારે પોતાના હસ્તક રાખી અને એસટી નિગમ દ્વારા કરવી જોઈએ એવું પણ ઘણા લોકોએ જણાવ્યું. કમસેકમ વડીલો અને મહિલાઓ બાળકો, અને સ્વતંત્ર વાહન નહીં ધરાવતા લોકો માટે વ્યવસ્થાને અત્યંત જરૂર છે. કોઈપણ એરિયામાંથી બેસી અને કોઈ પણ એરિયામાં જઈ શકાય તેવા સર્ક્યુલર રૂટ પણ એકાદ બે બસમાં ગોઠવવા જોઈએ. આ સીટી બસમાં કુકમાથી માનકુવા સુધીના વિસ્તારોનો સમાવેશ કરી નાખવો જોઈએ. અને માત્ર શહેરના વિસ્તારો પૂરતી પણ અલગ બસ રાખવી જોઈએ. દરેક વોર્ડમાં ભુજ નગરપાલિકાની વોર્ડ ઓફિસ બનાવવી જોઈએ. જે તે વોર્ડ ઓફિસ પાસે જ સીટી બસનું પણ વેઈટિંગ અને સ્ટોપ આવી જાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

કચ્છમાં આટલા બધા ઉદ્યોગો આવી રહ્યા છે ત્યારે ઉદ્યોગપ તિઓની મદદથી સરકાર ભુજ અને ગાંધીધામમાં એર કન્ડિશન સીટી બસ શરૂ કરાવી શકે. મહિને એકવાર વોર્ડની સભા કોર્પોરેટર સાથે નગરપાલિકા દ્વારા અલ્પાહાર સાથે રાખવી જોઈએ. ઉપરાંત વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ વગેરે આ વોર્ડ ઓફિસમાં અનુકૂળતા મુજબ હાજર રહી અને વોર્ડના વિકાસ માટે સેવા આપી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. જેમાં પ્રશ્નોની ચર્ચા થઈ શકે અને વોર્ડ ઓફિસમાં સાંજના સમયે તે રાતના સમયે એકાદ કલાક દરરોજ વારાફરતી રીતે એક કોર્પોરેટર પ્રજાને મળે તેવી વ્યવસ્થા પણ કરવી જોઈએ. આ ઉપરાંત વોર્ડ ઓફિસ પાસે ચોકથી કે સ્ટીકથી લખી શકાય તેવું બોર્ડ રાખવું જોઈએ જેમાં લોકો પોતપોતાની સમસ્યા દરરોજ લખી શકે અને સમસ્યા ઉકેલાય પછી તે હટાવી નાખવી જોઈએ. દરેક વોર્ડમાં એક સુંદર બગીચો, એક સુંદર વરિષ્ઠ નાગરિક રિફ્રેશ સેન્ટર એટલે કે વિસામો, એક સુંદર પુસ્તકાલય અને વાંચનાલય એક મહિલા મંડળનો સુંદર હોલ, દૂરના અને નવા વિસ્તારોમાં તો વોર્ડ ક્લિનિક અને નગરપાલિકાની પ્રાથમિક શાળા પણ હોવો જોઈએ. દરેક વોર્ડમાં એક કમિટી બનાવવી જોઈએ જેમાં વરિષ્ઠ નાગરિકો મહિલાઓ યુવાનો અને વિદ્યાર્થીઓ અને બાળકોનો પણ સમાવેશ કરવો જોઈએ દર છ મહિને અથવા મહિને અથવા યોગ્ય સમયે કમિટી સભ્યો બદલવા જોઈએ.

ભુજના વિકાસ માટે ભુજના નાગરિકો જ જાતે સામે આવી અને પોતે જ પક્ષાપક્ષી વગર અને એક ભુજના સંતાન તરીકે આત્મીયતાથી એકબીજાની સાથે મળીને જાગૃત રહેવું પડશે.

## કચ્છ સમસ્ત અબોટી બ્રાહ્મણ જ્ઞાતિની બ્રહ્મપુરી ભુજમાં બનાવવા વિચારણા

ભુજ-કચ્છઉદય : કચ્છ જિલ્લા સમસ્ત અબોટી બ્રાહ્મણ જ્ઞાતિની યોજાએલ બેઠકમાં સમાજ માટે ભુજ ખાતે અબોટી બ્રહ્મપુરી બનાવવા જમીન ખરીદવા અંગેનાં સુચનને સૌએ વધાવી લીધું હતું. સંપ, એકતા વધુ દ્રઢ થાય ભવિષ્યમાં સારા કાર્યો કરવા વિચારણા થઇ હતી. સમાજના પ્રમુખ કનૈયાલાલ અબોટીની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં મહામંત્રી મહેશભાઈ અબોટી-આદિપુર, હરિઓમભાઈ અબોટી-મોટા લાયજા તા.માંડવી, ઉપપ્રમુખ મનોજભાઈ અબોટી-અંજાર તથા ભાવિનભાઈ અબોટી જખૌ દ્વારા વિવિધ સુચનો કરવામાં આવ્યાં હતાં.



સમાજમાંથી ડોનેશન એકત્રિત કરાવી ખજાનચી નરેન્દ્રભાઈ અબોટી પાસે જમા કરાવીએ રકમમાંથી સરસ્વતી સન્માન, સમુહલગ્ન તથા સમૂહ યજ્ઞોપવિત જેવા કાર્યક્રમો યોજી શકા તેમજ હર પરીવારના ચુલા દીઠ રૂા.૧૦૦ જિલ્લા તથા રૂા. ૧૦૦ તાલુકા દીઠ લેવાનું નક્કી થયું હતું. ભુજ તાલુકા સમસ્ત અબોટી બ્રાહ્મણ જ્ઞાતિના પ્રમુખ બટુકભાઈ અબોટી, મહામંત્રી પ રેશભાઈ અબોટી, સંગઠનમંત્રી આનંદભાઈ અબોટી, ખજાનચી નીલેશભાઈ અબોટી, કપિલભાઈ અબોટી, હિતેશભાઈ અબોટી, પ્રશાંતભાઈ અબોટી, કેતનભાઈ અબોટી, મયુરભાઈ અબોટી, આશિષભાઈ, નીરવભાઈ વિગેરે હાજર રહ્યા હતા. સંચાલન મહામંત્રી હરિઓમભાઈ અબોટી તથા આભારવિધિ ખજાનચી નરેન્દ્રભાઈ અબોટીએ કરી હતી.

## આજથી લક્ષ્મીનારાયણ મંદિર મહોત્સવનો પ્રારંભ

**શોભાયાત્રા, સંત પ્રવચન અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી ભાવિકોમાં ઉત્સાહનો માહોલ**

ભુજ - કચ્છ ઉદય : દેશલપર વાંઢાય સ્થિત અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ સંસ્કારધામ ખાતે લક્ષ્મીનારાયણ મંદિરના ત્રિદશાબ્દી મહોત્સવનો આજથી ભવ્ય પ્રારંભ થવા જઈ રહ્યો છે. મહોત્સવને લઈ સમગ્ર સંસ્કારધામ પરિસરને આકર્ષક રીતે સજાવવામાં આવ્યું છે અને આયોજનને સફળ બનાવવા માટે આશરે ૨૫ જેટલી વિવિધ સમિતિઓ તત્પરતાપૂર્વક કામગીરી બજાવી રહી છે. વિશાળ સભામંડપ તેમજ ભોજનાલયની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

સંસ્કારધામના પ્રમુખ ગંગારામભાઈ રામાણી અને મહામંત્રી ઈશ્વરભાઈ ભાવાણી સહિત મોહનભાઈ ચોપડા, શાંતિભાઈ રૂડાણી, કૌશલભાઈ લિંબાણી, કિરીટભાઈ ભગત, પ્રવીણભાઈ ધોળુ, શાંતિલાલ નાકરાણી, ખજાનચી બાબુભાઈ રૂડાણી, લવજીભાઈ પોકાર, ધરમશીભાઈ પોકાર, ડો. પ્રેમજીભાઈ ગોગારી તથા છગનભાઈ પોકારના માર્ગદર્શન હેઠળ મહોત્સવ માટે વ્યાપક તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

મહોત્સવના પ્રથમ દિવસે સવારે ૭:૩૦ વાગ્યે વાંઢાયથી આશરે ત્રણ કિ.મી. લાંબી ભવ્ય શોભાયાત્રા નીકળશે, જે સવારે ૧૧ વાગ્યે મંદિર પરિસર પહોંચશે. આ સાથે દાતાશ્રીઓના હસ્તે નૂતન અતિથિ ભવન અને અન્નપૂર્ણા ભવનનું લોકાર્પણ કરવામાં આવશે. બપોર બાદ સંતોના આગમન સાથે સ્વાગત કાર્યક્રમ અને ધાર્મિક પ્રવચનો યોજાશે, જ્યારે રાત્રે લોકસાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત લોકડાયરો યોજાશે જેમાં ધીરુભાઈ સરવૈયા, નીલેશ ગઢવી અને શીતલ બારોટ ભજનો રજૂ કરશે.

તા. ૨૬ એપ્રિલે સવજીભાઈ ધાળકિયાનું પ્રવચન યોજાશે તેમજ રાત્રે ૧૦ વાગ્યે પ્રખ્યાત ગાયિકા ગીતાબેન રબારીના સ્વરે મહારાસનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવના અંતિમ દિવસે તા. ૨૭ એપ્રિલે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહી ધાર્મિક પ્રવચન આપશે અને સામાજિક સભામાં હાજરી આપશે.

આ દિવસે મંદિરમાં પાટોત્સવ, પૂજન, નૂતન ધ્વજારોહણ અને વિષ્ણુયાગ યજ્ઞની પૂર્ણાહુતિ શાસ્ત્રી દિલીપભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે. ઉપરાંત દાતાશ્રીઓનું સન્માન, વિવિધ સમિતિઓનું અભિવાદન અને આભારવિધિ જેવા કાર્યક્રમો પણ યોજાશે. ત્રણ દિવસીય આ મહોત્સવને લઈને સમગ્ર વિસ્તારમાં ધાર્મિક ભાવના અને ઉત્સાહનો માહોલ સર્જાયો છે અને મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## રાહદારીઓ આમ જનતા માટે ભુજમાં નિઃશુલ્ક છાસ કેન્દ્રનું લોકાર્પણ



ભુજ - કચ્છઉદય : કચ્છ વાગડના કર્ણધાર જૈનાચાર્ય પ.પૂ. આ.ભ. વિજયકલાપૂર્ણ સૂરીશ્વરજી મ.સા.ની દિવ્યાશીષ, પ.પૂ. આ.ભ. વિજય કલ્પતરૂ સુરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી છેલ્લા ૧૬ વર્ષથી સ્વ. ચેતન મહેતાની સ્મૃતિમાં વિવિધ સેવા ક્ષેત્રે સતત કાર્યરત જૈન સેવા સંસ્થા નવચેચત ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર ભુજના ઉપક્રમે દાતાઓના સહયોગથી ભુજમાં લાલટેકરી પોઈન્ટ પર રાહદારીઓ, લોકો માટે છઠા વર્ષે કાળઝાળ ગરમીમાં રાહત મળે તે માટે છાશ કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું.

## ભારતના બંધારણના ઘડવૈયા ડો બાબા સાહેબ આંબેડકરની ૧૩૫ જન્મજયંતી ઉજવાઈ

ભુજ - કચ્છઉદય : ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતીએ જીવદયા પ્રવૃત્તિ, બાળકોને અલ્પાહાર અને લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટના હેમેન્દ્રભાઈ જણસારિ દ્વારા કપડાઓનું વિતરણ તેમજ છાસ વિતરણ વગેરે કરવામાં આપવામાં આવ્યું હતુ. સત્યમના અધ્યક્ષ, અંકિતા ધોકાઈ, માલશ્રીબેન ગઢવી, નર્મદાબેન ગામોટ, મનજીભાઈ ગામોટ, રાજુલાબેન શાહ, નરેન્દ્રભાઈ સ્વાદિયા, જટુભાઈ ડુડીયા સહિત ઉપસ્થિત રહ્યા હતા.

## બાબા સાહેબની વંદના કરાઈ



નખત્રાણા તાલુકાના કલ્યાણપર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ડો. સુધીરભાઈ પાલેજાના માર્ગદર્શન હેઠળ ભારતરત્ન ડો. ભીમરાવ આંબેડકરજીની જન્મજયંતી નિમિત્તે વંદના કાયૅક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાઈ બહેનોએ ઉપસ્થિત રહી આંબેડકરજીની વંદના કરી હતી.

## મંગવાણામાં ડો. બાબાસાહેબ ભીમરાવને અંજલિ અપાઈ

ભુજ - કચ્છઉદય : નખત્રાણા તાલુકાના મંગવાણામાં ભારતીય સંવિધાનના ઘડવૈયા ભારત રત્ન ડો. ભીમરાવ આંબેડકરજીની જન્મ જયંતી નિમિત્તે વંદના કાયૅક્રમ કરવા આવ્યો હતો મંગવાણા શ્યામધામ આશ્રમના મહંત પૂજ્ય નરેશગીરી બાપુએ આંબેડકર સાહેબને મહામાનવ ગણાવ્યા હતા, જેમને ભારતને આવું મહાન સંવિધાન આપ્યું જેનુ ઋણી દેશ સદાય રહેશે. કાર્યક્રમમાં કૃષ્ણકાંત પંડ્યા, શિવજીભાઈ ધેડા, પરબતભાઈ જોગી, રતનશી ચારણ, પ્રતાપવન ગોસ્વામી, રમેશભાઈ સુતરીયા, અથવૅભાઇ મોરેશિયા સાથે મોટી સંખ્યામાં ભાઈ - બહેનોએ ઉપસ્થિત રહી આંબેડકર સાહેબની વંદના કરી હતી.



## મતદાન વખતે થતી આંગળી પરની એ 'જાંબલી લીટી' લોકશાહીની શક્તિનું પ્રમાણ

**મૈસૂરના મહેલોથી નીકળીને દરેક ભારતીયની આંગળી સુધી પહોંચતી 'અમિટ શાહી'નો રોમાંચક ઈતિહાસ અને ખાસ વૈજ્ઞાનિક મહત્વ ધરાવે છે : સાબુ કે કેમિકલ પણ જેની સામે હાર માને છે તેવી ૩૦ દેશોમાં ધાક જમાવનાર ભારતની આ જાદુઈ શાહી ગુપ્ત ફોર્મ્યુલાથી થાય છે તૈયાર**

ભુજ - કચ્છઉદય : લોકશાહીના મહાપર્વમાં જ્યારે કોઈ મતદાર મતદાન મથકમાંથી બહાર નીકળે છે, ત્યારે તેના ચહેરા પરના સંતોષ કરતાં પણ વધુ ચમક તેની ડાબા હાથની આંગળી પર લાગેલી એક નાનકડી જાંબલી લીટીમાં જોવા મળે છે. આ માત્ર શાહીનું નિશાન નથી, પરંતુ ભારતીય નાગરિક હોવાનું ગૌરવ અને પવિત્ર મતાધિકારનો પુરાવો છે. આ શાહીને આપણે 'અમિટ શાહી' તરીકે ઓળખીએ છીએ, જેનો ઈતિહાસ અને વિજ્ઞાન એટલું જ રસપ્રદ છે જેટલી આપ ણી લોકશાહીની પ્રક્રિયા. આ શાહીની સૌથી મોટી ખાસિયત એ છે કે તેને ગમે તેવા સાબુ, ડિટર્જન્ટ, તેલ કે કેમિકલથી તાત્કાલિક ભૂંસી શકાતી નથી, અને એટલે જ તે નકલી મતદાન રોકવા માટેનું સૌથી અમોઘ શસ્ત્ર સાબિત થઈ છે.

આ અદ્રશ્ય રક્ષકની શોધ પાછળ પણ એક લાંબી મથામણ રહેલી છે. ૧૯૫૧ની દેશની પ્રથમ ચૂંટણીમાં આવી કોઈ વ્યવસ્થા નહોતી, જેના કારણે એક જ વ્યક્તિ વારંવાર મત આપી જાય તેવી શક્યતાઓ રહેતી હતી. આ સમસ્યાના ઉકેલ માટે ભારતના પ્રથમ ચૂંટણી કમિશનર સુકુમાર સેને નેશનલ ફિઝિકલ લેબોરેટરી ઓફ ઈન્ડિયાને એવી શાહી બનાવવાનું કામ સોંપ્યું જે ત્વચા પર લાંબો સમય ટકી રહે. વૈજ્ઞાનિકોની મહેનત બાદ એક ફોર્મ્યુલા તૈયાર થઈ અને ૧૯૬૨ની ત્રીજી લોકસભા ચૂંટણીથી તેનો સત્તાવાર ઉપ યોગ શરૂ થયો. ત્યારથી લઈને આજ સુધી, આ શાહીના નિર્માણનું એકમાત્ર લાઈસન્સ કર્ણાટક સરકારની માલિકીની કંપની 'મૈસૂર પેઈન્ટ્સ એન્ડ વાર્નિશ લિમિટેડ' પાસે છે. સમગ્ર ભારતની ચૂંટણીઓ માટે શાહી પૂરી પાડતી આ એકમાત્ર અધિકૃત સંસ્થા છે.

અમિટ શાહી પાછળનું વિજ્ઞાન સમજવા જેવું છે. આ કોઈ સામાન્ય રંગ નથી, પરંતુ તેમાં સિલ્વર નાઈટ્રેટ નામનું રસાયણ ઉમેરવામાં આવે છે. જ્યારે આ શાહી આંગળી પર લગાવવામાં આવે છે, ત્યારે સિલ્વર નાઈટ્રેટ આપણા શરીરના પરસેવામાં રહેલા સોડિયમ ક્લોરાઈડ અને ત્વચાના પ્રોટીન સાથે રાસાયણિક પ્રતિક્રિયા કરે છે. આ પ્રતિક્રિયાને કારણે ત્વચા પર સિલ્વર ક્લોરાઈડ બને છે, જે ડાર્ક કલરનો ડાઘ પાડે છે. આ ડાઘ પાણીમાં દ્રાવ્ય હોતો નથી અને તે ત્વચાના કોષો સાથે મજબૂત રીતે ચોંટી જાય છે. આ જ કારણ છે કે આ શાહી આંગળી પરથી ત્યારે જ દૂર થાય છે જ્યારે ત્વચાના જૂના કોષો કુદરતી રીતે ખરી જાય અને તેની જગ્યાએ નવા કોષો આવે. સામાન્ય રીતે આ પ્રક્રિયામાં ૧૦ થી ૧૫ દિવસનો સમય લાગે છે, જે કોઈપણ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવા માટે પૂરતો છે.

ભારતની આ શાહી માત્ર આપણા દેશ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેની વિશ્વસનીયતા એટલી બધી છે કે વિશ્વના ૩૦થી વધુ દેશો ભારત પાસેથી આ શાહી મંગાવે છે. કેનેડા, દક્ષિણ આફ્રિકા, નાઈજીરિયા, મલેશિયા અને પડોશી દેશ નેપાળ-ભૂતાન જેવા દેશોની ચૂંટણીમાં પણ ભારતની બનેલી આ 'અમિટ છાપ' જોવા મળે છે. મૈસૂરની આ કંપની માત્ર ચૂંટણી પંચ માટે જ આ શાહી બનાવે છે અને તેની ફોર્મ્યુલા અત્યંત ગુપ્ત રાખવામાં આવે છે. દર વખતે ચૂંટણી પહેલાં લાખોની સંખ્યામાં નાની શીશીઓ તૈયાર કરવામાં આવે છે. એક અંદાજ મુજબ, શાહીની એક નાની ૫ મિલીની શીશીથી લગભગ ૩૦૦ થી ૪૦૦ મતદારોની આંગળી પર નિશાન કરી શકાય છે.

વર્તમાન સમયમાં જ્યારે ટેકનોલોજી ખૂબ આગળ વધી ગઈ છે, ત્યારે પણ આ એક નાનકડી શાહીની ટીપકી ડિજિટલ યુગના પડકારો સામે અડીખમ ઊભી છે. ભલે બાયોમેટ્રિક કે ઓનલાઈન સિસ્ટમની વાતો થતી હોય, પરંતુ સામાન્ય માણસ માટે આંગળી પ રની એ શાહી જ એ વાતની ખાતરી આપે છે કે તેનો મત પ ડી ચૂક્યો છે અને તે લોકશાહીનો હિસ્સો બની ગયો છે. મતદાનના દિવસે લોકો ગર્વથી આ આંગળી સોશિયલ મીડિયા પર ફ્લોન્ટ કરે છે, જે સાબિત કરે છે કે અમિટ શાહી માત્ર એક પ્રક્રિયા નથી, પણ ભારતીય મતદારની ઓળખ બની ગઈ છે.

## માંડવી - મુંદરા ધારાસભ્ય અનિરૂદ્ધ દવેના અધ્યક્ષસ્થાને

# ગઢશીશા, મઉં, દરશડીમાં ભાજપનું વિજય વિશ્વાસ સંમેલન યોજાયું





### ગામે ગામના સામાજિક - ભાજપ અગ્રણીઓ, કાર્યકરોએ આપેલી હાજરી : જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત બેઠકના ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવા વ્યક્ત કરાયો વિશ્વાસ




ગઢશીશા - કચ્છઉદય : ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રચાર પુરજોશમાં થવાની સાથે ચૂંટણીપંચના આદેશ મુજબ શાંત પડવા જઈ રહ્યા છે, તેવામાં વિજળીક ગતિએ માંડવી - મુંદરાના ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવેની અધ્યક્ષતામાં તલવાણા જિલ્લા પંચાયતની દરશડી બેઠક તેમજ ગઢશીશા જિલ્લા પંચાયત બેઠક હેઠળના ગઢશીશા-૧, ૨ તેમજ મઉં ગામે ગઈકાલે વિજય વિશ્વાસ સંમેલન યોજાયું હતું, જેમાં ભાજપ અગ્રણીઓ, સામાજિક અગ્રણીઓ અને ભાજપ કાર્યકરોએ બહોળી સંખ્યામાં હાજરી આપી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને જંગી બહુમતીથી વિજય અપાવવા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગઢશીશામાં વિજય વિશ્વાસ સંમેલનનો દિપ પ્રાગટય કરાવતા સંમેલનના અધ્યક્ષ સ્થાનેથી ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવેએ કહ્યું હતું કે, ગ્રામ પંચાયતએ મીની સંસદ છે. ગામના સર્વાંગી વિકાસ માટે સાંસદ સુધીની સાંકળ મજબૂત બનાવવી જરૂરી હોઈ જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતને પંચાયતી બનતી સાંકળનો ભાગ ગણાવતાં યોજાયેલ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવા અપીલ કરી હતી. તેમજ સૌ કાર્યકરોની નિષ્ઠાને બિરદાવી હતી. પ્રદેશ ભાજપ કિસાન મોરચાના ઉપાધ્યક્ષ રાણશીભાઈ ગઢવીએ કિસાનોના વિકાસ માટે રાજ્યની અને કેન્દ્ર સરકાર કટિબદ્ધ હોવાનું જણાવતાં કૃષિલક્ષી યોજનાઓથી સૌને માહિતગાર કર્યા હતા. તેમજ ભારતીય જનતા પાર્ટીની સંઘર્ષ ગાથાને વર્ણવી હતી. તેઓએ સરકાર ટેકનોલોજી સાથે કિસાનોની પડખે હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જિલ્લા પંચાયત સા.ન્યા. સમિતિના પૂર્વ ચેરમેન કેશવજી રોશિયાએ અનુસૂચિત જાતિના લોકોને એક પ્રવાહમાં લાવવા પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું. સંગઠનના પ્રમુખ સામંતભાઈ ગઢવીએ સૌને આવકારતાં પાર્ટીનું સંગઠન વધુ મજબૂત બને તે ઉપર ભાર મુકયો હતો. જૈન અગ્રણી અને તેજાબી વકતા વિસનજીભાઈ દેઢિયાએ ગઢશીશા વિસ્તારની અઢારે આલમ ભાજપ સાથે હોવાનું જણાવતાં બહુમતીથી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ઉમેદવારો વિજયી બનશે તેવો આત્મ વિશ્વાસ પ્રગટ કર્યો હતો.

આ પ્રસંગે તાલુકા સરપંચ સંગઠનના પ્રમુખ જીવરાજભાઈ ગઢવી, ઉનડોઠ માજી સરપંચ મુળજીભાઈ ગઢવી, ગઢશીશા સરપંચ કોમલબેન ગોસ્વામી, માજી સરપંચ ભાઈલાલભાઈ પટેલ, જુના જનસંઘી વલ્લમજીભાઈ છાભૈયા, લા.ભા. જિ.પં. પૂર્વ ઉપપ્રમુખ સુનિલભાઈ ચોથાણી, બ્રહ્મ સમાજ પ્રમુખ હિતેશ મોતા, રબારી સમાજના અગ્રણી હિરાભાઈ રબારી, વેજાભાઈ રબારી, વિરમભાઈ રબારી, ગુજરાત એગ્રો નિગમના પૂર્વ ડાયરેકટર બટુકસિંહ જાડેજા, પોલડિયા સરપંચ ખુમાણસિંહ જાડેજા, મકડા સરપંચ ભરતસિંહ જાડેજા, ગઢશીશા અગ્રણી રાજેન્દ્રસિંહ જાડેજા, તા.પં. પૂર્વ કારોબારી ચેરમેન કાનજીભાઈ સંઘાર, રમેશભાઈ ખત્રી, બક્ષીપંચ મોરચાના રાજેન્દ્રગિરિ ગોસ્વામી, તા.પં. પૂર્વ સદસ્ય હરેશભાઈ રંગાણી, પાટીદાર અગ્રણી વસંતભાઈ છાભૈયા, રાજુભા જાડેજા, લઘુમતી સમાજની જાકબભાઈ માંજોઠી, દલિત સમાજના નાનજીભાઈ આંડુ, ભીમજીભાઈ રાઠોડ, ગોસ્વામી સમાજના સંજયભાઈ ગોસ્વામી, શંભુગર ગોસ્વામી, વેપારી મંડળના અગ્રણીઓ તેમજ મહિલા મંડળોની અગ્રણી બહેનો બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. આ પ્રસંગે વિવિધ સમાજના આગેવાનોએ સંગઠનના પ્રમુખના હસ્તે કેસરિયો ધારણ કરી ભાજપમાં જોડાયા હતા. વિવિધ સમાજો દ્વારા ધારાસભ્યનું સન્માન કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન ભાજપ મહામંત્રી મહેન્દ્રભાઈ રામાણીએ તેમજ આભારવિધિ સહમંત્રી ખુશીબેન ચોથાણીએ કર્યુ હતું.

જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર મેઘબાઈ જીવરાજ ગઢવી, ગઢશીશા-૧ના અંક્તિભાઈ ગોસ્વામી, ગઢશીશા-૨ના પાલાભાઈ (રાજાભાઈ) રબારી, મઉં બેઠકના બળવંતસિંહ જાડેજાએ તેઓને ભાજપના ઉમેદવાર તરીકે કમળ પર મત આપી વિજયી બનાવવા અપીલ કરી હતી.

# નખત્રાણાની જનતા વિકાસને મત આપી ભાજપના ઉમેદવારોને જવલંત વિજય અપાવશે : પ્રદ્યુમનસિંહ જાડેજા



### ભાજપને મત એટલે વિકાસને મતના સ્લોગન સાથે મતદારોને અચૂક મતદાન કરવા કરાઈ અપીલ : નવાનગર વોર્ડ નંબર ત્રણમાં પ્રજાના હમદર્દ ઉમેદવારોને પ્રજા ચુટશે



નખત્રાણા - કચ્છઉદય : પાલિકાની ૨૬મી એપ્રીલના પ્રથમ ચૂંટણી યોજાવાની હોઈ નખત્રાણા તાલુકા ભારતીય જનતા પક્ષના ઉમેદવારો દ્વારા પ્રસાર પ્રચાર પૂરજોશમાં શરૂ કરાયો છે. નખત્રાણા નવાનગર વોર્ડ નંબર ત્રણમાં આવતા લોકોને રૂબરૂ મળ્યા હતા અને ભારતીય જનતા પક્ષને મત આપી વિજય બનાવવા અપીલ કરી હતી. સરપંચથી સાંસદ સુધી ભારતીય જનતા પક્ષનો દબદબો છે, તેની સાંકળ તૂટે નહીં અને તે સાંકળને મજબૂત બનાવવા માટે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ આ પ્રસંગે લોકોને વિકાસની સાથે રહેવા અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે ૨૬ તારીખમાં ઈવીએમ મશીનમાં માત્ર વિકાસ દેખાવો જોઈએ. પ્રજાના હમદર્દ દેખાવા જોઈએ પ્રજાની સાથે રહેતા હોય પ્રજાના કાર્યો કરતા હોય પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુખે દુ:ખી રહેતા હોય એવા ઉમેદવારોને જ ચુટી સત્તા આપવી જોઈએ. હજુ પણ જો આગામી સમયમાં આપણે વિકાસ કરવો હશે, તો વહેતા પ્રવાહમાં રહેવું પડશે. માત્ર ચૂંટણી આવે ત્યારે દેખાતા ત્યારબાદ પાંચ વર્ષ સુધી પૂછા પણ ન કરતા હોય એવા ઉમેદવારોને ચૂટવા જોઈએ નહીં ગમે તેવી લાલચ કે પ્રલોભનો આપતા હોય તેવા નેતાઓને નહીં પણ પ્રજાના ખરા અર્થના સાચા દુ:ખના ભાગીદાર ને પોતાનો કિંમતી મત આપવો જોઈએ. પ્રજાનો ચુકાદો શિરોમાન્ય હોય છે ત્યારે અમને વિશ્વાસ છે કે પ્રજા વિકાસને મત આપશે ભૂતકાળમાં કરેલા ભાજપના કાર્યોથી નખત્રાણાની જનતા વાકેફ છે, હવે નગરપાલિકા મળી છે ત્યારે નગરપાલિકાના સેનાપતિઓના હાથ મજબૂત કરવા સારા અને સાચા માણસના હાથમાં બાગડોર જવી જોઈએ એવું જણાવ્યું હતું. નખત્રાણાના વોર્ડ નંબર ત્રણમાં આવતા ભારતીય જનતા પક્ષના ઉમેદવાર મમતાબેન મુબારક કુંભાર, દેવાભાઈ કાનાભાઈ રબારી, અલી અકબર સાટી, મંગળાબેન વાઘેલા ચારે ઉમેદવારોને ચુટી કાઢવા માટે અપીલ કરી હતી. વોર્ડને શિક્ષિત ઉમેદવાર બી.એ વિથ ઈંગલિશ દેવાભાઈ કાનાભાઈ રબારી યુવા કાર્યકર મળ્યા છે, જેઓના નેતૃત્વ હેઠળ નવાનગરને વિકાસની સાચી દિશા મળશે. શિક્ષિત ઉમેદવારનો પ્રજાજનો ભરપૂર લાભ લે એવી ધારાસભ્ય દ્વારા અપીલ કરવામાં આવી હતી બેઠકમાં તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ કેસરાણી, મહામંત્રી હરિસિંહ રાઠોડ, જીતુભા જાડેજા, જીતેન્દ્રસિંહ જાડેજા, લાખા કરણા રબારી, રાણાભાઈ રબારી, હરેશભાઈ લોચા, મામદભાઈ ખત્રી, ગોવિંદભાઈ બડીયા, રાજેશભાઈ પલણ, ડાયાલાલ સેંઘાણી, કાળુભાઈ સંગાર, લખનભાઈ કે. રબારી, રાજાભાઈ રબારી સહિતના આગેવાનો તથા બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ભચાઉ ધાર્મિકતા, તપશ્ચર્યા અને આધ્યાત્મિક ભાવનાથી ઓતપ્રોત બન્યું

### જૈન શાસનનો ભવ્ય સામૂહિક વર્ષીતપ પારણા મહોત્સવ ઉજવાયો







ભચાઉ - કચ્છઉદય : વાગડ વિસ્તારનું મહત્વપૂર્ણ કેન્દ્ર ગણાતું ભચાઉ શહેર તાજેતરમાં ધાર્મિકતા, તપશ્ચર્યા અને આધ્યાત્મિક ભાવનાથી ઓતપ્રોત બની તપોભૂમિરૂપે ઝળહળ્યું હતું. જૈન શાસનના પવિત્ર વર્ષીતપ પારણા મહોત્સવનું અજરામર સંપ્રદાયના આચાર્ય પૂજ્ય પ્રકાશચંદ્રજી સ્વામીના પાવન સાનિધ્યમાં ભવ્ય અને ઐતિહાસિક આયોજન કરવામાં આવ્યું હતું. ચતુર્વિધ સંઘની ગૌરવસભર ઉપસ્થિતિ વચ્ચે ઉજવાયેલા આ પ્રસંગે સમગ્ર જૈન સમાજમાં આનંદ, ગૌરવ અને આધ્યાત્મિક ઉલ્લાસની લાગણી પ્રસરી ગઈ હતી.

લીંબડી અજરામર સંપ્રદાયના મહાપ્રભાવક આચાર્ય પૂજ્ય રૂપ- નવલ-રામ ગુરૂદેવોના કૃપાપાત્ર સુશિષ્ય અને શાસન પ્રભાવક આચાર્ય ગુરૂદેવ પ્રકાશચંદ્રજી સ્વામીના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજન સફળતાપૂર્વક યોજાયું હતું. સાથે જ ભચાઉના પૂજ્ય સંતો ધનેશચંદ્રજી સ્વામી, પંથકચંદ્રજી સ્વામી, નૈતિકચંદ્રજી સ્વામી અને નમસ્કારચંદ્રજી સ્વામી (ઠાણા-૫) તેમજ પૂજ્ય સૂર્યવિજય ગુરુણીના સુશિષ્યાઓ પૂજ્ય તરૂલતાકુમારી મહાસતીજી અને પૂજ્ય ધર્મેચ્છાકુમારીજી મહાસતીજી (ઠાણા-૫) સહિતના સંત - સંતીઓની ઉપસ્થિતિએ પ્રસંગને વિશેષ પવિત્રતા આપી હતી. પાવન અવસરે ૩૭ શ્રાવક - શ્રાવિકાઓએ વર્ષીતપ પૂર્ણ કરીને સમૂહમાં પારણા કરી તપશ્ચર્યાનો વિરામ લીધો હતો. ૧૮મી એપ્રિલે તપસ્વીઓ માટે આચાર્ય દ્વારા આલોચના અને કળશ પચ્ચખાણ જેવી વિધિઓ યોજાઈ હતી, જ્યારે તા. ૧૯ એપ્રિલે સવારે ભવ્ય શોભાયાત્રા ભચાઉ શહેરમાં ધાર્મિક ઉમંગ સાથે નીકળી હતી. શોભાયાત્રાનો લાભ કુમારી રિયા ભરત દોશીના વર્ષીતપ નિમિત્તે દોશી મનસુખલાલ ખીમજી બાદરગઢવાલા પરિવારે લીધો હતો.

મહોત્સવ દરમિયાન વર્ષીતપ પૂર્ણ કરનાર તપસ્વીઓના પારણાનો વિશેષ કાર્યક્રમ ભક્તિ ભાવપૂર્વક યોજાયો હતો. મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ તપસ્વીઓને વંદન કરી તેમની આરાધનાને વધાવી હતી. સમગ્ર વાતાવરણમાં ભક્તિ, શાંતિ અને આધ્યાત્મિક ઉલ્લાસની અનોખી છટા જોવા મળી હતી. આચાયશ્રીના આશીર્વચનોથી સૌએ તપ, ત્યાગ અને સંયમના માર્ગે આગળ વધવાની પ્રેરણા મેળવી હતી. તપસ્વીઓને તિલક કરવાનો લાભ ધર્મારાગી ગોમતીબેન ખીમજી કરસન ગાલાએ (પૂજ્ય પંથક મુની તથા પૂજ્ય મેહુલાબાઈના ભાભી) લીધો હતો. તપસ્વીઓને પારણા કરાવવાનો લાભ હરખુબેન દામજી ભારમલ કારિયાએ લીધો હતો, જ્યારે તપસ્વીઓને અનુમોદના કરવાનો લાભ નિર્મળાબેન દેવસિંહ ચાપસી નંદુ (પૂજ્ય ધનેશ મુનિના ભાઈ - ભાભી) દ્વારા લેવામાં આવ્યો હતો. પાવન પ્રસંગે તપસ્વીની તપસ્યાની ભાવવાહી રજૂઆત રૂપે વર્ષા મહેતા અને પ્રવીણા દોશીએ ભાવપૂર્ણ ગીત દ્વારા તપની અનુમોદના કરી હતી, જેનાથી સમગ્ર વાતાવરણ વધુ ભક્તિમય બની ગયું હતું અને ઉપસ્થિત સૌ શ્રદ્ધાળુઓ ભાવવિભોર બની ગયા હતા.

આ પ્રસંગે રૂષભદેવ ભગવાન પર આધારિત સુંદર નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડૉ. શ્રેયાંશ મહેતા, ભરતભાઈ ગાલા, ઈન્દુબેન દોશી, હસ્તી દોશી અને પ્રીતિબેન છેડા સહિતના કલાકારોએ ભાવપૂર્ણ અભિનય દ્વારા ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કર્યા હતા.

આયોજનને સફળ બનાવવા સંઘના પ્રમુખ ડૉ. લખમશી ખાંખણ નંદુ, ટ્રસ્ટી દામજીભાઈ કારિયા, મંત્રી રમેશચંદ્ર ગડા, કિરીટ ગાલા સહિતના અગ્રણીઓએ અવિરત મહેનત કરી હતી. સાથે જ આયોજનને સફળ બનાવવામાં કીર્તિ દોશી અને ભરત દોશીનો પણ મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો. લીંબડી અજરામર સંપ્રદાય ચેરિટેબલ ટ્રસ્ટના રાજેશભાઈ મહેતા, મુકેશભાઈ સંઘવી, તેજસ પટેલ, કમલેશ ગોસલિયા, કિર્તી સી. મોરબીયા અને સંજય જે. મહેતા સહિતના આગેવાનોની ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ ગૌરવ આપ્યું હતું.

૧૯ એપ્રિલના સંઘ જમણનો લાભ ગંગાબેન મનસુખલાલ ખીમજી દોશી (બાદરગઢવાલા પરિવાર) દ્વારા લેવામાં આવ્યો હતો, જ્યારે ૨૦ એપ્રિલના સંઘ જમણનો લાભ પુંજીબેન ધરમશી શિવજી નિસર દ્વારા લેવામાં આવ્યો હતો. સંઘ દ્વારા સુંદર આયોજન અને સુવ્યવસ્થિત વ્યવસ્થાપનના કારણે સમગ્ર કાર્યક્રમ ભવ્ય અને સફળ રહ્યો હતો. વર્ષીતપ પારણા મહોત્સવે સમાજમાં આધ્યાત્મિકતા, સંસ્કાર અને તપના મૂલ્યોને વધુ મજબૂત બનાવ્યા છે અને સમાજને આત્મશુદ્ધિ તથા આધ્યાત્મિક જીવન તરફ આગળ વધવા માટે પ્રેરિત કર્યો છે.

પરમ પૂજ્ય ગુરૂ ભગવંતો ૨૩ એપ્રિલે ગાંધીધામ પધારવાના ભાવ સાથે આગળ કંઠી તરફ વિહાર કરી સમાઘોઘા ખાતે ચાતુર્માસ અર્થે પધારવાના ભાવ ધરાવે છે. સામૂહિક વર્ષીતપના આ ભવ્ય પારણા મહોત્સવે ભચાઉના ધાર્મિક ઈતિહાસમાં એક યાદગાર અધ્યાય રૂપે સદાય માટે સ્થાન મેળવ્યું છે.

# જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, કચ્છ દ્વારા 'વિશ્વ પૃથ્વી દિવસ'ની ઉજવણી





ભુજ - કચ્છઉદય : ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદ તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ભુજ-કચ્છના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં સમગ્ર જિલ્લામાં વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે પર્યાવરણ જાળવણી અને જનજાગૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી અંતર્ગત વિવિધ તાલુકાઓમાં વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન તેમજ કાનૂની પ્રશિક્ષણ શિબિરો યોજવામાં આવેલ હતી.

તાલુકા કાનૂની સેવા સમિતિ, નખત્રાણા દ્વારા મોટા આંગિયા ગ્રામ પંચાયત કચેરી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં પેનલ એડવોકેટ નિકેશભાઈ ઠક્કર અને પીએલવી મુક્તાબેન નાથબાવા દ્વારા પૃથ્વીના સંરક્ષણ અંગે માર્ગદર્શન અપાયું હતું.

આ ઉપરાંત માંડવી કોર્ટ કેમ્પસ મધ્યે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એડવોકેટ એમ. આઈ. ઘાંચીએ કેમ્પસની અંદર સફાઈ અભિયાન ચલાવ્યું હતું તેમજ આપણી પર્યાવરણીય જવાબદારીઓ વિશે લોકોને સમજણ આપી હતી. આ સિવાય તાલુકા કાનૂની સેવા સમિતિ, ભુજ દ્વારા હોસ્પિટલ રોડ અને સનાતન ચોક, મુન્દ્રા રિલોકેશન સાઈટ, ભુજ-કચ્છ ખાતે કાનૂની જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. એડવોકેટ કે. એલ. અજાણી અને કે. જે. કંસારા દ્વારા પૃથ્વી દિવસના મહત્વ પર બાળકોને જાગૃત કરવામાં આવ્યા હતા. ઉપરાંત મુન્દ્રાની કન્યા શાળા ખાતે પુન:પ્રાપ્ય ઉર્જા અને સામૂહિક જવાબદારીના વિષય પર કાનૂની જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં પીએલવી મનિષાબા જાડેજા અને અમીન નરેજાએ ૧૨૦ જેટલી વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સાથે-સાથે તાલુકા કાનૂની સેવા સમિતિ, ગાંધીધામ, રાપર અને દયાપર દ્વારા પણ કાનૂની જાગૃતિ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ વિવિધ તાલુકા કાનૂની સેવા સમિતિઓ દ્વારા સફળતા પૂર્વક કાનૂની જાગૃતિ શિબિરો યોજી લોકોને પોતાના અધિકારોની સાથે-સાથે પર્યાવરણ પ્રત્યે પોતાની ફરજો માટે સંકલ્પબદ્ધ કર્યા હતા.

# નાગપુરમાં વરિષ્ઠ નાગરિકો માટે વિદર્ભ સ્તરીય ગીત ગાયન સ્પર્ધા યોજાઈ



નાગપુર : અહીંના રેશિમબાગ સ્થિત સુરેશ ભટ્ટ સભાગૃહમાં ગુર્જર પુષ્પ ગુજરાતી સાપ્તાહિકના ૩૦ વર્ષના ગૌરવશાળી પ્રવાસના ઉપલક્ષમાં અખિલ ભારત ગુજરાતી સમાજના સહયોગથી વરિષ્ઠ નાગરિકો માટે વિદર્ભ સ્તરીય ગીત ગાયન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે ૧૮૦૦ જેટલા શ્રોતાઓની ઉત્સાહપૂર્ણ ઉપસ્થિતિ રહી હતી, જેમાં ૫૦ થી ૬૦ વર્ષ અને ૬૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ કલાકારોએ પોતાની કલાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે સ્વર સામ્રાજ્ઞી આશા ભોંસલેજીને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને પસંદ થયેલા ૩૦ વરિષ્ઠ કલાકારોને પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા.

આ આયોજનની સફળતા બદલ જલારામ મંદિર ટ્રસ્ટ દુર્ગના અધ્યક્ષ દિલીપભાઈ લાખાણીએ ગુર્જર પુષ્પ અને આયોજક મંડળ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ સ્પર્ધાએ વરિષ્ઠ કલાકારોને એક નવું મંચ અને સન્માન પૂરું પાડ્યું છે જે સમાજ માટે પ્રેરણારૂપ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સૂત્રધાર મગનભાઈ ઠક્કર, હરેન્દ્રભાઈ તન્ના, દિલીપભાઈ લાખાણી, ડો. રક્ષાબેન ઠક્કર તેમજ સંચાલક રક્ષિત તન્નાએ નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત સંયોજક જયપ્રકાશ માલવિયા, હેમાબેન રાજા, મનોજ જોબનપુત્રા, દીપાબેન ગણાત્રા, જયંતીલાલ રાજા, મનીષભાઈ ગંદેચા, ભાવેશ ભૂપતાની, મનોજભાઈ આયા અને ડો. સોનુ જેસવાની સહિતના સમર્પિત કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# પ્રચાર દરમિયાન સહયોગનગરમાં ગંદકી : નાગરિકોના વિરોધ બાદ સ્થળ પર સફાઈ

### પ્લાસ્ટિક બોટલ અને કપ રસ્તા પર ફેંકાતા સ્થાનિકોમાં રોષ, સ્વચ્છતા મુદ્દે પ્રશ્નો ઊઠ્યા

ભુજ, કચ્છ ઉદય : શહેરના સહયોગનગર (વોર્ડ નં. ૮) વિસ્તારમાં ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર માર્ગ પર કચરો ફેંકાતા સ્થાનિક નાગરિકોમાં અસંતોષ અને રોષ જોવા મળ્યો હતો. પ્રચાર દરમિયાન પ્લાસ્ટિકની પાણીની બોટલો તથા ચાના કપ રસ્તા પર ફેંકી દેવામાં આવ્યા હતા, જેના કારણે આખા વિસ્તારમાં ગંદકી ફેલાઈ ગઈ હતી. આ ઘટનાને લઈને સ્થાનિક રહેવાસી હિનાબેન ગોસ્વામીએ તાત્કાલિક વિરોધ નોંધાવ્યો હતો. તેમણે પ્રચારમાં જોડાયેલા કાર્યકરોને રોકી આ બેદરકારી અંગે પ્રશ્નો પૂછ્યા હતા અને સ્થળ પર જ સફાઈ કરાવડાવી હતી. તેમના આ પગલાને આસપાસના રહેવાસીઓએ પણ સમર્થન આપ્યું હતું. સ્થાનિક નાગરિકોએ જણાવ્યું હતું કે જાહેર સ્થળો પર સ્વચ્છતા જાળવવાની જવાબદારી સૌની છે, પરંતુ આવા પ્રસંગોમાં જ ગંદકી ફેલાવવી યોગ્ય નથી. એક તરફ સ્વચ્છતા અભિયાનના દાવા કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ આવી બેદરકારી જોવા મળવી દુર્ભાગ્યપૂર્ણ ગણાઈ રહી છે. આ ઘટનાએ સ્વચ્છતા જાળવણી અને જાહેર શિસ્તના પાલન અંગે ફરીથી ચર્ચા જગાવી છે. સ્થાનિકોએ આવા પ્રસંગોમાં વધુ જવાબદારીપૂર્વક વર્તન કરવાની અપીલ કરી છે.

# અદાણી ફાઉ. દ્વારા મુન્દ્રા તાલુકામાં બાગાયતી ખેતીને પ્રોત્સાહન

### સીઈઆર કાર્યક્રમ હેઠળ સ્થાનિક ખેડૂતોને બાગાયતી રોપાઓની ખરીદી માટે આર્થિક સહાય




ગાંધીધામ - કચ્છ ઉદય : વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણીના ભાગરૂપે અદાણી ફાઉન્ડેશન અને મુન્દ્રા પેટ્રોકેમ લિમિટેડનાસહયોગથી મુન્દ્રા તથા આસપાસના વિસ્તારોમાં બાગાયતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે પહેલ હાથ ધરવામાં આવી જે અંતર્ગત બાગાયતી રોપાઓનું વાવેતર કરતા ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવામાં આવી હતી.

સીઈઆરકાર્યક્રમ હેઠળ સ્થાનિક ખેડૂતોને બાગાયતી રોપાઓની ખરીદી માટે ટોકન સ્વરૂપે રૂપિયા ૧૦,૦૦૦ ની સહાય આપવામાં આવી છે.વર્ષ દરમિયાન કુલ આશરે ૧૭૦ જેટલા ખેડૂતો દ્વારા બાગાયતી રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોને આર્થિક રીતે સશક્ત બનાવવાનો તેમજ મુન્દ્રા-માંડવી તાલુકામાં ટકાઉ અને વૈવિધ્યપૂર્ણ ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાનો છે, જે માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મુન્દ્રાના વૈજ્ઞાનિક જે.ડી. ગોસ્વામીએ ખેડૂતોને વર્તમાન પાકોની પસંદગી, સંભાળ અને કચ્છના હવામાનને અનુકૂળ બાગાયતી ખેતી વિશે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમને સંબોધન કરતાં અદાણી પોર્ટસના એકઝીક્યુટિવ ડાઈરેક્ટર શ્રી રક્ષિત શાહએ ખેડૂતોને વધુમાં વધુ બાગાયતી પાકોનું વાવેતર કરવા અને કચ્છના ફળોને રાજ્યભરમાં ઓળખ મળે દિશામાં પ્રયત્નો કરવા પ્રેરણા આપી હતી. અદાણી ફાઉન્ડેશનના પંકતિ શાહએ જણાવ્યું કે સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ બાગાયતી ખેતી અપનાવી વધુ ખેડૂતો આ યોજનાનો લાભ લે તે જરૂરી છે.

પ્રસંગે આસપાસના ગામોના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, અને કાર્યક્રમને ઉત્સાહ પૂર્વક આવકાર્યો હતો. અદાણી ફાઉન્ડેશન દ્વારા આવી પહેલો દ્વારા સ્થાનિક ખેડૂતોની આવકમાં વધારો, પર્યાવરણીય સંતુલન જાળવણી અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે. અદાણી ફાઉન્ડેશન દ્વારા મુન્દ્રા પેટ્રોકેમ લિમિટેડના આ પહેલ હરિયાળી આજીવિકા અને પર્યાવરણ સંરક્ષણ તરફનું મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ રહી છે.

# કચ્છમાં મતદાનનું કાઉન્ટડાઉન શરૂ : કર્મીયોગીઓએ બુથો પર મોરચો સંભાળ્યો

**જિલ્લાના ડિસ્પેચીંગ સેન્ટરો પરથી ઈવીએમ, વીવીપેટ, સ્ટેશનરી સહિતની સામગ્રી સાથે સ્ટાફ પહોંચ્યો મતદાન મથકો પર : આજે સાંજથી ૧૪૫૪૯ કર્મચારીઓ મતદાન મથકો પર થશે તૈનાત : આવતીકાલે સવારે ૭ થી સાંજે ૬ સુધી લોકશાહીના મહાપર્વની ઉજવણી**





સેન્ટરો પરથી ઈવીએમ, વીવીપેટ, સ્ટેશનરી સહિતની સામગ્રી સાથે કર્મયોગીઓ સાથેનો સ્ટાફ બુથો પર મોરચો સંભાળવા માટે રવાના થયો



આરોગ્ય કર્મચારીઓ

## જિલ્લામાં ૧૫.૪૯ લાખથી વધુ મતદારો રવિવારે મતાધિકારનો કરશે ઉપયોગ : નગરપાલિકા વિસ્તારના ૨૭૦, ગાંધીધામ મહાનગરપાલિકાના ૨૩૪ અને તાલુકા - જિલ્લા પંચાયતના ૧૩૬૨ મતદાન મથકો પર મતદાન

ભુજ - કચ્છઉદય : કચ્છની સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી માટે રવિવારે એટલે કે આવતીકાલ ૨૬ એપ્રિલે મતદાન યોજાવાનું છે ત્યારે મતદાનની કામગીરીની સુપેરે પાર પાડવા મુખ્ય જિલ્લા ચૂંટણી અધિકારી અને કચ્છ કલેકટર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ આજે વહેલી સવારથી જિલ્લાના ડિસ્પેચીંગ સેન્ટરો પરથી ઈવીએમ, વીવીપેટ, સ્ટેશનરી સહિતની સામગ્રી સાથે કર્મયોગીઓ સાથેનો સ્ટાફ બુથો પર મોરચો સંભાળવા માટે રવાના થયો છે.

આ અંગેની વિગતો મુજબ ગાંધીધામ મહાનગરપાલિકા, ભુજ, માંડવી, મુંદરા, અંજાર અને નખત્રાણા નગરપાલિકા, તેમજ જિલ્લા પંચાયત અને નવ તાલુકા પંચાયતોની ૪૨૨ બેઠકો માટે આવતીકાલે ૨૬મીએ મતદાન યોજાવાનું છે. આ ચૂંટણી માટે ૮૯૫૪ પોલીંગ સ્ટાફ, ૫૩૬૧ પોલીસ જયારે ઝોનલ અધિકારી, મદદનીશ ઝોનલ અધિકારી ૨૩૪ મળી કુલ્લ ૧૪૫૪૯ અધિકારી - કર્મચારીઓ ચૂંટણી ફરજમાં જોડાયા હોઈ આજે સવારથી જિલ્લામાં નિર્ધારીત કરેલા ડિસ્પેચીંગ સેન્ટરો પરથી જિલ્લા ચૂંટણી અધિકારી અને નાયબ ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ બીયુ, સીયુ સાથે અન્ય ચૂંટણી સાહિત્ય લઈ સ્ટાફ તેઓના નિર્ધારીત મતદાન મથકો પર મોરચો સંભાળવા માટે રવાના થયો હતો. ભુજ સરકારી એન્જીનીયરીંગ કોલેજના ડીસ્પેચીંગ સેન્ટર ખાતેથી ભુજ પ્રાંત અધિકારી એ. બી. જાદવે વિગતો આપતા જણાવ્યું કે, આવતીકાલે કચ્છ જિલ્લા પંચાયત, ગાંધીધામ મહાનગરપાલિકા, પાંચ નગરપાલિકા અને નવ તાલુકા પંચાયતની ૪૨૨ બેઠકો માટે મતદાન યોજાવાનું છે. આ ચૂંટણીમાં ૧૦૬૫ ઉમેદવારો મેદાને છે અને જિલ્લાના ૧૫.૪૯ લાખ મતદારો પોતાના પ્રતિનિધિને ચૂંટવા માટે આવતીકાલે સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન કરશે. ચૂંટણી પ્રક્રિયામાં નવ તાલુકા પંચાયત માટે ૧૩૬૨, પાંચ નગરપાલિકા માટે ૨૭૦ અને ગાંધીધામ મહાનગરપાલિકા માટે ૨૩૪ મળી કુલ્લ ૧૮૬૬ મતદાન મથકો પર મતદાન માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ માટે ૮૯૫૪ પોલીંગ સ્ટાફ, ૫૩૬૧ પોલીસ સ્ટાફ, ૨૩૪ ઝોનલ અધિકારી મળી કુલ્લ ૧૫૫૪૯ કર્મચારીઓ ચૂંટણી ફરજમાં જોતરાશે. જિલ્લામાં ૨૬ સ્ટ્રોંગ રૂમ અને ૨૮મીએ યોજાનારા મત ગણતરી માટે ૨૫ કેન્દ્રો પર વ્યવસ્થા કરવામાં આવશે. હાલે ગરમીનું પ્રમાણ અસહ્ય છે ત્યારે મતદાન કરવા આવનારા મતદારો તેમજ ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓને કોઈ સમસ્યાનો સામનો કરવો ન પડે તે માટે આરોગ્ય તંત્ર પણ સજ્જ રહેશે. તમામ મતદાન મથકો પર મંડપ, પાણી, મેડીકલ સ્ટાફની સુવિધા રહેશે. ચૂંટણી કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓને કુલ્લ ત્રણ તાલીમ આપવામાં આવે છે. તે પૈકીની આજે અંતિમ તાલીમ પણ અપાઈ હતી.




# Bhoomi Pujan & Foundation Ceremony

The Indian Planetary Society and Kutchmitra District Community Science Centre cordially invite you to grace the auspicious Bhoomi Pujan and Foundation Ceremony of the



Maharao Pragmulji - III Planetarium

to be officiated by

Maharani Priti Devi of Kutch



Your presence will grace the occasion and inspire our mission to advance astronomy, astrophysics and space science education.

Date: 26-04-2026, Sunday | Time : 10:00 AM

:: Venue ::
Aditi Nagar, Plor No. 26-34, Khavda Road, (White Ran) Palara, Bhuj-Kutch, Gujarat, Bharat.
Phone: 98209 90784 Phone: 79844 84561



The Indian Planetary Society | भारतीय ग्रहमालिका संगठन | Established: December, 2000


**ધી ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી (IPS), મુંબઈ સંચાલિત અને**
ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ગુજરાત સરકાર માન્ય

## કચ્છમિત્ર જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર, ભુજ-કચ્છ

**મહારાવ પ્રાગમલજી - III પ્લેનેટેરીયમ હસ્તે મહારાણી પ્રીતિ દેવી**

**ભારતના સપૂત શ્રીમાન કાન્તિસેન શ્રોફ (કાન્તિ કાકા) અને ચંદા કાકી**

ઓડિટોરિયમ, સૂર્ય વેધશાળા અને તારાની વેધશાળા
ડો. મોહનભાઈ આઈ. પટેલ (D.Sc.) જ્ઞાન વિજ્ઞાન ગુરુકુલમ



## કચ્છના મહારાણી પ્રીતિ દેવી

ના કરકમલો દ્વારા ભૂમિપૂજન અને શીલાન્યાસ વિધિ પ્રસંગે સંસ્થાના શુભચિંતકો - સભ્યો સાથે પધારી શોભામાં અભિવૃદ્ધિ કરવા સ્નેહભર્યું આમંત્રણ.

**કચ્છનો આ પ્રકલ્પ કચ્છના મહારાણી Her Highness પ્રીતિ દેવી સહિતના કચ્છ અને મુંબઈના શ્રેષ્ઠીઓની આર્થિક સહાયથી ઉભો થવાનો છે.**



વિકસિત ભારત મત તો ભાજપને | સમર્થ ભારત મત તો ભાજપને

# ભારતીય જનતા પાર્ટી

## ગાંધીધામ મહાનગર



આપનો મત વિકાસનો મજબૂત નિર્ણય

જનસમર્થન ભાજપને વિકાસને

'વિકસિત ભારત''ના સંકલ્પને સાકાર કરવા અને આપણા વિસ્તારના સર્વાંગી વિકાસ માટે આપનો પવિત્ર અને કિંમતી મત ફક્ત અને ફક્ત ભારતીય જનતા પાર્ટીની પેનલને આપી વિજય બનાવવા વિનંતી સહ ભારતના નવનિર્માણમાં ભાગીદાર બનવા માટે પેનલ ટુ પેનલ મતદાન કરી વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવા આપ સૌના સહકારની અપેક્ષા સહ...

વંદે માતરમ્... ભારત માતા કી જય...

લિ.

- **શ્રી દેવજીભાઈ વરચંદ** (પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા ભાજપ)
- **શ્રી વિનોદભાઈ ચાવડા** (સાંસદશ્રી, કચ્છ-મોરબી લોકસભા મત વિસ્તાર)
- **શ્રીમતી માલતીબેન મહેશ્વરી** (ધારાસભ્ય, ગાંધીધામ)
- **શ્રી ધવલભાઈ આચાર્ય** (મહામંત્રીશ્રી, કચ્છ જિલ્લા ભાજપ)
- **શ્રી મોમાયાભાઈ ગઢવી** (ચૂંટણી ઈન્ચાર્જ)
- **શ્રી મધુકાન્તભાઈ શાહ** (સહચૂંટણી ઈન્ચાર્જ)
- **શ્રી બાબુભાઈ ગુજરીયા** (સહચૂંટણી ઈન્ચાર્જ)
- **શ્રી દેવેન્દ્રસિંહ જાડેજા** (પ્રમુખશ્રી, ગાંધીધામ તાલુકા ભાજપ)
- **શ્રી મહેન્દ્રભાઈ જુણેજા** (મહામંત્રીશ્રી, ગાંધીધામ શહેર ભાજપ)

**ભારતીય જનતા પાર્ટી, ગાંધીધામ મહાનગર**


**ક્લોથસ મેજરમેન્ટની અમદાવાદ ડીઆરઆઈ કરે ઉંડી તપાસ!**

# કાસેઝમાં ફેબ્રીક કૌભાંડનો કેમ થયો ઘટસ્ફોટ?

## શાબાશી આપો મુંબઈ ડીઆરઆઈની ટીમને.!

**અમદાવાદ ડાયરેકટર ઓફ રેવેન્યુ ઈન્ટેલીજન્સ દ્વારા** કંડલા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનમાં સોપારી દાણચોરી બાદ **શ્રી ક્રીષ્ન**ના બહાને **ફેબ્રીક દાણચોરી**માં પણ **સાર્થક** બનવા માંગતી **મહેશ ટોળકી**ને લીધી બરાબરની **સાણસામાં!** : દીલ્હીના ઈમ્પોર્ટરે મુંબઈના બદલે મહેશને ઝોનમાં કામ સોપ્યું ને પકડાયો માલ.!

**પીયુ-પીવીસી કોટીંગમાં ફેબ્રીકમાં ડયુટીના આવતા તગડા ફેરનો ગેરલાભ ઉઠાવ જતા મહેશ આણી ટોળકી એજન્સીના આવી ગઈ રડારમાં : મુંબઈ ડીઆરઆઈના ઈનપુટસથી અમદાવાદને કાસેઝમાં દોડાવાઈ : અમદાવાદ ડીઆરઆઈએ અનેકવિધ સેમ્પલો લઈ વિશ્વાસુ લેબમાં મોકલાવાયા : સેમ્પલ આવ્યા બાદ પેનલ્ટી સાથે ડયુટી ફટકારવાની થઈ શકે છે કડક કાર્યવાહી**

ગાંધીધામ : દેશના મહાબંદરને અડીને આવેલા કંડલા સ્પેશ્યલ ઈકોનોમીક જોન હાલમાં ફરીથી ચર્ચાના એરણે છે. એક તો અહીના ઈન્ચાર્જ કડક અને પ્રજાભીમુખ તટસ્થ ડીસી શ્રી પાટીલ દ્વારા લેવાઈ રહેલા વિકાસલક્ષી પગલાઓની ચર્ચાઓ ઠેર ઠેર થવા પામી રહી છે ત્યારે બીજીતરફ કાસેઝમાં આધોઈ સોપારી કાંડ અને તે બાદ હવે અમદાવાદ ડીઆરઆઈ દ્વારા ફેબ્રીકના થોકબંધ કન્ટેઈનરોને અટકાવીઅ ને સબંધિત વેરહાઉસ સહિતનાઓના લીધેલા પુછાણાઓનો મુદો હોટટોપીક બની જવા પામ્યો છે. કાસેઝમાં બે રોજ પહેલા અમદાવાદ ડીઆરઆઈ આવી અને એક યુનિટના સંચાલક, વેરહાઉસ સંચાલકના કલાકો સુધી પુછાણા લીધા હતા. ફેબ્રીકના કન્ટેઈનરો મુંદરામાં અને તે બાદ એકાદ કન્ટેઈનર ઝોનમાં અટકાવી અને તે સંદર્ભેની તપાસ હાથ ધરવામા અવી હતી. આ મામલે મળતી વધુ માહીતી અનુસાર પીયુ અને પીવીસી કોટીંગની વચ્ચે ડયુટીનો તગડો તફાવત રહેલો છે જેનો ગેરલાભ લઈ અને મોટી ડયુટીચોરી આચરવાનો પ્રયાસ થયો હોવાનુ મનાય છે. અહી જાણકારો કહી રહ્યા છે કે, મુંદરામાં થોકબંધ કન્ટેઈનર અને જોન સુધી તેનો રેલો લંબાવવો? આ આખુય કાંડ આવ્યુ કેવી રીતે પ્રકાશમાં? તેની જો વાત કરીએ તો મુંબઈ ડીઆરઆઈ પાસે સ્પેશસીક માહીતી રહેલી હતી અને મુંબઈ ડીઆરઆઈ દ્વારા અમદાવાદ યુનિટને આ ચોકકસ માહીતી આપવામાં આવી અને તે બાદ તપાસ કાસેજ સુધી પહોચી છે. કહેવાય છે કે, દીલ્હીનો મુળ ઈમ્પોર્ટસ અત્યાર સુધી મુંબઈમાં જ આ ચીજવસ્તુઓની આયાત કરતો હતો પરંતુ અચાનક તેણે મહેશની ટીમને ઝોનમાં આ કામ સોપતા જ એજન્સીના રડારમાં તે આવી ગયો હોવાનુ મનાય છે.

આ કેસમાં મળતી વધુ વિગતો અનુસાર અમદાવાદ ડીઆરઆઈનાઅધિકારીઓ દ્વારા મહેશ અને તેના સ્ટાફ સહિતનાઓની મેરેથોન પુછતાછ કર્યા બાદ સબંધિત યુનિટમાંથી એકાદ-બે નહી પણ થોકબંધ સેમ્પલો ડ્રો કરવામાં આવ્યા છે અને તે સેમ્પલોને ડીઆરઆઈએ પોતાની વિશ્વાસુ લેબમાં પૃથકરણ માટે મોકલી આપ્યા હોવાનુ મનાય છે. આ સેમ્પલોનો રીપોર્ટ આવી ગયા બાદ વેરહાઉસ વાળા સહિતનાઓની સામે કાર્યવાહી થવા પામી શકે છે. આ ઉપરાંત પેનલ્ટી સાથે તગડી ડયુટીની પણ ફટકાર લાગવાના ભણકારા હાલતુરંત દર્શાઈ રહ્યા છે. આ આખય પ્રકરણમાં મુંબઈની ડીઆરઆઈ અને તેના અધિકારીને શાબાશી આપવી જોઈએ. સતત જીણવટભર્યા એનાલીસ મુંબઈ ડીઆરઆઈ દ્વારા કરાયુ અને દિલ્હી-મુંબઈથી કાસેઝ-કચ્છ સુધી ફેલાયેલ આ ફેબ્રીકના કપડાના કાળા કારોબારનો પર્દાફાશ થવા પામી શકયો છે. જો હવે આ કેસની તપાસ વધારે ઘનિષ્ઠ થશે તો કાસેઝના અગાઉ સોપારી દાણચોરીમાં બહુચર્ચિત રહી ચુકેલા મહેશ અને તેની પાછળના અન્ય દાણચોરી કરનારાઓના ચહેરા પણ ચોકકસથી બેનકાબ થવા પામી જશે તેમ કહેવુ અસ્થાને નહી ગણાય.


# જાહેર અપીલ



**શ્રી વી.કે. હુંબલ**
**પ્રમુખ, કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિ**

વ્હાલા કચ્છવાસીઓ,

આવતીકાલે તા. ૨૬/૦૪/૨૦૨૬ને રવિવારે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે મતદાનનો પવિત્ર દિવસ છે. સર્વે કચ્છવાસીઓ ખરા અર્થમાં લોક સ્વરાજયની સ્થાપના માટે કચ્છની ગાંધીધામ મહાનગરપાલિકા, પાંચ નગરપાલિકા, કચ્છ જિલ્લા પંચાયત અને ૯ તાલુકા પંચાયતોની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોની તરફેણમાં અચૂક મતદાન કરી જંગી બહુમતીથી વિજયી બનાવવા અપીલ કરૂં છું.

**મતદાન એ આપણા સૌની નૈતિક ફરજ છે. આવતીકાલે આપણે સૌ અચૂક મતદાન કરીએ.**

લિ.

**વી.કે. હુંબલ (પ્રમુખ, કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિ)**